સળંગ અંક ૪૮૧


કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ

આવતી કાલનાં
નાગરિકોનું
માસિક

વર્ષ ૪૧ · અંક ૧
જાન્યુઆરી ૧૯૬૪

તંત્રી
બચુભાઈ
રાવત



સોળમી સંવત્સરીએ

જેણે જીવનને સંપૂર્ણ રૂપમાં જોયું હોય અને જેણે પોતાની જાતને સંપૂર્ણ માનવજાતિની સેવામાં અર્પણ કરી હોય એવો જો કોઈ પુરુષ પૃથ્વી ઉપર થયો હોય તો એ અવશ્યમેવ ગાંધીજી હતા.

વાચકો લખે છે

'કુમાર'માં 'આકર્ષક વૃક્ષો' એ મારો લેખ આવેલો જોયો. ધન્યવાદ.

એમાં જમશેદપુર પાસે નદીના સંગમને કિનારે જે ઝાડનો ઉલ્લેખ છે, તેના ફોટો જડતા ન હતા. એ હવે જડ્યા છે. એ છે. લેખ છપાયા પછી એ ફોટો 'કુમાર'માં છાપવામાં એટલું સ્વારસ્ય ન રહે. છતાં તમે ઇચ્છો તો મોકલીશ.

'કુમાર' હું તો જોઉં જ છું, પણ અહીં અનેક લોકો એ રસપૂર્વક વાંચે છે. આ વખતના 'કુમાર' ઉપર મેઘદૂતિકાનું જે ચિત્ર છે તે કળાની દૃષ્ટિએ મને ખૂબ ગમ્યું.

(નવી દિલ્હી) —કાકા (સાહેબ કાલેલકર)

[*ફોટોગ્રાફ આ નીચે છાપ્યો છે.]

'કુમાર'ના 'કંકાવટી' વિભાગથી સંતોષ થયો છે. પણ તેમાં ભરત-ગૂંથણની જગ્યાએ ઘરમાં ઉપયોગી થાય તેવી ચીજો, વાનગીઓ વ૦ આપતા રહો તો ? આ સાથે હું બહેનોને બહુ ઉપયોગી થાય એવું કંઈક મોકલું છું:

અત્યારે શિયાળામાં લીંબુ પુષ્કળ મળે છે. થોડાં લીંબુનો રસ કાઢી, એક બિલોરી કાચની બરણીમાં ખાંડ ભરી, ઉપરથી લીંબુનો રસ (ગાળીને) રેડતા જવું. તળિયા સુધીની ખાંડ ભીની થઈ જાય ત્યાં સુધી રેડવું. આ ખાંડ ઉનાળા સુધી કે તેથી પણ વધારે સમય રહી શકે છે. જ્યારે શરબત કરવું હોય ત્યારે તેમાંથી થોડી એ ભીની ખાંડ લઈ પાણીમાં ઓગાળવાથી શરબત તૈયાર થશે.

(મુંબાઇ) —સરોજ મોદી

'કુમાર'માંના લેખ માટે આભાર. આ તો તમારું એટલું ધ્યાન દોરવા લખું છું કે અમારી સંયુક્ત છબિ (એમાં જણાવ્યા પ્રમાણે) ૧૯૨૩માં લેવાઈ ન હતી. ત્યારે અમે પરણ્યાં પણ ન હતાં. પરંતુ એ છબિ શ્રી મુનશીના ૫૦મા કે ૬૦મા જન્મોત્સવ વેળા લેવાઈ હતી.

(મુંબાઈ) —લીલાવતી મુનશી

છેલ્લા અંકમાં મુનશીજી વિશેના લેખમાં મોટું લેખકોનું ગ્રૂપ છે તેને તમે 'ગુર્જરસભાના સભ્યો' નામ આપેલું છે. આ ખોટું છે. એમાં ધનસુખલાલ પણ છે, અને એ કદાપિ ગુર્જર સભાના સભ્ય ન હતા. એ ગ્રૂપ તો છે રમણીયરામના 'સમાલોચક'ના લેખકોનું ગ્રૂપ.

બીજું, અતિલક્ષ્મીની છબી નીચે સાલ ૧૯૨૩ ની છે તેમજ મુનશીજી અને લીલાવતીની જોડિયા-છબિ નીચે પણ સાલ ૧૯૨૩ છે. આ ૧૯૨૩ની સાલ ખોટી છે. એ બીજી છબિ બહુ પાછળની છે.

(સાન્તાક્રુઝ) —ધનસુખલાલ મહેતા



જમશેદપુરમાં નદી-સંગમ પર સાષ્ટાંગ દંડવત્ સૂતું વૃક્ષ

મારો ૬ વર્ષનો પુત્ર પથારી પલાળતો હતો. મારા સ્નેહી અને મુરબ્બી ડૉક્ટરની સલાહ લેતાં તેમણે ઍલોપથીની ખર્ચાળ પદ્ધતિમાં

પડવાને બદલે તેને રાત્રે પેશાબ કરાવીને સુવાડવાની તથા મોડી રાતે જગાડી પેશાબ કરાવવાની સલાહ આપી, જે નિયમિત પાળી શકાતી નહોતી. એક વૈદરાજે દૂધમાં કૅલ્શ્યમ આપ્યું, પણ કંઇ ફાયદો થયો નહિ અને તેની આ કુટેવથી અમે ચિંતિત રહેતાં.

'કુમાર'ના નવેમ્બરના અંકમાં જણાવેલો અજમાનો પ્રયોગ શરૂ કર્યો. ત્રણચાર દિવસમાં જ ફાયદો જણાયો. આજે ત્રણ અઠવાડિયાં સુધીમાં એક પણ દિવસ પથારી પલાળવાનો પ્રસંગ બન્યો નથી. બાળક પણ દરરોજ માગીને હોંશેહોંશે ખાય છે, કારણ કે તે પણ શરમ અને ઠપકામાંથી મુક્ત થયો છે.

(વીસનગર) —એક વાચક

નવેમ્બર માસના ત્રિરંગી મુખચિત્ર 'ઇન્દુમતીનું મૃત્યુ'ના જ વિષયના એક ચિત્રનો ફોટો આ સાથે મોકલું છું. તે કોકિલાબેન ભાગવતનું છે. ઉજ્જૈનમાં છેલ્લાં પાંચ-છ વર્ષથી કાલિદાસની કૃતિઓ પરથી તૈયાર કરેલાં ચિત્રોનાં પ્રદર્શન યોજાય છે, તે માટે આ રઘુવંશના ૮મા સર્ગમાંથી તૈયાર કરેલું છે. ચિત્રનો વિષય છે 'ઇન્દુમતીનું મૃત્યુ'. અજ અને ઇન્દુમતી ઉપવનમાં વિહાર કરતાં હોય છે, તે સમે નારદ હાથમાં વીણા લઇને આકાશમાર્ગે તે ઉપવન પરથી પસાર થાય છે. તેની વીણા પર લટકાવેલી પારિજાત પુષ્પની માળા અચાનક વિહાર કરતી ઇન્દુમતીની છાતી પર પડે છે, ને તત્કાળ તે મૃત્યુ પામે છે. એ પ્રસંગ આ ચિત્રમાં



અંકિત છે. જેવી માળા પડે તેવી જ તે મૃત્યુ પામે છે. રાજાના અંકમાં મૃત્યુ પામેલી ઇન્દુમતીનું શરીર છે. છાતી પર પડેલી માળા હજી એમ ને એમ જ છે. ઇન્દુમતી જે બકુલ ફૂલની માળા ગૂંથતી હતી તે અરધી જ હજી એમ ને એમ પડી છે. અજ કરુણભાવે મૃત ઇન્દુમતીના મુખ સામે જોઈ રહ્યો છે.

(ભાવનગર) —ખોડીદાસ પરમાર

કુમાર અંક ૪૮૦, પાનું ૫૨૨: બંદા કનક લિંગેશ્વરરાવ તો મારા દોસ્ત થાય. તે ઉપર છે; અને નીચેનો પિલ્લે હોવો જોઇએ પણ બંદાનું લખાણ પિલ્લે સાથે તથા પિલ્લેનું બંદા સાથે છપાયું છે. હું એને ત્યાં વિજયવાડામાં રહી પણ આવ્યો છું.

(વડોદરા) —ચન્દ્રવદન મહેતા

૪૮૦મા અંકમાં ૫૨૧મા પાના ઉપર જણાવ્યું છે કે પંડિત ઓમકારનાથ ઠાકુરનો જન્મ ઈ. ૧૮૯૭માં ભાદરણમાં ન ભૂલતો હોઉં તો અગાઉ પંડિત ઓમકારનાથે સ્પષ્ટતા કરી હતી કે સૌરાષ્ટ્રમાં ઉના-દેલવાડા તેમનું જન્મસ્થાન છે. સાચું વિધાન શું?

(ઉના) —ચંદુ વાઘેલા

[*અલબત્ત પંડિતજીનું જ; આ બંને માહિતી સરકારી માહિતી કચેરી પરથી મળેલી તે મુજબ સંપાદનખાતાએ છાપી. એ અમારી ભૂલ.]

ઋણસ્વીકાર તથા ક્ષમાપ્રાર્થના

'કુમાર'ના ડિસેમ્બર ૧૯૬૦ના અંકમાં આવેલા 'વિમાનનો વડવો પતંગ' નામના લેખમાંની માહિતીઓ સુરતના 'ગુજરાતમિત્ર દૈનિક'માં 'પતંગનો રોમાંચક ઇતિહાસ' એ નામથી આવેલી શ્રી દાસબહાદુર વાઇવાલાની લખેલી લેખમાળામાંથી તારવવામાં આવેલી તેનો ઉલ્લેખ ત્યાં કરવાનો રહી ગયો છે એ બાબત તરફ શ્રી વાઈવાલાએ અમારું ધ્યાન ખેંચ્યું છે. એ માટે અમે એમના આભારી તથા ક્ષમાપ્રાર્થી છીએ. —તંત્રી

ગયા (ડિસેમ્બર) અંકમાંની શ્રી કનૈયાલાલ મુનશીની સાદી તથા રંગીન તસવીરો ભારતીય વિદ્યાભવન-મુંબઈના સૌજન્યથી મળી હતી.

એ જ અંકમાં 'જીવનપટનાં સ્મૃતિચિત્રો'માં પૃ. ૪૯૮ ઉપરનું નામ 'પ્રભુરાય દાદા' છે તે 'પ્રભુરામદાદા' જોઈએ.

પૃ. ૪૯૯ ઉપર પહેલા કૉલમને છેડે ગિજુભાઇના આફ્રિકાગમનના ઉલ્લેખમાં 'નાતાલ'ને બદલે 'નાઇરોબી' સુધારવા જતાં મુદ્રણદોષથી 'નાઈવાલ...રોબી' જેવો ગોટાળો થયો છે તેની અમને ઘણી દિલગીરી છે.

એ જ પૃષ્ઠ ઉપર બીજા કૉલમના છેડેથી સાતમી લીટીમાં જડીબેનના પિતાશ્રી ભાઈશંકર ધનજીભાઇ દવે 'સિહોરના રહીશ અને જામ ખંભાળિયામાં ગુજરાતી શાળાના હેડમાસ્તર હતા' એવી હકીકત જોઇએ એમ શ્રી રવિશંકર રાવળ જણાવે છે.

કુમાર

જાન્યુઆરી ૧૯૬૪ · અંક ૪૮૧

ચિત્રો

સોળમી સંવત્સરીએ – ગાંધીજી — પૂઠું
દુષ્યન્તના રાજભવને શકુન્તલા (સ્વ. એ. એચ. મુલર) — મુખચિત્ર પાછળ
નદીતે આર્યં · અમૃતલાલ વેગડ — પૂર્ણરંગી મુખચિત્ર
સફરજન વેચનાર · કનૈયાલાલ યાદવ — પૃ. ૪૨ સામે
શોભનમંડિત પ્રાચીનમૂર્તિ — પૃ. ૪૩ સામે

કાવ્યો

તરુ — રાજેન્દ્ર શાહ ૩
વીંટી — જયન્ત પાઠક ૩
તરુવર — પ્રિયકાન્ત મણિયાર ૩
ભૂરી રાતે — દિલીપ ઝવેરી ૩
પદ્મધારા — બ્રજલાલ દવે ૩
મારી ભૂલ — હરીન્દ્ર દવે ૩
રસ — ચંદ્રકાન્ત શેઠ ૩
તો — 'આદિલ' મન્સૂરી ૩
એકલતામાં — કંદર્પ ઓઝા ૩
તેં દીધી હામથી હૈયે... — પ્રતિપદ અમીન ૩

ચરિત્ર

કુમુદિની લાખિયા — સુનીલ કોઠારી ૫
જીવનપટનાં સ્મૃતિચિત્રો–૨૫ — રવિશંકર રાવળ ૧૫

વાર્તા

મૅકબેથ (વાર્તાતર–૧) — ડૉ. મધુસૂદન પારેખ ૯
દલપતરામ વ્યાસ (સત્યકથા–૨૦) — મુકુન્દરાય પારાશર્ય ૨૭


લેખો

આંતરરાષ્ટ્રીય થીએટરોનો ચોતરો (રંગગઠરિયાં-૨૫) — ચં. ચી. મહેતા ૧૩
વિટામિન (આહાર અને આરોગ્ય–૪૯) — ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી ૧૯
લૅસર — પી. સી. દવે ૨૨
રેખા-પલ્લવી (સાંકેતિક લિપિઓ–૯) — સુશીલા આર. પટેલ ૩૧
ગૂગળ (ઘરગથુ ઓષધ–૨૫ — લાભશંકર ઠાકર ૩૩
શતરંજ — સુરેશ મોદી ૩૪
ગાંધીજીનો મૃત્યુદિન — અરૂણ ગાંધી ૩૬
સ્હેક અને ઊકળાટ — દિવ્યકાન્ત ઓઝા ૩૬

વિભાગો

વાચકો લખે છે — ૧
કરકસરના પ્રકાર, અપ્રાપ્તિનો અસંતોષ — ૪
સાહિત્યસંપર્ક (શબ્દકથા : 'અલગારી') — ૨૪
કલાવાર્તા (દુષ્યંત-દરબારમાં શકુન્તલા–ર. મ. રા.) — ૨૬
ટિકિટસંગ્રહ (ઝાંઝિબાર ને કેન્યાની ઉહુરુ ટિકિટો) — ૨૬
પચ્ચીસ વર્ષ પહેલાં — ૨૯
કંકાવટી (સ્તનપાન, કરી, દાંપત્યનું ભાવિ) — ૩૨
માધુકરી (સ્વ. પણિક્કર, પગનાં તળિયાં, સ્વરછાપ) — ૩૮
કેસોવરી (જગતનાં પક્ષી-પ્રાણી–૬૬) — ૩૮
આ માસ ઇતિહાસમાં (વ્ય. વિ. : દામિયાં) — ૪૪
છેલ્લું પાનું — ૪૬

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૧૨; પરદેશમાં રૂ. ૧૫ અથવા શિ૦ ૨૪; છૂટક નકલ : રૂ. ૧-૨૫



દુષ્યન્તના રાજભવને શકુન્તલા ચિત્રકાર સ્વ. એ. એચ. મુલર ('કુમાર' માટે ખાસ પ્રાપ્ત થએલું) ચિત્રપરિચય માટે જુઓ આ અંકમાં 'કલાવાર્તા'



નદીને અર્ઘ્ય ચિત્રકાર · અમૃતલાલ વેગડ
ચિત્ર વિષે કલાકાર લખે છે: 'વારતહેવારે, વહેલી સવારે કાં મોડી સાંજે, નદીમાં દીવડા તરતા મૂકીને અગ્નિ વડે જળની પૂજા કરતી શ્રદ્ધાવનત ગ્રામમાતાઓ અને ગ્રામવધૂઓનું દૃશ્ય અતિ સોહામણું હોય છે. આમાં દેવભક્તિની જોડે દેશભક્તિનું પણ દર્શન છે. ઉજ્જૈનમાં ક્ષિપ્રાને અર્ઘ્ય આપતી માલવી સ્ત્રીઓનું નિરૂપણ કરવાનો આ ચિત્રમાં પ્રયાસ છે.' (કલાકારના સૌજન્યથી)



આના અનુસંધાનમાં
પાછલા પૂઠામાં જુઓ
શ્રી કનૈયાલાલ યાજ્ઞિકનું રંગચિત્ર
'સફરજન વેચનારાં'

તરુ / રાજેન્દ્ર શાહ

(હરિણી)

કંઇ નવ હતું ત્યાં આવીને રહું સ્થિતિને ધરી
તરુ સમ, ધરા માંહીં ઊંડે પ્રસારત મૂળને.
અચલ ક્ષિતિજે મંડાતી આ દગો નવ કોઇને
લહરઝૂલણે ઝૂલે, ખાલી ઢળે નભ સોંસરી.

અણુઊઘડતા હોઠે આંહીં અકેલ હું કાલનું
અશન કરતો; ડાળે ડાળે સ્ફુરે ભવિતવ્યની
કલિ, દલથી જેના રેલાતી દિશાન્તરગામિની
સુરભિ; સ્થલ આ પંખીગાને બન્યું રળિયામણું.

અવ સકલ ઘેરાવે ઝૂકી જતાં ફૂલ પુષ્કળ,
હરિત નહિ, સોહે રંગોની વિભિન્ન છટામહીં.
શિથિલ ત્વચને દોડી જાતાં સુદૂર સરી કહીં?
ક્ષણ થથરતાં અંગે શીળાં ઝરે ઋતુનાં જલ!

નિબિડ વનવિસ્તારે ન્યાળું હું સ્થાણુતણી ગતિ,
દગની ક્ષિતિજે નાની, ને શી અસીમિત છે રતિ!

ભૂરી રાતે / દિલીપ ઝવેરી

(ગાન)

ભૂરી રાતે ખળખળતાં જળ લીલાં.
આછા કંઠે સકંપ તારો વહેતો જાતો સૂર,
કાન કનેના કુંતલમાં અટવાતો હૂંફ઼ું દૂર;
એક સ્પર્શમાં સ્વપ્નડાળ પે લાલ ફૂલ કંઇ ખીલ્યાં:
ભૂરી રાતે ખળખળતાં જળ લીલાં.

હતું વાયરે ઝૂલી રહેલા પાંદ સમું જીવન,
હવે મળ્યાં કૈં ગુંફિત, લચેલું લજામણી શું મન;
શ્વાસશ્વાસમાં તુજ સૌરભનાં ચુંબન મળ્યાં મહીલાં:
ભૂરી રાતે ખળખળતાં જળ લીલાં.

રસ / ચંદ્રકાન્ત શેઠ

(પૃથ્વી)

યદા તુજ દગે ભમે ગરલવર્ણ ઇર્ષ્યા, તદા
પુરાણ નગરી તણા વિજન ક્યાંક ખંડેરમાં
ભમંત સુણું કોક ડાકણનું હાસ — જે સાંભળ્યે
ખરે નભથી તારલા, રુદન થૈ જતું શ્વાનથી.

પ્રકોપ તવ લોચને અનલવર્ણ ઊઠે, તદા
નિહાળું છલકંત ખપ્પર વિશાળ પાંચાલીનું.
અનેક સમરાંગણો કણકણે ભર્યા રક્તના,
અસંખ્ય ડૂબતા, મરે અસુરવૃત્તિ દુઃશાસનો.

દગે પ્રણયસિક્ત ને કુમુદવર્ણ નર્તે સ્મિત,
તદા મનુજ-ઉત્સવઃ દ્યુતિ લસંત આનંદનો
શશી હૃદયનાં દ્રવી અમૃત ઉલ્લસાવી રહે
ચકોર નયનો મહીં પ્રણયની નરી માધુરી!

ધરી વિવિધ રૂપ જે રસ રમે ઉઘાડાં ચખે,
નિમીલિત ચખે થઇ પરમ શાંતિ તે શો ખીલે!

(અનુષ્ટુપ)

તેં દીધી હામથી હૈયે ઝીલ્યો ઘા પણ તેં દીધો,
ઘા અને હામ દેવાને વાદ આ હૈયું રાખજે.

પ્રતિપદ અમીન

વીંટી / જયન્ત પાઠક

(ખંડ સવૈયા)

કૈં કૈં છોડી:
— પાળેલા મૃગલાની ભોળી આંખો,
આંગણમાં ચણતા મયૂરોની
રંગમુલાયમ પાંખો,
વનઝરણાંનાં ગીત;
કો ક્યારીમાં વેલ બનીને
પાંગરતી મુજ પ્રીત;
ઋષિની વત્સલ માયા
સરખી સખીઓ:
આશ્રમની તરુછાયા —
તારી પાસે આવી દોડી.
સામે ઊભી, તેં બે આંખે દીઠી
તો ય ન પ્રીછી!
(રે નાખી મેં કાલપ્રવાહે ખોઇ
પૂર્વાશ્રમની યોગસ્મરણની વીંટી!)

પક્ષ્મધારા / વ્રજલાલ દવે

(મિશ્ર)

સુગંધિલાં અર્ધહળેલ નેણની
શી પક્ષ્મધારા ગઇ વાઢતી મને!
સકૌતુકે આંગળી સ્હેજ સ્પર્શતાં,
કો વન્ય બંસીતણી ફાંસ ખૂંચે...
ચોફાઇ રૂંવે ચામ; ઘડીક વેદના!

ઘડીકની મેં ગણી લીધ વેદના,
દીધા વીંટી તંતુ દુકૂલના ઝીણા!
ધન્વંતરિ કાળ અનેકધા મથી
રુઝાવતો શું ન પ્રલેપ શાળે?

માયા અરે!... રેશમરંગના મુખે
તગેલ બે નેણની બીજ માંહી રે
કોણે ભરેલી તણખંત વીજળી?

ઝીલેલ ઘા એ હજુ ઊભરે અહીં
લોહી ફૂટે શું ટશિયે, રહી, રહી!

તો? / 'આદિલ' મન્સૂરી

(ગઝલ)

એ મારા વિચારો કળી જાય તો?
અને એની આંખો ઢળી જાય તો?

ખૂલી જાય ઊંડાણની મુઠ્ઠીઓ,
સમંદરનું પાણી બળી જાય તો?

ડરું છું હવે ઘરમાં પગ મૂકતાં,
મને જોઈ ભીંતો છળી જાય તો?

નવા વિશ્વનાં દ્વાર ખુલ્લાં કરું,
આ જંગલમાં રસ્તો મળી જાય તો?

ફરી નામ આવ્યું છે હોઠો સુધી,
પરંતુ કોઈ સાંભળી જાય તો?

મને શોધવા નીકળું ઘેરથી,
ને પડછાયો સામો મળી જાય તો?

તરુવર / પ્રિયકાન્ત મણિયાર

કૈં વેળાનો સીમ છેવાડે
આંબલો ઊભો.

એક દિ' એને આંગણે આવી
દોડતી કાઇ ટ્રેનના જેવી સડક.
સડક સાથે આંખમાં ઊગ્યો
લોહનો ઊંચો થાંભલો ઊભો.

સૂરજ શમ્યો સાગરની રે
પાંદડેપાંદડે આંખ ઘેરાવા માંડી.
શી ય પીવાડે પણ પરાણે
કોઈ ત્યાં એને તેજની તાડી.

પાંચ બજ્યા ને દીપ જ્યાં સૂતો
સિંહની માફક ડોક ફંગોળી
સમીર ઝોલે આંબલો આખો
'અંધાર' 'અંધાર' ત્રાડે!

મારી ભૂલ / હરીન્દ્ર દવે

(ગાન)

અડકીને ચાલો તો ય અળગા, સાજન!
હોઠ મલકે ને ખીલે નહિ ફૂલ;
સેજમાં તમારી સોડે સૂતો, ને તો ય
નેણ ખટકે ઉજાગરાની શૂળ. — અડ૦

મનમાં ઊઠે છે કેવા કેવા તરંગ,
હવે 'કોને કહું' 'કોને કહું' થાતું;
પાસે ને પાસે તમો આવો ને મન મારુ
અદકુ ને અદકું મૂંઝાતું;
વેણમાં ન હૈયાનાં પ્રોવાતાં કહેણ,
કહો કેમ કરી કરવાં કબૂલ? — અડ૦

વેગળા રહો તો મેહવેદનાએ પીધું,
રીસ રાખો તો માનથી મનાવું;
સમજો તો બોલતા અબોલાનો ભેદ
એક આંખના ઇશારે સમજાવું;
એટલેથી રીઝો તો મબલખના મેળામાં
કહું કે 'સાજન, મારી ભૂલ!' — અડ૦

એકલતામાં / કંદર્પ ઓઝા

(મિશ્ર)

રે શાંત શાંત અભિરામ ઉપત્યકામાં
વ્હેતા ધીમા અનિલશું પ્રિય-ગંધ આવે!
તારાં ગીતો વિહગ પર્વત પે સુણીને
આવે, ફરી ગણગણે; મમ કર્ણ તૃપ્તિ શી
આવર્તને ય 'નુભવે...
ને નિર્ઝરે સીકર આ ઊડતાં તળેટીમાં
મારા કપોલ હણુ-ચુંબન-આર્દ્રતા લહે.
ને આ તટે ઝરણના મીઠી વલ્લરી ધીમે
ભીના કપોલ પર કૈં ઋજુ પર્ણ-શાખથી
તારા મૃદુ કર સમો કરી જાય સ્પર્શ...
રે એકલો હું અભિવ્યક્ત શૂન્યમાં
ને તો ય આમ કદી તો — કદી છદ્મવેશે
તું આવતી પ્રિયતમે: પણ એકલો હું...

કરકસરના પ્રકાર

કરકસરનો વિચાર કરતાં પૈસાની કરકસરનો જ ખયાલ આપણી આંખ આગળ હોય છે. પણ જૂના વખતમાં કોઇ વેપારી કોઈ જુવાનને પોતાની દુકાને નોકર રાખતો ત્યારે તેની પાસેથી કોઇ શાળા કૉલેજનું પ્રમાણપત્ર માગતો ન હતો, પણ તે તો તેને ઘરનું શાક ખરીદવા મોકલતો, દીવી સાફ કરાવતો, શાહીના ખડિયામાં શાહી પુરાવતો.

જુવાન શાક સરસ તાજું લાવે છતાં ઠીક ભાવે લાવે, તે દીવી સાફ કરે ત્યારે ડાઘ રહેવા ન દે તેમ દીવેલને ઢળવા ન દે, ખડિયામાં શાહી ભરે ત્યારે શાહીનું ટીપું નીચે ન પડવા દે, ખડિયો પૂરો ભરવાને બદલે અધૂરો રાખે, ત્યારે પેલો વેપારી સમજે કે જુવાન બધાં કામ ચીવટ ને ઝીણવટથી કરે છે, એટલે મારા વેપારમાં પણ તે પાઇ–પાઇનો બચાવ કરીને સારો એવો નફો કરાવશે.

ઘરમાં માતા અનાજ-વસ્ત્રાદિને વાપરતી વખતે કોઇ પણ વસ્તુને બગડવા દેતી નથી; ચપટી-મૂઠી અડદ-ચણાદાળ કે ચોખાની કણકી વધ્યાં હોય તો તેને બીજાં અનાજની સાથે ભરડીને ઢોકળાં જેવી સુંદર વાની બનાવીને તેને ઉપયોગી બનાવી દે છે.

આ તો થઈ માત્ર પૈસા કે ઘરગથ્થુ ચીજોની કરકસર. પણ ખરી રીતે મનુષ્યની શક્તિની, તેની અક્કલની તેના સમયની કરકસર પણ છે. કરકસરનું એ સામાજિક સ્વરૂપ ગણાય.

અમારા ઘરમાં અમે કાતર નક્કી કરેલા ગોખલામાં મૂકતા હોઇએ. કોઇક વાર મારી પત્નીને કાતરની જરૂર પડી તેથી તેણે કાતર લીધી અને કામ પત્યું એટલે બીજા કામની ઉતાવળમાં તે કાતર ટેબલ પર મૂકીને ચાલી ગઈ. થોડા સમય પછી મારા પુત્રને તે કાતરની જરૂર પડી તેથી તેણે જઇને પેલા ગોખલામાં હાથ નાખ્યો, કાતર ન મળે. એટલે તે ગયો તેની બા પાસે અને તેણે કાતર વિષે પૂછ્યું. તેની બાએ કાતર ટેબલ પર પડી છે તેમ કહ્યું. તેણે ટેબલ પરથી કાતર લીધી અને નાહવાની ઓરડીમાં બેસીને નખ કાપ્યા. પછી કાતર ત્યાં જ મૂકીને તેણે ચાલતી પકડી. તરત મારી દીકરી તે ઓરડીમાં નાહવા ગઇ અને ઓરડી બંધ કરીને માથું ધોવા બેઠી. એ જ વખતે મારી પત્નીને કાતરની જરૂર પડી. તેણે ગોખલામાં હાથ નાખ્યો, કાતર ન મળે. ટેબલ પર આવીને જોયું, કાતર ન મળે. એટલે તેણે પુત્રને પૂછ્યું. પુત્રે કહ્યું કે હું તો નાહવાની ઓરડીમાં જ ભૂલી ગયો છું. દોડતો દોડતો તે નાહવાની ઓરડીએ ગયો. ત્યાં બેન બોલી કે ભાઇ હું માથું ધોઉં છું, થોડી વાર લાગશે. તેની બાને ફાનસોની વાટો કાપવાની હતી, વાટ કપાયા વગર રહી ગઈ.

આમ એક નાની વાતમાં કેટલી શક્તિ વેડફાઈ? જો સૌએ કાતરનું કામ પૂરું કરીને તરત નિયમ પ્રમાણે તેને ગોખલામાં મૂકી હોત તો મૂકતાં બહુ સમય ન બગડત, પણ અનિયમિતતાને લઇને કેટલાનો સમય બગડ્યો?

આ જ પ્રમાણે આપણે સમાજનાં બીજાં માણસો સાથે કામ લેવાનું હોય છે ત્યારે કરકસરની બાબતમાં સાવચેત રહેવાની જરૂર છે. કોઈ સમૂહને મળવાનો વખત નક્કી કર્યો હોય તે જ વખતે તેમને ન મળીએ તો આખા સમાજનાં સમય ને શક્તિ વેડફ્યાં કહેવાય.

રોજબરોજના જીવનમાં આવી નિયમિતતા એ વ્યક્તિગત જીવનની તેમજ સામાજિક જીવનની મોટી કરકસર છે. આ નિયમિતતા એ કરકસરનું સામાજિક સ્વરૂપ.

માણસની બાહ્ય સંપત્તિની જેમ આંતરશક્તિ પણ છે. માણસ પોતાની એ મનની શક્તિ જેવાંતેવાં કાર્યોમાં રોકવાને બદલે પોતાના ઉચ્ચ ધ્યેયને પોષણ આપે તેવાંમાં જ રોકે, તેની ઇન્દ્રિયો સ્થૂલ પદાર્થોમાં જ રચીપચી રાખવાને બદલે એને વધારે ઊર્ધ્વગામી કાર્યોમાં રોકે, કેવળ પોતાના જ ઉપયોગ માટે વાપરવા કરતાં વિશાળ સમાજના ઉપયોગ માટે વાપરે — અને આ પ્રમાણે વાપર્યા પછી પણ તમામ શક્તિઓ પરમેશ્વરને ચરણે મૂકે. એ કરકસરનું આખરી લક્ષ્ય ગણાવું જોઇએ.

કરકસરની શરૂઆત ભલે સ્થૂલ વસ્તુમાંથી થાય, વિકાસ ભલે સામાજિક ક્ષેત્રે થાય, પણ અંતિમ ધ્યેય જો સમગ્ર જીવનની કરકસર હોય તો તે આધ્યાત્મિક સદ્‌ગુણ ગણાય.

આ રીતે વિચારતાં, કરકસર એ માત્ર વ્યાવહારિક ગુણ નથી, માત્ર સામાજિક ગુણ જ નથી, પણ એક પ્રકારનો આધ્યાત્મિક ગુણ છે, અને બીજા ગુણોની પેઠે એનાં બીજ ગૃહજીવનમાં ને કુટુંબજીવનમાં નંખાવાં જોઇએ.

(કોડિયું) **નાનાભાઈ ભટ્ટ**

અપ્રાપ્તિનો અસંતોષ

એક પક્ષે માણસો એમણે કદી કલ્પના યે ન કરી હોય એટલી સમૃદ્ધિ, સત્તા ને પદવી મેળવતાં હોય છે, અને બીજે પક્ષે વધારે ને વધારે માણસો હતાશ થઇને ક્રોધમાં બળતાં જોવામાં આવે છે! કારણ? કારણ લોકશાહી!

લોકશાહીમાં સમાનતાના તત્ત્વ પર એટલો બધો ભાર મૂકવામાં આવે છે કે દરેક માણસ પોતાને ગમે તે સ્થાન માટે લાયક ગણતો થઇ જાય છે. સ્થાનો સ્વાભાવિકરીતે જ મર્યાદિત હોય છે અને સ્થાનોની આશા રાખનારાઓ અગણિત હોય છે; પરિણામે જે થોડાકને એ સ્થાનો મળે છે તેમને નસીબદાર, ખટપટિયા કે લાગવગવાળા ગણવામાં આવે છે, અને જે મોટા ભાગનાને એ મળતાં નથી એ મનમાં સમસમી રહે છે અને પેલા 'નસીબદારો'ને ગાળો દઇને અને એમની કડવામાં કડવી ટીકા કરી એ ગુસ્સાનું શમન કરે છે. આનો ઉપાય શો? પોતાની જાતને ઓળખવી!

સારી વસ્તુની ઇચ્છા તો બધાયને થાય, એ સહજ છે; પણ ઇચ્છા કરનારે પોતાની જાતને પૂછતાં શીખવું જોઇએ: 'જે સમૃદ્ધિની હું ઇચ્છા કરું છું એને માટે મેં કામ કેટલું કર્યું? જે સત્તાને હું અહર્નિશ ઝંખું છું એને પ્રાપ્ત કરવા મેં કેટલો ઉદ્યોગ કર્યો? જે પદવી મને મળે એમ ઇચ્છું છું એને માટે મેં પુરુષાર્થ શો કર્યો? ટૂંકમાં, જે જોઇએ છે તે માટે હું કિંમત ચૂકવવા તૈયાર છું? કશાની કિંમત મેં ચૂકવી છે? કે ફક્ત કામનાઓ જ કર્યા કરી છે?

વ્યાપક હતાશામાંથી લોકશાહી નાગરિકને જો કોઇ પણ બચાવી શકે એમ હોય તો તે જાત વિષેનું જ્ઞાન છે. એ જેટલું ઊંડું ને જીવન્ત એટલી હતાશા ઓછી અથવા નહિવત્.

ઇચ્છાઓને શમાવવાનો એક બીજો પણ ઉપાય છે. સર્વમાં એકતાનું દર્શન. કોઇ પણ માણસની સિદ્ધિ જોઇને આપણે કાં તો એના જેવા થવા ઇચ્છીએ છીએ, અથવા મનમાં દુઃખી થઇએ છીએ કે આપણે અમુક પૈસા કે પદવી પ્રાપ્ત ન કર્યાં. આ 'કામ' અથવા 'મોહ'-ની અને એમાંથી ઊભા થતા 'ક્રોધ' ને 'શોક'ની સ્થિતિ છે. એ સ્થિતિ માનસિક આરોગ્ય માટે સારી નથી. માણસે એવે વખતે આવો વિચાર કરવો: 'અ' ખૂબ સારી સ્થિતિએ પહોંચ્યો છે. મને એ સ્થિતિએ પહોંચવું તો ગમે છે, પણ હું પહોંચી શકું એમ નથી. તો મારે એમ વિચારવું કે 'અ' તે હું જ છું. કોઇ પર ગુસ્સો ચડે તો વિચારવું કે જે 'બ' પર મને ચીડ ચડે છે તે હું જ છું. આત્મા એક છે એનો સાક્ષાત્કાર કરવાનો અને મનને શાંત રાખવાનો આ સારામાં સારો ઉપાય છે.

હસુભાઈ શુક્લ

કથક નૃત્યમાં ભાવાભિનયની સૂક્ષ્માતિસૂક્ષ્મ છટાઓ દાખવતાં અને કલાનાં ઉચ્ચ સ્તરોને સ્પર્શતી સૌન્દર્યમીમાંસક દૃષ્ટિ ધરાવતાં

નૃત્યાંગના



કુમુદિની લાખિયા

લેખક

સુનીલ કોઠારી

ઓક્ટોબર '૫૯માં મુંબાઈના ક્રૉસમેદાનમાં દુર્ગાબારી સમિતિનો નવરાત્રિ-ઉત્સવ હતો. કલકત્તાની જાણીતી 'ચિલ્ડ્રન્સ લિટલ થીએટર' સંસ્થાનાં બાળકોનો પણ સાથે કાર્યક્રમ હતો. એમાં ઓચિંતાં ઉષાબ્હેન મલજી ભેટી ગયાં. સાથે સરસ મઝાની કાળી સાડીમાં શોભતાં એક બહેન અને તેમનો દેખાવડો બાબો હતાં. ઉષાબ્હેને પરિચય કરાવ્યો: 'આ મારાં ભાભી — કુમુદિની લાખિયા', એટલે અમે બન્ને હસી પડયાં.

કુમુદિની લાખિયાને નૃત્યાંગના તરીકે નવી દિલ્હી નૃત્યપરિષદમાં 'માલતીમાધવ' નૃત્ય-નાટિકામાં મેં જોએલાં; અને શ્રી મોહન ખોકર જેવા નૃત્યકલાવિદે નૃત્યનાટિકા પૂરી થયા પછી એમના ખાસ ફોટોગ્રાફ લીધેલા ત્યારે પરિચય પણ થયો હતો. એ વખતે મેં એમને ગુજરાતી ધારેલાં; પણ એ તો નીકળ્યાં મૂળ મહારાષ્ટ્રી! પછી અમે બંને દિલ્હી પરિષદમાં રજૂ થએલી પેલી નૃત્ય-નાટિકાની વાતે ચડયાં, અને ઉષાબ્હેન તો જોયાં જ કરે, કે આ બે તો ખરાં નૃત્યરસિયાં ભેગાં થયાં!

પછી તો બીજે દિવસે એમના નિવાસસ્થાને અમે મળ્યાં અને વર્તમાન નૃત્યજગતની પરિસ્થિતિની ચર્ચા કરતાં જણાયું કે અમારા વિચારો વચ્ચે અજબ સામ્ય હતું. કુમુદિની નૃત્યકારો, નૃત્યાંગનાઓ અને નૃત્યની વર્તમાન દશા વિષે એટલું તો સ્પષ્ટ અને બાંધછોડ વિનાનું કહેતાં હતાં કે એમની વાણીની સચ્ચાઈની પ્રતીતિ ઉપરાંત એમની સૂક્ષ્મ બુદ્ધિ, રસગ્રાહી દૃષ્ટિ અને નિર્ભીક આલોચના પણ મુગ્ધકર હતાં. અનેક કલાકારોના પરિચયમાં આવવાનું મને પ્રાપ્ત થયું છે, પણ નૃત્ય-જગતની વ્યક્તિઓમાં બેત્રણ અપવાદ બાદ કરતાં આટલી સચ્ચાઈ-પૂર્વક પ્રામાણિક મત ધરાવતાં નિર્ભય કલાકાર બહુ ઓછાં મળ્યાં છે.

સ્વભાવે હસમુખાં, વિનોદી અને નિર્દંશ હાસ્યવૃત્તિ ધરાવતાં કુમુદિની ભારતના કથક કલાકારોમાં પ્રથમ હરોળમાં આવે છે. બાળપણથી જ એમને નૃત્યાદિ કલાઓનો પરિચય થાય તેવા વાતાવરણમાં ઉછરવાની તક મળી હતી. એમનાં મા શ્રીમતી લીલા જયકર શાસ્ત્રીય તેમજ હળવા સંગીતનાં ભારે રસિયાં. પોતે પણ અચ્છું ગાતાં. પિતા શ્રી દિનકર જયકર વ્યવસાયે એન્જિનીઅર. મુંબાઈમાં દાદરમાં હિન્દુ કૉલોનીમાં જાણીતા સંગીતકાર શ્રી નારાયણરાવ વ્યાસના વર્ગોમાં કુમુદિની જતાં ને ત્યાં તેમણે છેક છ વર્ષની વયે નૃત્ય શીખવું શરૂ કરેલું! ત્યારે, લગભગ ૧૯૩૮માં, મોહનપ્રસાદ જેવા પાસે શીખવાની તક મળેલી. એમણે કુમુદિનીને એ વયથી જ નૃત્યમાં 'ભાવ' શી ચીજ છે તેના પાઠ શીખવેલા. એટલે નાનપણથી જ કુમુદિનીનું નૃત્યશિક્ષણ પાકે પાયે શરૂ થએલું.

એ અરસામાં ફિલ્મક્ષેત્રે ત્યારના જાણીતા કલાકાર શ્રી આશકહુસેન સંગીતજ્ઞ તરીકે પણ વિખ્યાત હતા. તેઓ ઠુમરી બહુ સરસ ગાતા, એટલે ઘણી વાર નારાયણરાવ વ્યાસ પાસે આવતાં. કુમુદિનીની શક્તિ પ્રીછીને એઓ વાત્સલ્યપૂર્વક આ નાની બાળાને ચૉકલેટ ખવડાવવાની લાલચ આપી નૃત્ય શીખવતા, અને એમના આગ્રહથી એકાદ ફિલ્મમાં કુમુદિનીએ નૃત્ય પણ આપેલું. એ પછી આઠ વર્ષની વયે તો વિખ્યાત સંગીતજ્ઞ શ્રી અલ્લાદિયાખાં સાહેબ પાસે કુમુદિનીએ નૃત્ય કરેલું.

આશકહુસેનના કરાંચી ગયા પછી કુમુદિનીને બનારસ ઘરાણાના શ્રી જાનકીપ્રસાદ પાસે શીખવાની તક મળી. આવા નામાંકિત ગુરુ પાસે કથક નૃત્યની શાસ્ત્રીય શિક્ષા નાનપણથી જ મળવાથી કુમુદિનીનું નૃત્ય-જ્ઞાન અત્યંત શુદ્ધ થયું.

આ બધાં નૃત્ય-શિક્ષણની સાથોસાથ એમના વતન ખારમાં ત્યાંનાં સમાજસેવી શ્રીમતી નિમ્બકરે એમના બાળક માટે શરૂ કરેલી 'ન્યૂ ખાર સ્કૂલ'માં કુમુદિનીનો અક્ષર અભ્યાસ તો ચાલુ જ હતો. ત્યાં બે-એક વર્ષ ભણ્યાં એટલામાં બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું અને એમના પિતાની દિલ્હી બદલી થઈ. પછી તો યુદ્ધ દરમિયાન એમને દહેરાદૂન, અલ્લાહાબાદ વગેરે સ્થળે ફરવું પડતું, એટલે ૧૯૪૧-૪૨માં કુમુદિનીને લાહોરની 'ક્વીન મેરી સ્કૂલ'ના છાત્રાલયમાં મૂકેલાં. લાહોરના એ વસવાટ દરમિયાન કથક ગુરુઓમાં આદરણીય એવા શ્રી રાધેલાલ મિશ્રના પરિચયમાં એ આવ્યાં. રાધેલાલ માટે તો કુમુદિનીને ભારે આદર. બીજા કથકકારો જેવો ગેરવર્તાવ તે કદી ન કરતા. ભલા ને ભગવાનના માણસ. વળી આશકહુસેનના પરિચિત તેમજ શ્રદ્ધેય જ્ઞાન ધરાવનારા.

એ રાધેલાલના કાકા શ્રી સુંદરપ્રસાદ પણ કથકકારોની પ્રણાલિમાં અત્યંત સંમાનીય ગુરુ છે. આ કલાકાર ભરતનાટયમના ગુરુઓ જે પ્રકારે પરંપરાનો આગ્રહ રાખે છે તેવા જ નિષ્ઠાવાન અને ઉત્તમ કક્ષાનું પેઢીઉતાર નૃત્યશિક્ષણ મેળવી ચૂકેલા, ગુરુ-પ્રણાલિના વારસદાર છે. નૃત્યજગતમાં તેમનો ઉલ્લેખ સબહુમાન થાય છે. આવા ગુરુ પ્રારંભમાં જ મળવા એ કલાકારનું સૌભાગ્ય ગણાય. એટલે કુમુદિની એ રીતે ઘણાં નસીબદાર કલાકાર છે. રાધેલાલે પછી કુમુદિનીને દિલ્હી



આંતરરાષ્ટ્રીય પ્રવાસો દરમિયાન શ્રી રામગોપાલ સાથે

રંગમંચ પર પણ રજૂ કરેલાં; અને ત્યારે 'કલાકાર કુમુદિની' તરીકે યોગ્ય સંમાન પામવા માટે કુમુદિની કૃતજ્ઞતાભર્યા આદરપૂર્વક આજે એમનો ઉલ્લેખ કરે છે. જોકે એ પહેલાં જાહેર રંગમંચ પર તો છેક બાલ્યવયે જ, મુંબાઈમાં આજે જ્યાં મેટ્રો સિનેમા છે તેની સામેના વેલિંગ્ટન થીએટરમાં એમણે સર્વપ્રથમ નૃત્ય પ્રયોગ રજૂ કરેલા.

ઈ. સ. ૧૯૪૬માં કુમુદિનીએ લાહોરમાં મૅટ્રિકની પરીક્ષા આપી, અને ઝળકતી ફતેહ મેળવીને ક્વીન મેરી કૉલેજનાં પ્રથમ દસ વિદ્યાર્થિનીઓમાં આવ્યાં. એ જ વર્ષમાં તેમનાં માતાનું અવસાન થએલું, અને ૧૯૪૭માં ભારતના ભાગલા પડ્યા એટલે એમને લાહોર છોડી પિતા પાસે અલ્લાહાબાદ આવવું પડેલું. ત્યાં આગળ શું કરવું તે નક્કી કરવાનું સૂઝે નહિ એટલે નૈનાના ઍગ્રિકલ્ચર કૉલેજમાં એમણે પ્રવેશ મેળવ્યો!—અને ફર્સ્ટ ઈઅર સાયન્સમાં વનસ્પતિશાસ્ત્રનો વિષય લઈ પ્રથમ નંબરે પાસ થયાં! ત્યારે એ આખી કૉલેજમાં માત્ર કુમુદિની એક જ વિદ્યાર્થિની હતાં અને તેથી રોજ સાઈકલ પર તે કૉલેજ જતાં ત્યારે બીજા વિદ્યાર્થીઓ એમને પજવતાં ય ખરા. પણ નાનપણથી તે જરા 'ટૉમબૉય' જેમ વર્તતાં એટલે તોફાનમસ્તીમાં પાવરધાં કુમુદિની એ કોઇથી ગાંજ્યાં જાય એવાં ન હતાં. એક વર્ષ વિજ્ઞાનનો અભ્યાસ થયો ત્યાં મુંબાઈ આવવાનું થયું, અને ૧૯૪૮માં જે. જે. સ્કૂલ ઑવ આર્ટસમાં ચિત્રકળાની તાલીમ શરૂ કરી! ચિત્રકામ પણ એટલું સારું કરતાં કે પહેલા વર્ગમાંથી સીધાં ત્રીજા વર્ગમાં ચઢાવવામાં આવેલાં.

પરંતુ નિર્મિત હશે નૃત્યાંગના થવાનું, એટલે ચિત્રકળાની એ ઉપાસના અધૂરી રહી. મુંબાઇમાં એ પોતાના દાદા શ્રી નારાયણરાવ જયકર સાથે રહેતાં. એ દાદાને વળી સંગીતનો ભારે શોખ, અને કુમુદિનીને તો નાનપણથી જ સંગીત ગળથૂથીમાં મળેલું; એટલે એ અરસામાં ઉસ્તાદ ફૈયાઝખાં, બિસ્મિલ્લાંખાં વગેરેને એમણે ખૂબ સાંભળેલા. એક દિવસ કુમુદિની પોતાના નાના ભાઇ સુરેશને, તે નૈનીતાલની શેરવૂડ કૉલેજમાં ભણવા જતો હતો તે માટે સ્ટેશને મૂકવા ગયાં હતાં. સ્ટેશન પર જ એમને શ્રીમતી કોમોલતા દત્તનો ભેટો થઈ ગયો. એ કોમોલતા દત્તને કુમુદિની અલ્લાહાબાદમાં હતાં ત્યારથી જ ઓળખે.

કોમોલતા દત્ત ઈંગ્લંડથી તાજાં જ ભારત આવેલાં. પોતે ઈંગ્લંડમાં હતાં ત્યારે લંડનમાં વસવાટ કરતા (ને હવે તો આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કરી ચૂકેલા) શ્રી રામગોપાલને નૃત્યના સંગીત માટે મદદ કરતાં. એ રામગોપાલને ત્યારે નૃત્ય માટે યોગ્ય સાથીદારની જરૂર હતી. કુમુદિની નૃત્ય શીખેલાં એની કોમોલતાને ખબર, એટલે રામગોપાલની મંડળીમાં તે મદદરૂપ થઇ પડે તેવી સંભાવના વિચારી એ તો સીધા સ્ટેશનેથી જ પોતે જે હોટેલમાં ઊતર્યા હતા ત્યાં કુમુદિનીને લઇ ગયા.

અને વાતચીતને અંતે નક્કી થયું કે કુમુદિનીએ ઈંગ્લંડ જવું. થયું! પિતાની સંમતિ મળતાં ચિત્રકળા અધૂરી મૂકી કુમુદિની ૧૯૪૮માં લંડન ગયાં અને નૃત્યની એમની તૈયારી જોઇ રામગોપાલ આશ્ચર્યથી સ્તબ્ધ થઇ ગયા! પછી તો ત્યાં પરદેશના પ્રવાસો શરૂ થયા, અને લંડન ઉપરાંત સ્વીડન, નૉર્વે, ડેન્માર્ક, ફિનલૅન્ડ વગેરે દેશોમાં તેમણે પ્રયોગો આપ્યા. ત્યારે ભારતીય નૃત્યોની હજી પુનઃ પ્રતિષ્ઠા જ થતી હતી. એમાં ઉદયશંકર અને રામગોપાલના આવા આંતરરાષ્ટ્રીય પ્રવાસોનો ફાળો નાનોસૂનો નથી. એ ઐતિહાસિક પ્રવાસોમાં કુમુદિનીનાં નૃત્યો ભારતીય નૃત્યોનું ગૌરવ કરાવતાં; અને એમની શાસ્ત્રીયતા તેમજ મનોહર તત્ત્વોને લઇને પરદેશમાં એ અત્યંત આદર અને આવકાર પામ્યાં.

યુરોપનો પ્રવાસ પૂરો કરી તે પાછાં લંડન આવ્યાં, અને અમેરિકાનો પ્રવાસ યોજાયો. ત્યાં ન્યૂયૉર્કમાં બ્રોડવેમાં એમણે જે નૃત્યો રજૂ કર્યાં અને તેને ચારે બાજુથી વિવેચકોની જે ચાહના મળી એની વિગતો રામગોપાલે પોતાના પુસ્તક 'રિધમ ઈન હેવન્સ'માં આપી છે. અમેરિકામાં ન્યૂયાર્ક વગેરે સ્થળોએ કાર્યક્રમો રજૂ કરી તેમણે તુર્કસ્તાનનો પ્રવાસ કરેલો અને ત્યાર બાદ ૧૯૫૦માં તે ભારત પાછાં ફર્યાં.

ત્યારે બૅંગ્લોરમાં રામગોપાલના સાથીદાર અને કેમિસ્ટ્રીના પ્રોફેસર શ્રી યુ. એસ. કૃષ્ણરાવ પાસે કુમુદિનીને ભરતનાટ્યમ્ શીખવાની તક મળી. એ પ્રોફેસર યુ. એસ. કૃષ્ણરાવ આજે યે મૈસૂર યુનિવર્સિટીમાં પ્રાધ્યાપક તરીકે કામ કરવાની સાથોસાથ બૅંગ્લોરમાં ઉત્તમ કક્ષાની નૃત્ય-પીઠ પણ ચલાવે છે. કુમુદિની એમને નૃત્ય-શિક્ષકોમાં ઉત્તમ ગુરુઓ પૈકીના એક તરીકે ગણાવે છે. પરંતુ 'કથક' પ્રકારમાં જે તદ્રૂપતા કુમુદિની અનુભવતાં તે ભરતનાટ્યમ્‌માં એ અનુભવતાં નહિ. એટલે એમણે ભરતનાટ્યમનું શિક્ષણ તો પૂરું લીધું, પણ જાહેરમાં નૃત્ય તો કેવળ 'કથક' જ રજૂ કરવાનો નિરધાર કર્યો.

ઇ. ૧૯૫૦માં રામગોપાલ પણ ભારત પાછા ફરેલા, ત્યારે મદ્રાસમાં એમનો કાર્યક્રમ યોજાયો હતો. કુમુદિનીએ ત્યાં કથક નૃત્યો રજૂ કરેલાં. ઉદયશંકર ખાસ એ જોવા માટે આવેલા અને કુમુદિનીની નૃત્યસાધના જોઇને એટલા પ્રભાવિત થયા કે મુક્ત કંઠે તેની સ્તુતિ કરીને એમને ઝળહળતી કારકિર્દી માટે આશીર્વાદ આપેલા. આવા ધન્યનામ કલાકારની ચાહના મેળવવા માટે કુમુદિનીએ પરમ હર્ષ અનુભવેલો. આમ શ્રી રામગોપાલ અને ઉદયશંકર જેવા ભારતીય નૃત્યોના સમુદ્ધારક કલાકારોની પ્રીતિ પ્રાપ્ત કરનાર કલાકાર તરીકે કુમુદિની ગર્વ અનુભવે છે.

ફરી પાછાં ઇ. ૧૯૫૧માં રામગોપાલની વિનંતિને વશ થઇ કુમુદિની ઈંગ્લંડ ગયાં. એ વખતે તો શ્રી રાધેલાલ મિશ્ર પણ સાથે ગયા હતા. એ વર્ષોમાં નૉર્થ બ્રિટિશ આઈલ્સ, ફિનલૅન્ડ, ફ્રાન્સ, જર્મની, સ્પેઇન, હૉલૅન્ડ, બેલ્જિયમ વગેરે દેશોમાં તેમણે સફળ નૃત્યપ્રવાસો કરેલા. તે અરસામાં જ લંડનમાં કુમુદિનીને શ્રી રજની લાખિયા જોડે પરિચય થયો. આ પરિચય પરિણયમાં પરિણમ્યો અને ૧૯૫૩માં મુંબા-

ઈમાં બન્ને લગ્નગ્રંથિથી જોડાયાં. કુટુંબમાં એનો વિરોધ પણ થએલો; પરંતુ ત્યારે રજનીનાં બેન ઉષાબેન મલજીએ બન્નેની ઘણી સહાયતા કરેલી. આમ સંગીતકાર અને નૃત્યાંગના એમ બે કલાકારોનું પ્રસન્ન દામ્પત્યભર્યું જીવન શરૂ થયું. ૧૯૫૪ના નવેમ્બરમાં એમને પ્રથમ બાળક શ્રી રાજની પ્રાપ્તિ થઈ.

ઇ. ૧૯૫૬માં રામગોપાલને ઈંગ્લંડમાં ભારતનાં ત્યારનાં હાઈકમિશનર શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિતે ત્યાંના એડિનબરઅ ફેસ્ટિવલમાં નૃત્યનાટિકા રજૂ કરવાનું નિમંત્રણ આપ્યું, એટલે ફરી એક વાર કુમુદિની લંડન ગયાં. સાથે શ્રીરાજને પણ લઈ ગએલાં. એ અત્યંત ઠાવકો બાળક 'સ્ટેઇજ બેબી' તરીકે સૌ કલાકારોમાં પ્રિય થઇ પડેલો. અભિનયશક્તિ એને જાણે ઇશ્વરદત્ત હોય તેમ છેક બાળવયે પણ શાળામાં મૂંગાબહેરા બાળકનું પાત્ર સુંદરરીતે ભજવી પોતાની એ શક્તિનો તેણે પરિચય કરાવ્યો છે. એડિનબરઅમાં 'તાજમહાલ' નામે નૃત્યનાટિકામાં મુમતાઝમહાલનું પાત્ર કુમુદિનીએ બહુ સફળતાપૂર્વક રજૂ કર્યું. તેનું સંગીત શ્રી રજની લાખિયાએ આપેલું. કુમુદિનીની ભૂમિકા એમાં એટલી વખણાઈ કે ઈંગ્લંડના વિશ્વવિખ્યાત વિવેચક શ્રી આર્નોલ્ડ હસ્કેલ જેવાએ એમની મુક્તકંઠે પ્રશંસા કરેલી.

ઈંગ્લંડથી ભારત પાછા ફર્યા પછી કુમુદિનીને બે વરસ-માટે ('૫૮ થી '૬૦) કેંદ્રીય સરકારની શિષ્યવૃત્તિ મળી; એટલે 'કથક' નૃત્યના અજોડ ગુરુ શ્રી શંભુમહારાજ તથા તેમના વડીલ ભાઈ સદ્ગત શ્રી અચ્છન મહારાજના પુત્ર શ્રી બિરજુ મહારાજ પાસે નવી દિલ્હી જઇને એમણે એ નૃત્યનું આગળ શિક્ષણ લીધું. વર્તમાન સમયમાં કથકના આવા પરમ જ્ઞાતા અને શ્રેષ્ઠ કલાકારો પાસે સાધના કરવાની તક મળવી એ નાનીસૂની વાત નથી. કુમુદિનીનાં નૃત્યોમાં આજે જે સફાઈ જોવા મળે છે તેમાં એમનો આ સાધનાકાળ અત્યંત ઉપકારક ને મહત્ત્વનો છે.

એ વર્ષો દરમિયાન કુમુદિનીએ ભારતીય કલાકેન્દ્રની નૃત્યનાટિકાઓમાં પ્રમુખ ભૂમિકાઓ ભજવી. 'માલતી-માધવ' અને 'કુમાર-સંભવ'-માં તો શ્રી બિરજુ મહારાજ જેવા સાથે તેમને ભૂમિકા ભજવવાનું નિમંત્રણ મળ્યું, અને એમાં તેમણે એ સરસ રીતે દીપાવી.

કથક કલાકાર તરીકે કુમુદિનીની વિશિષ્ટતા નૃત્ય પરત્વેના તેમના અભિગમમાં રહેલી છે. વળી ઉચ્ચ કક્ષાની રસવૃત્તિ અને બૌદ્ધિક વિચારસરણી ધરાવતાં હોવાથી કુમુદિની કશા ય પક્ષપાત વિના કથકનું ગૌરવ યોગ્ય રીતે પ્રસ્થાપિત કરી શક્યાં છે. રાજપૂત અને મુઘલ લઘુચિત્રો (મીનીએચર)માં જોવા મળતું રેખાનું લાલિત્ય (નૃત્યની પરિભાષામાં અંગવિન્યાસ દરમિયાન જળવાતી રેખા-લાઇન-નું સૌંદર્ય) તેમનાં કથક નૃત્યોમાં તરત જ નજરે ચડશે. બિરજુ મહારાજ પાસે નૃત્યશિક્ષા લેતાંલેતાં કુમુદિની આ રેખા જાળવવાની ગુરુની કાળજી જોઈ દંગ થઇ જતાં. કથક નૃત્યોમાં સામાન્યરીતે જે ધમાચકડી થાય તે પ્રત્યે કુમુદિનીને ભારે રોષ છે, તેને સામે પક્ષે, કથક નૃત્યની સ્ફૂર્તિ, તેજસ્વિતા અને નજાકતને નિઃશેષ પ્રગટ કરતાં બિરજુ મહારાજનાં નૃત્યો કુમુદિનીને મન આદર્શ છે. કથક નૃત્યમાં દંતકથાનું પાત્ર બની ચૂકેલા સ્વર્ગસ્થ શ્રી અચ્છન મહારાજના આ યુવાન પુત્રે કથકમાં અજોડ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. એમની પાસે આવી ઉચ્ચ કક્ષાની નૃત્યશિક્ષા પામવાને કારણે તેમજ પોતીકી નૈસર્ગિક ગ્રહણશીલતાને લઇને કુમુદિની પોતાનાં નૃત્યોને ઉત્તરોત્તર અત્યંત સફાઈદાર કરી શક્યાં છે.

સપ્રમાણ શરીર ધરાવતાં અને ગજબની સ્ટૅમિના (સતત ઉપરાઉપર નૃત્યો આપ્યા કરવાની તાકાત) ધરાવતાં કુમુદિનીને તાજેતરમાં જ ભારત સરકારે બિરજુ મહારાજ સાથે રશિયાના સાંસ્કૃતિક પ્રવાસે મોકલ્યાં હતાં. ત્યાં 'કુમારસંભવ' 'માલતીમાધવ' વગેરે નૃત્ય-નાટિકા-



'સૂર્યપૂજા'ની એક નૃત્યભંગિ

ઓની રજૂઆતથી આ બન્ને કલાસ્વામીઓએ પરદેશમાં આપણાં શાસ્ત્રીય નૃત્યોની પ્રતિષ્ઠા વધારી. ગયે વર્ષે જ કેન્દ્રીય સરકારે ફરીથી અમેરિકાના પ્રવાસ માટે કુમુદિનીને નિમંત્રણ આપેલું, પરંતુ ગયા વર્ષની સતત માંદગીને લીધે તે જઇ શક્યાં નહોતાં. ભારતીય કલાકેન્દ્ર (દિલ્હી)માં પરદેશના મોટા રાજપુરુષો અને નેતાઓ આવે છે ત્યારે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજતી વખતે તેઓ અમદાવાદથી કુમુદિનીને અચૂક બોલાવે છે અને અન્ય પ્રવાસોમાં પણ તેમની સહાય લે છે.

ભાવપૂર્ણ કથક નૃત્યવિભાગમાં શ્રી શંભુમહારાજ પાસે ભાવાભિનયની સૂક્ષ્માતિસૂક્ષ્મ છટાઓ કુમુદિની શીખ્યાં છે. બાલ્ય વયમાં શ્રી મોહનપ્રસાદ પાસેથી મેળવેલી દીક્ષા મોટપણે આમ શંભુમહારાજ જેવા મહાન કલાકાર પાસે શીખતાં સોળે કળાએ ખીલી ઊઠી. એમાં યે 'ગત' વિભાગમાં ભાવસૃષ્ટિ રચવામાં તો કુમુદિની બેનમૂન છે...



નૃત્યનાટિકા 'તાજમહાલ'માં મુમતાઝમહાલની ભૂમિકામાં (ફોટો: હોસ્ટન રૉજર) જમણી તરફ નીચે: રેખાનું લાવણ્ય પ્રકટ કરતી ઠુમરી અને ગતભાવની એક લાક્ષણિક નૃત્યભંગિ

ગિક અભિનય દ્વારા પણ ભાવાભિવ્યક્તિમાં નિપુણ હોય છે. કુમુદિની ખૂબ કાળજીને ચીવટપૂર્વક આ બધા વિભાગોમાં પારંગત થયાં છે. કથક નૃત્ય પ્રથમ વાર ઉપરટપકે જોતાં એ નૃત્યપ્રકારની અનેક રસભરપૂર સૂક્ષ્મતાનો ખયાલ નથી આવતો; પણ કુમુદિનીએ તો અનેક વાર સપ્રયોગ એ નૃત્યની ખૂબીઓ દર્શાવીને પ્રેક્ષકવર્ગને મુગ્ધ કરી મૂક્યો છે.

પરંતુ કુમુદિનીની આ શક્તિ ઉપરાંત મને એમની જે વિશિષ્ટતા મહત્ત્વની અને નોંધપાત્ર લાગે છે તે તો એમનામાં આજન્મ રહેલા શિક્ષક તરીકેની. ચોટદાર વાક્પટુત્વ, ઉદાહરણો આપીને પોતાનો મુદ્દો સ્પષ્ટ કરવાની આવડત, પ્રામાણિક રજૂઆત, જે ઉચ્ચ કક્ષાનું છે તેનો જ આગ્રહ, અને કલાના ઉચ્ચ સ્તરોને સ્પર્શે કરે તેવી સૌંદર્યમીમાંસક દૃષ્ટિ (એસ્થેટીક સેન્સ) ધરાવતાં કુમુદિની એક ઉત્તમ શિક્ષિકા છે. વળી પરદેશના અસંખ્ય પ્રવાસો દરમિયાન અનેક દેશોની સંસ્કૃતિના સમાગમમાં આવેલાં, અનેક નૃત્યપ્રકારો જોઇ ચૂકેલાં, રામગોપાલ જેવા પાસે રજૂઆતની કલા શીખેલાં, અને સુંદર રંગપસંદગીની વિવેકશક્તિ ધરાવતાં કુમુદિનીનાં નૃત્યોમાં અનેકવિધ કલાત્મક તત્ત્વોના સુમેળથી એક વિશિષ્ટ પ્રકારની વિલક્ષણતા પારખી શકાય છે. કથક નૃત્યની લાક્ષણિક ભંગિમાં ઊભાં હોય, કે ઠુમરી જેડે નૃત્ય રજૂ કરતાં રંગમંચ પર બેઠાં હોય, કોઈ પણ અંગસ્થિતિમાં કુમુદિનીનાં નૃત્યોમાંથી નવું લાવણ્ય ઝરતું જોવા મળે. પોતાની દેહરેખાના લાલિત્યની જાળવણી વિષે સતત સભાન, પણ નૃત્ય દરમિયાન તે સભાનતાનો લેશ પણ ખયાલ ન આવવા દેતાં પ્રેક્ષકોને તો કોઈ અનોખા ભાવસૃષ્ટિમાં રસતરબોળ કરી મૂકતાં કુમુદિનીનાં નૃત્યો કથક નૃત્યોની શુદ્ધ રજૂઆતના આદર્શ રૂપ છે. મન ફાવે તેવા ઢંગધડા વિનાના પોશાક તેમજ આહાર્યાભિનય માટે તેમને ભારે ચીડ છે. કથક ક્ષેત્રે પ્રવર્તતી એ અરાજકતા વિષે તેમના ખેદનો પાર નથી. ગુરુઓની વિચિત્રતાઓ અને સામાન્યતઃ જોવા મળતી અનુદારતાનો તેમને પૂરો અનુભવ હોવા છતાં એ નૃત્યની સૌંદર્યશ્રી માટે તેઓ ભારે ગર્વ અનુભવે છે. કથકની રજૂઆત વિષેના, તેમજ કથક શૈલીનો નૃત્ય-નાટિકામાં કઈ રીતે વિનિયોગ થવો જોઇએ તે વિષેના પોતાના રચનાત્મક વિચારો તેમણે અમલમાં મૂકી કથકની ખામીઓને દૂર કરવાનો સતત પ્રયત્ન કર્યો છે.

આવા ઉત્તમ નૃત્યપ્રકાર 'કથક'નું શિક્ષણ આપતી શાળા તેમણે હાલ અમદાવાદમાં શરૂ કરી છે, એટલે અમદાવાદમાં હવે બે શાસ્ત્રીય નૃત્યપ્રકારોનું ઉચ્ચ કક્ષાનું શિક્ષણ આપતી સંસ્થાઓ અસ્તિત્વ ધરાવતી થઈ છે: શ્રીમતી મૃણાલિની સારાભાઈ (પરિચય માટે જુઓ અંક ૪૬૭)ની 'દર્પણ' સંસ્થા અને કુમુદિનીની આ કથક શાળા. આવાં ઉચ્ચ કોટિનાં બે કલાકારો અમદાવાદમાં વસે છે તે માટે ગુજરાત ખરેખર ગર્વ અનુભવી શકે. બન્ને નૃત્યાંગનાઓ વિશ્વનો પ્રવાસ કરી ચૂકેલાં છે ને બંનેએ ત્યાં ભારતીય નૃત્યોની વિજયપતાકા લહેરાવી છે.

સ્વભાવે હસમુખાં, મળતાવડાં, ફાંકડું અંગ્રેજી ને સરળ ગુજરાતી બોલતાં, નૃત્યશિક્ષણમાં ઊંડો પ્રેમ ધરાવતાં અને ઉત્તમ કક્ષાના ગુરુઓ પાસે તાલીમ પામેલાં કુમુદિનીની શક્તિનો ગુજરાત ઉચિત લાભ લેશે.

તેમના પતિ શ્રી રજની લાખિયા પણ ગુજરાતના નામી સંગીતજ્ઞ છે. સંગીત વિષે ઊંડી સમજ ધરાવતા આ વેપારી-કલાકારનો સાથ મળવાથી કુમુદિની અવશ્ય કથક ક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન કરી શકશે. મારી તેમની સામે કોઈ ફરિયાદ હોય તો એ, કે આટઆટલા પ્રવાસ પછી પણ પશ્ચિમમાં જે પ્રકારનાં નૃત્યવિષયક પ્રવાસ-પુસ્તકો અધિકારી નૃત્યકારોએ લખ્યાં છે તેવું કશું હજી તેમણે લખ્યું નથી.—એને માટેની ઉત્તમશક્તિ છતાં. નૃત્યવિષયક સાહિત્યનું દારિદ્રય તેઓ દૂર કરશે ને ગુજરાતને તેમની કળાનો પૂરો લાભ આપશે તેવી આશા રાખીએ.



મહાકવિ શેક્સપીઅરનાં નાટકોની વાર્તાતર-માળા

મૅકબેથ

મણકો · ૧

કથારૂપ સંક્ષેપકાર : ડૉ. મધુસૂદન પારેખ



શેક્સપીઅર, સ્ટ્રૅટફર્ડમાં હોલી ટ્રિનિટી ચર્ચમાંની મઝાર પરના શિલ્પ ઉપરથી

જગત્ખ્યાત અંગ્રેજ મહાકવિ વિલિયમ શેક્સપીઅર (જન્મ ૨૩મી એપ્રિલ ૧૫૬૪) ની આ વર્ષે આવતી ૪૦૦મી જયંતી સંસારભરમાં વિવિધરીતે ઊજવાશે. એમાં શરીક થઈને 'કુમાર' પોતાના અદના પ્રયત્ન તરીકે, દુર્લભ પુરાણાં ને અનન્ય ચિત્રો સાથેનું, પ્રો. વસંત જોષી જેવા અંગ્રેજી ભાષાના ખ્યાત પ્રાધ્યાપકના હાથે લખાએલું જીવનચરિત્ર, તથા એના સાહિત્યની સંપર્કાત્મક અને સંતર્પક આલોચનાઓ વર્ષ દરમિયાન આપવા ઉપરાંત, જે વડે એ મહાકવિ સાતે ખંડમાં ખ્યાત થયો એ તેનાં નાટકોમાં વાચકોનો રસ જાગૃત કરવાના ઉદ્દેશથી આ આખા વર્ષમાં દરેક માસે તેના એકએક ચુનંદા નાટકનું સંક્ષિપ્ત વાર્તાતર (કથારૂપ સંક્ષેપ) આપશે.

ચિત્રકાર : ગૉર્ડન બ્રાઉન

'ગ્લૅમિસના ઉમરાવ મૅકબેથનો જય!'

'કાઉડોરના ઉમરાવ મૅકબેથનો જય!'

'મહારાજા મૅકબેથનો જય!'

આશ્ચર્યચકિત થઈને સુખદ રોમાંચ અનુભવતો મૅકબેથ આ જયનાદ સાંભળી રહ્યો.

સ્કૉટલૅન્ડના નરેશ ડન્કનની સામે બળવાખોર કર્નેસે અચાનક દગાથી આક્રમણ કર્યું હતું. નૉર્વેના રાજાની તેને સહાય મળી ગઈ હતી. પણ ડન્કનના બે શૂરવીર સેનાપતિઓ–મૅકબેથ અને બૅન્કો એ બળવાખોરોને મગતરાંની માફક મસળી નાખી સ્કૉટલૅન્ડનો જયજયકાર કરી પાછા ફરતા હતા. ત્યાં વાટમાં ત્રણ વિચિત્ર પોશાકવાળી સ્ત્રીઓએ તેમને આંતર્યા. એ સ્ત્રીઓની ચિરાએલી આંગળીઓ ફફડતા હોઠ પર સ્થિર હતી. એમણે મૅકબેથનો જયનાદ કર્યો.

મૅકબેથ એ સાંભળી ઘડીભર સુખસમાધિમાં ડૂબી ગયો. આ જયજયકારનો અર્થ શો? સેનાપતિ સીનેલ મૃત્યુ પામવાથી પોતે ગ્લૅમિસનો ઉમરાવ તો બન્યો હતો. પણ કાઉડોરનો ઉમરાવ શી રીતે? અને 'મહારાજ મૅકબેથ' એટલે! એનું રહસ્ય શું! આ સ્ત્રીઓ કોણ હતી? એ વિચારમાં લીન હતો ત્યાં પેલી ત્રણે સ્ત્રીઓએ એના મિત્ર બૅન્કો સામે જોઈને એનું ભાવિ ભાખ્યું: 'તું રાજા નથી, પણ રાજવંશી થઈશ.' 'તું મૅકબેથથી મોટો નહિ છતાં મહાન થઈશ.' 'તું મૅકબેથથી સમૃદ્ધ નહિ છતાં એનાથી વધુ સુખી બનીશ!' અને પછી ફરીથી મૅકબેથ અને બૅન્કોનો જય પોકારીને ત્રણે સ્ત્રીઓ હવામાં શ્વાસની જેમ ઓગળી ગઈ. બંને મિત્રો દંગ થઇ ગયા. એ ચુડેલો હતી!

બંને પોતાને માર્ગે આગળ વધ્યા. આ ભવિષ્યવાણીથી એમના આશ્ચર્યનો પાર રહ્યો નહોતો. થોડેક ગયા ત્યાં સામેથી મહારાજ ડન્કનનો અધિકારી રૉસ વધામણી લાવ્યો: 'યુદ્ધમાં દાખવેલા અતુલ પરાક્રમની પ્રશંસા કરીને તેની કદર રૂપે મહારાજાએ મૅકબેથને કાઉડોરના ઉમરાવનો હોદ્દો એનાયત કર્યો છે.' મૅકબેથની આંખ સમક્ષ પેલી ત્રણ માયાવી નટીઓએ ભાખેલું ભવિષ્ય તરવરવા માંડ્યું. પોતે કાઉડોરનો ઉમરાવ પણ બન્યો. અને હવે... શું એ પછીની ભવિષ્યવાણી પણ સાચી નીવડશે? ઓહ!... ત્યારે તો સર્વોચ્ચ સિદ્ધિની પ્રાપ્તિ! રાજસત્તા હવે હાથવેંતમાં! મૅકબેથના ચિત્તમાં રાજપદની લાલસાનું મીઠું ઝેર પ્રસરી રહ્યું. ઉમંગમાં આવીને એણે લેડી મૅકબેથને માર્ગમાં બનેલી આ ચમત્કારિક ઘટનાઓનું વર્ણન કરતો પત્ર પણ લખી નાખ્યો.

મહારાજા ડન્કને મૅકબેથનું ઉત્સાહપૂર્વક સ્વાગત કર્યું. એ રાજાનો કૃપાપાત્ર બની ગયો. અને વધારામાં ડન્કને વિરલ વ્યક્તિને જ અમુક ખાસ પ્રસંગે આપવામાં આવતું માન મૅકબેથને આપ્યું. મૅકબેથના મહાલયમાં અતિથિ બનવાની ખ્વાહિશ તેણે પ્રગટ કરી. મૅકબેથ ધન્ય થઈ ગયો!


આ બાજુ મૅકબેથનો પત્ર વાંચતાં જ લેડી મૅકબેથની આંખો ખુશાલીથી ચમકી ઊઠી. એની સુપ્ત રહેલી મહત્ત્વાકાંક્ષાઓ સળવળી ઊઠી. મૅકબેથ હવે મહારાજા?! અને પોતે મહારાણી?!... ભૂતડાંની આ ભવિષ્યવાણી સત્ય ઠરશે? સત્ય ઠરવી જોઇએ — ના, એને સત્ય 'કરવી' જોઈ એ! પણ મૅકબેથ?... સાવ મોળો પુરુષ! નીતિભીરુ અને પોચટ! એનાથી આ મહત્ત્વાકાંક્ષા સિદ્ધ થશે? કપટથી મળેલો વિજય એ સ્વીકારશે ખરો, પણ પોતે કપટ નહિ કરે. કપટ વિના તે વળી કામનાઓ ફળતી હશે? રાજસત્તા કંઈ સામેથી ચાંલ્લો કરવા ઓછી આવવાની છે?... એ તો એમ જ; હું જ એને પ્રેરીશ, એનો પીછો કરીશ, એને પજવી પજવીને એનામાં રહેલી મહેચ્છાઓને જગાડીશ, એનામાં આત્મવિશ્વાસ પેદા કરીશ; અને...લેડી મૅકબેથનું મુખ મલકી ઊઠ્યુ: 'વહાલા મૅકબેથ, વિધાતાએ તખ્ત અને તાજ તારા માટે જ નિર્માણ કર્યાં છે; વિશ્વની માયાવી શક્તિઓએ તેનું સમર્થન કર્યું છે. એ તખ્ત અને તાજ તારે હવે મેળવ્યે જ છૂટકો!'

આશા અને ઉમંગના પૂરમાં આમ લેડી મૅકબેથ તણાતી હતી ત્યાં કાસદ શુભ સંદેશો લાવ્યો. 'મહારાજા ડન્કન મૅકબેથદંપતીના અતિથિ બનવાના છે... મહારાજા અને મૅકબેથ આ તરફ આવી જ રહ્યા છે.' લેડી મૅકબેથે આ સંદેશો વધાવી લીધો. એમાં એને વિધાતાનો સંકેત જણાયો... દૂરથી ઘૂવડની ચીસ સંભળાતી હતી.

એ સ્ત્રીની અભિલાષાઓ હવે એના અંકુશમાં નહોતી. એનું સમગ્ર ચિત્ત વળીવળીને એક જ વિચાર પર ઠરતું હતું: ડન્કનનું નિકંદન... અને પોતાનાં સ્વપ્નોની સિદ્ધિ! જગતની આસુરી શક્તિ એના અંગેઅંગમાં સંચાર કરી રહી હતી.

ત્યાં મૅકબેથ આવ્યો. પતિ-પત્ની મળ્યાં. પત્નીએ પતિના કાનમાં પ્રપંચમંત્ર ફૂંક્યો. આજની જ રાતે લાગ છે: ડન્કનનો ઘાત અને રાજપદની પ્રાપ્તિ! આ પ્રપંચ સાંભળીને મૅકબેથ પહેલાં તો ચોંક્યો, ડર્યો, ડગ્યો...પણ પત્નીના પ્રભાવને આખરે અનુકૂળ થયો.

લેડી મૅકબેથના ઉષ્માભર્યા સ્વાગતથી રાજા ડન્કન પ્રસન્ન થઇ ગયો. એનો ઉમળકો જોઇને એ વારી ગયો. આવા સ્નેહાળ અને પોતાને



ચુડેલોનો મેળાપ

અત્યંત વિશ્વાસપાત્ર ગણનાર રાજવીનો ઘાત કરવાની યોજના મૅકબેથના અંતરમાં ખટકવા લાગી. રાજા પોતાને સ્વજન માનીને પોતાનો અતિથિ બન્યો હતો. હેત અને હોંશથી આવેલો મહેમાન હતો. એનો ઘાત કેમ થાય?

પોતાના ડંખતા અંતઃકરણની વાત એણે પત્નીને કહી; ત્યાં તો રોષથી એ ભભૂકી ઊઠી: 'હું જાણતી જ હતી કે તમે બીકુ નીકળવાના છો. રાજપદની મહેચ્છા કરી ત્યારે શું તમે મદિરા પીધેલી હતી? હું, તમને વીર માનતી હતી પણ તમે કાયર નીવડયા; હું તમને મર્દ ગણતી હતી, પણ...ઠીક, હવે તો તમારો મારા પરનો પ્રેમ પણ હું ફટકિયો જ માનીશ...'

મૅકબેથ પાછો જોયો પડી ગયો. લેડી મૅકબેથે તેને ઉત્તેજનાનો બીજો ડોઝ પાયો: 'તમારી મર્દાનગીનો આ પ્રશ્ન છે. તમે છો તેથી પણ વધુ મહાન તમારે બનવાનું છે. સ્થળ અને કાળ બંને અનુકૂળ છે ત્યારે તમે આવા કાયર કેમ બનો છો! તમે જાણો છો ને, મારું બાળક મને કેટલું વહાલું છે? પણ જો મારે સંકલ્પ સિદ્ધ કરવાનો હોય તો એ કુમળા બાળકની દાઢમાંથી મારું સ્તન ખેંચી લઇ તેને તત્કાળ ઝબ્બે કરતાં હું જરા પણ આંચકો ન ખાઉં.'

પત્નીની આ હિંમત જોઇને મૅકબેથ અવાક બની ગયો. આખું ષડ્યંત્ર પણ એણે જ રચી આપ્યું. રાજા ડન્કન થાક્યાપાક્યા જ્યારે ગાઢ નિદ્રામાં હોય ત્યારે પોતે એના અંગરક્ષકોને મદિરામાં ચકચૂર બનાવી બેહોશ કરી દેશે. એ તકનો લાભ લઈ મૅકબેથ ઊંઘતા ડન્કન પર ઘા કરશે. એ લોહીના છંટકાવ અને ખરડાએલું ખંજર અંગરક્ષકોના દેહ પર જોઈને લોકો એમને જ ખૂની માની લેશે. કેવી સાનુકૂળ યોજના! મૅકબેથ પત્નીના ચાતુર્ય પર મુગ્ધ થઈ ગયો.

રાત્રિનો પહોર અઘોર હતો. મૅકબેથની આંખ આગળ આખું કાવત્રું ભજવાઈ રહ્યું હતું. એ સૂતો રાજા ડન્કન... આ રહ્યું ખંજર... પણ એકાએક એ ચોંકી ઊઠયો. ખંજરના પાના પર ખૂનના ડાઘ શાથી હતા, મૅકબેથ વ્યગ્ર થઈ ગયો. ત્યાં જ બારના ટકોરા પડયા. ફરી હૈયામાં હામ ભીડીને મૅકબેથ પોતાના મહેમાન – રાજા ડન્કનનું ખૂન કરવા તત્પર થયો. એની પત્નીએ એ પહેલાં જ અંગરક્ષકોને બેહોશ બનાવી એનો માર્ગ સરળ કરી દીધો હતો.

મૅકબેથ રાજાના શયનખંડમાં દાખલ થયો. દૂરથી ઘૂવડ ચીસ પાડી ઊઠયું. લેડી મૅકબેથ ભયથી–અમંગળ શંકાથી ફફડી ઊઠી. કદાચ મૅકબેથ ડરપોક નીવડશે તો? એનાં કરતાં પોતે જ એ કામ ખતમ કરી દીધું હોત તો બહેતર થાત. પણ ના. ડન્કનના ચહેરામાં પોતાના પિતાની છાયા નિહાળી એ વિચલિત થઈ ગઈ. એ ઘાતકી કૃત્ય કરવાની તેની હિંમત ચાલી નહિ. બહાર તે વિમાસણમાં ઊભી હતી. એક એક પળ પતિની ઈન્તજારમાં વીતતી હતી. હૃદય ધડકતું હતું.

થોડી વારમાં મૅકબેથ અંતરથી ધ્રૂજતો ઝડપથી રાજાના શયનખંડમાંથી બહાર આવ્યો. એના અંગે અંગમાંથી વ્યગ્રતા ટપકતી હતી. કોઈ અગમ્ય અવાજ એના મગજ પર હથોડા મારી મારીને એને કહી રહ્યો હતો. 'મૅકબેથ, તેં ખૂન કર્યું છે...તારી ઊંઘ હવે હરામ થશે...તું હવે

ક્દાપિ સુખેથી ઊંઘીશ નહિ, મૅક્બેથ, તેં તારા હાથ ખૂનથી ખરડ્યા છે.'

અને મૅક્બેથ પોતાના હાથ સામે તાકી રહ્યો. નેપ્ચ્યુન સાગરનાં સમગ્ર નીર વડે પણ આ ખૂનના ડાઘ ધોવાશે ખરા? નહિ, આ ખૂનના ડાઘથી તો નીલસાગરો રક્તરંગી બની જશે...

લેડી મૅક્બેથે એના કાંપતા હૃદયને માંડ સધિયારો આપ્યો.

સવારના પહોરમાં તો 'ખૂન! ખૂન!'ના કોલાહલથી મૅક્બેથનો મહાલય ગાજી ઊઠ્યો. મૅક્બેથ, એની પત્ની, બૅન્કો, અમલદાર મૅકડફ, ડન્કનના બે પુત્રો એ બધાં આ ખૂન વિષે ટોળે મળીને ચિત્રવિચિત્ર કલ્પનાઓ કરી રહ્યા. મૅક્બેથે તથા તેની પત્નીએ પોતાના જ મહાલયમાં મહારાજા ડન્કનનું ખૂન થયું તેનો ભારે ખરખરો કર્યો. આવેશમાં આવીને તેણે ડન્કનના ખૂની મનાતા પેલા અંગરક્ષકોને પણ ઠાર કર્યા.

છતાં આ અંગરક્ષકો ખૂન કરે એ વાત કેટલાકની બુદ્ધિમાં ઊતરી નહિ, આ કરપીણ કૃત્યમાં કદાચ ખુદ મૅક્બેથનો જ હાથ હોવાની થોડાકને તો શંકા થઈ. ડન્કનના બે પુત્રો, અમલદાર મૅકડફ એ સહુને તો મૅક્બેથ જ શકદાર જણાયો. એથી, હવે તો મૅક્બેથ કદાચ પોતાની પણ હત્યા કરાવશે એવી ભીતિના માર્યા ડન્કનના બંને પુત્રો પરદેશ નાસી ગયા. એથી તો મૅક્બેથને ફાવતું આવી ગયું. એણે તેમને જ આ ખૂનમાં શકદાર ગણ્યા!

ડન્કન પછી રાજગાદીનો હવે કોઈ વારસ ન હોવાથી નજદીકના વારસ તરીકે મૅક્બેથના શિર પર રાજનો તાજ મુકાયો. એ પ્રસંગે બૅન્કોના મનમાં ભારે ગડમથલ ચાલી રહી હતી. ચુડેલોનું ભવિષ્ય સાચું પડયું. મૅક્બેથ મહારાજ બન્યો; તો પછી... પોતાનાં સંતાનો આ રાજગાદીના વારસ નહિ થાય? એ ભવિષ્ય પણ સાચું નહિ પડે? દૈવ જાણે.

બૅન્કોની જેમ જ મૅક્બેથને પણ રાજપદ મળ્યા પછી ચટપટી થવા માંડી હતી. હવે તે બૅન્કોથી પણ ડરતો હતો, કારણ કે એનું અંતઃકરણ ગુનેગાર હતું. બૅન્કો આ ખૂન માટે શું ધારતો હશે? અને એથી પણ વિશેષ ચિંતા હવે એને એ વાતની થવા લાગી કે પોતાની રાજગાદીના વારસો શું બૅન્કોના પુત્રો થશે? પ્રેતોની ભવિષ્યવાણી શું સાચી પડશે? ત્યારે આવા સજ્જન રાજાના ખૂનથી પોતે હાથ રંગ્યા તે બૅન્કોના વારસો ગાદી ભોગવે તે માટે? બૅન્કો ખતરનાક છે-માર્ગમાં કંટક છે. એને ઉખેડવો જ રહ્યો!

મૅક્બેથે મિજબાની ગોઠવી. મધઝરતી વાણીમાં એણે બૅન્કોને નિમંત્રણ પાઠવ્યું. બૅન્કોને મૅક્બેથના પ્રપંચની ગંધ આવી નહિ. પોતાના પુત્ર સાથે એ આવવા નીકળ્યો ત્યાં માર્ગમાં જ મૅક્બેથે મોકલેલા મારાઓ તેમના પર તૂટી પડ્યા. બૅન્કો મરણ પામ્યો પણ એનો પુત્ર નાસી છૂટ્યો અને મિજબાનીમાં મૅક્બેથ મહેમાનોના સત્કારમાં ગૂંથાઈ ગયો. મહેમાનો સમક્ષ એણે પ્રેમભરી ચિંતા પણ વ્યક્ત કરી. 'અમારો પ્રિય મિત્ર બૅન્કો સમારંભમાં ગેરહાજર કેમ?'

ત્યાં તો એકદમ એ થથરી ઊઠ્યો. બૅન્કોનું પ્રેત તેણે મિજલસમાં દાખલ થતું જોયું! એનું ભીરુ હૃદય અજ્ઞાત ભયથી કાંપવા લાગ્યું. લોહીથી ખરડાએલાં ઝુલ્ફાં હલાવીને બૅન્કોનું પ્રેત તેને ડારી રહ્યું હતું.

મહારાજાને આમ એકાએક વ્યગ્ર બનેલા જોઈ મહેમાનોમાં અત્યંત આશ્ચર્ય ફેલાયું. પરંતુ લેડી મૅક્બેથે પરિસ્થિતિ સંભાળી લીધી. મહેમાનોની ક્ષમા માગી તે પતિને માનસિક રોગને મિષે અંદર લઈ ગઈ. મૅક્બેથની વાત સાંભળી લઇને એણે એના પોચટ હૃદયને મઠારી મઠારીને મજબૂત કર્યું.

પત્નીનાં પ્રેરક વચનોથી તે પાછો હિંમતવાન બની મહેમાનોની વચમાં ઉપસ્થિત થયો. એણે પોતાને કારણે ઊભી થએલી તકલીફ બદલ દિલગીરી વ્યક્ત કરી. ફરી પાછી શરાબની પ્યાલીઓ ફરવા માંડી. મૅક્બેથ સ્વસ્થ બની ગયો. એણે ફરી બૅન્કોની ગેરહાજરીની વાત કાઢી. ત્યાં જ એનું પ્રેત તેને દેખાયું. હવે મૅક્બેથ છળી ગયો અને એને હડધૂત કરવા મથતો હોય તેમ સનેપાતમાં લવારા કરતા માણસની જેમ તે અર્થ વિનાના બકવાદે ચડી ગયો. મિજબાનીની મોજ મારી ગઇ. કંઇકંઈ તર્ક કરતા મહેમાનો વિખરાયા.

મૅક્બેથે યોજેલી આ મિજબાનીમાં સરદાર મૅકડફ હાજર રહ્યો ન હતો. એને મૅક્બેથની કપટનીતિની ક્યારની ય ગંધ આવી ગઈ હતી. મૅક્બેથને પણ હવે આ માણસ ડરવા જેવો લાગ્યો. ભવિષ્યમાં કદાચ એ કંઈ મુશ્કેલી ઊભી કરે તો? માટે એનું પણ કાસળ કાઢવું જ જોઇએ.


એમ છતાં મૅક્બેથનો જીવ સતત ફફડાટમાં રહેતો હતો. એના મનમાં અનેક શંકા-કુશંકાઓ જાગતી હતી. એને વિચાર આવતો કે પોતાનું ભાવી હવે કેવું હશે? કદાચ પેલી ડાકણો કંઈક રહસ્ય કહી શકે એમ વિચારી મૅક્બેથ જીવનનો સધિયારો શોધવા ડાકણોની પાસે પહોંચ્યો. એક ઘોર સ્થાનકમાં ગરમાગરમ કડાઈ ધીખતી હતી. તેમાં ઝેરી સાપનો ટુકડો, મગરની આંખ, દેડકાનો અંગૂઠો, કૂતરાની જીભ, નાગનો દાંત, ગરોળીના પગ, અજગરની કાંચળી, વરુના દાંત, બકરીનું જઠર, વાઘનાં આંતરડાં અને એવી અનેક સામગ્રીઓની રસોઈ તૈયાર થતી હતી. કડાઈની આસપાસ એ ડાકણો ગીત ગાતી ઘૂમતી હતી. મૅક્બેથે તેમની પાસે આવીને પોતાના ભાવિ જીવનની ચાવી માગી.

ચુડેલોના ચમત્કારથી ત્રણ ઓળા નીચે ધરતી પર ઊતરી આવ્યા. એક ઓળાએ એને કહ્યુ 'મૅકડફથી ચેતજે'. બીજાએ ઉમેર્યું, 'ક્રૂર થા. સ્ત્રી-જાયા કોઈ મનખથી તું મરવાનો નથી.' મૅક્બેથ હર્ષથી સાંભળી રહ્યો. ત્રીજાએ કહ્યું 'ગીચ, અઘોર બર્નમનું જંગલ જ્યારે સ્થાવર મટી જંગમ થાય-હાલતું ચાલતું કૂચ કરે ત્યારે ચેતજે!' મૅક્બેથ આનંદથી આ સુખદ ભવિષ્ય સાંભળી રહ્યો. પરંતુ હજુ એક વાતનો તેને અસંતોષ હતો. તેણે પૂછ્યું 'શું બૅન્કોના વંશજો ખરેખર મારી ગાદીના વારસ થશે?' જવાબમાં એણે બૅન્કોના વંશજોની હારમાળા જોઇ! લોહિયાળાં ઝુલ્ફાં હલાવતો બૅન્કો તેને હસી રહ્યો હતો. પણ ત્યાં તો જોતજોતાંમાં આ બધી માયા વાતાવરણમાં અલોપ થઈ ગઈ.

મૅક્બેથ પોતાને સ્થાને પાછો ફર્યો ત્યાં જ એને સમાચાર મળ્યા કે મૅકડફ ઇંગ્લન્ડ નાસી ગયો છે. મૅક્બેથને ફાળ પડી. એમાંથી ઝનૂન પેદા થયું. એણે મૅકડફની પત્ની અને બાળકોની કતલ કરાવી નાખી.



પતિને ખૂન કરવા પ્રેરતી લેડી મૅક્બેથ



'ઓહ, દગો! ભાગ, દીકરા ફ્લીઆન્સ, તું ભાગી છૂટ! જેથી તું આનું વેર લઈ શકે.'

પણ મૅકડફ તો હાથથી ગયો જ. એને ચુડેલોની ભવિષ્યવાણી યાદ આવી: 'મૅકડફથી ચેતજે, મૅકબેથ.'

ઇંગ્લન્ડમાં મૅકડફને પોતાના કુટુંબની કતલના સમાચાર મળ્યા અને તેનું લોહી ઊકળી આવ્યું. એ, માલ્કમ અને બીજા અનેક યોદ્ધાઓ ભેગા થયા. ઇંગ્લન્ડમાંથી તેમણે દશ હજારનું સૈન્ય ભેગું કર્યું અને મૅકબેથનાં કૃત્યોનો જવાબ માગવા સ્કૉટલૅન્ડ તરફ કૂચ કરી.

બર્નમનું જંગલ આવ્યું એટલે સેનાપતિઓએ એક અજબ વ્યૂહ રચ્યો. પોતાના સૈનિકોની સાચી સંખ્યા મૅકબેથને કે તેના સેનાપતિઓને માલૂમ ન પડે તે માટે તેમણે સૈનિકોની આગળના ભાગમાં બર્નમ જંગલના ઝાડમાંથી ડાળખાં ઉખેડી ઉખેડીને લગાવી દીધાં. એટલે માલ્કમ-મૅકડફનું લશ્કર આગળ વધ્યું ત્યારે ડાળખાંથી ઢંકાએલા સૈનિકોને બદલે જાણે જંગલ જ ખુદ કૂચ કરતું હોય તેવો દેખાવ થઇ રહ્યો!

મૅકબેથને આ લશ્કરી ચડાઇના સમાચાર મળી ચૂક્યા હતા. એને માથે બીજી એક મોટી ચિંતા આવી પડી હતી. એની પત્ની-લેડી મૅકબેથની હાલત હવે પાગલ જેવી બની ગઈ હતી. એનાં પાપ એના હૃદયને કોરી ખાતાં હતાં. ઊંઘમાંથી તે ઝબકી ઊઠતી; ઊંઘમાં ને ઊંઘમાં તે મહાલયમાં આંટા મારતી. પોતાના બંને હાથ વારેવારે તે મસળ્યા કરતી. કોઈ વાર ન સમજાય તેવા પ્રલાપ કરતી: 'ઓહ... આ કાળા હાથ હમેશ માટે કલંકિત રહેશે? ઓહ... આ નાનકડા નાજુક હાથ... અરબસ્તાનની તમામ સુગંધી પણ મારા હાથની દુર્ગંધ નહિ ટાળી શકે? અરે! હાથ ધોઈ નાખો... બહારથી ફૂલ બનો, ભીતરથી ફણીધર... ગભરાઓ ના; બૅન્કો તો ક્યારનો કબરમાં પોઢી ગયો છે... ઓહ! આ ટકોરા શાના? ફિકર નહિ, તમારો હાથ લાવો; ગભરાઓ ના; થનાર થઇ ગયું...'

મૅકબેથના ચિત્તમાં અજંપા ઊછળતા હતા. એની નિંદર હરામ થઈ ગઈ હતી. એમ છતાં એને બે વાતની ધરપત હતી. એક તો કોઇ સ્ત્રીજાયાથી પોતે મરવાનો નહોતો; અને જગતમાં સ્ત્રીથી ન જન્મેલો તે કોણ હોય? બીજું બર્નમનું જંગલ કૂચ કરે તે કદી બનવાજોગ નહોતું. એટલે તેને પોતાના મોતની તો ફિકર નહોતી.

હિંમત ધરી તેણે દુશ્મનોનો મુકાબલો કરવા પોતાનું સૈન્ય સજ્જ કરવા માંડ્યું અને એમની સામે મેદાને પડવા તૈયાર થયો. ત્યાં જ અપશુકન થયા. લેડી મૅકબેથનું અવસાન થયું! પણ ઝનૂનથી છંછેડાએલા મૅકબેથે બધી ચિંતા છોડી દુશ્મનોની હિલચાલ તપાસવા માંડી.

ત્યાં જ એક કાસદ ભયથી દોડતો હાંફતો દોડી આવ્યો: 'મહારાજ, ચમત્કાર થયો! બર્નમનું જંગલ હેંડતું થયું છે ને આપણી ગમ આવે છે!'

'હેં?! હોય નહિ! જૂઠ્ઠા! ગુલામ!' મૅકબેથનો અવાજ ફાટી ગયો. ચુડેલોની આગાહી સાચી પડતી હતી. મૅકબેથને એ ન સમજાયું કે બર્નમનું જંગલ કૂચ કરી જ શી રીતે શકે?

મૅકબેથે લશ્કર લઇને દુશ્મનોની સામે કૂચ કરી. રણમેદાનમાં બંને લશ્કરો સામસામે ગોઠવાઇ ગયાં. મૅકબેથે રણજંગમાં પ્રવેશ કર્યો. જનરલ મૅકડફ એને જ ખોળી રહ્યો હતો. પોતાના કુટુંબની કતલની યાદથી એનું લોહી ઊકળી ઊઠતું હતું. મૅકબેથ અને મૅકડફ બંને તલવાર તોળીને એકબીજાને આહ્વાન કરી રહ્યા. મૅકડફ અત્યંત રોષથી પોતાની તલવાર વીંઝી રહ્યો હતો. મૅકબેથે એને છંછેડવા માટે કહ્યું: 'નાહક શીદ તલવાર વીંઝે છે? તારી ગમે તેવી તાતી તલવાર પણ મને મારી શકે તેમ નથી. મૅકડફ તું પરાજય પામવા માટે જ સર્જાયો છે; અને હું અજેય... મને વરદાન છે કે સ્ત્રીજાયા કોઈ પણ પુરુષથી હું મરવાનો નથી.'

આ વચનો સાંભળી મૅકડફે ફરી પોતાની તલવાર ઘુમાવી અને પોતાનાં વચનોથી મૅકબેથને ચોંકાવી મૂક્યો: 'તારું વરદાન નિરર્થક છે, મૅકબેથ. હજુ સુધી ન જાણ્યું હોય તો હવે જાણી લે કે મૅકડફ સ્ત્રી-જાયો નથી. એ એની માતાની કૂખે અકાળે શસ્ત્રોપચારથી જન્માવેલો છે.'

મૅકબેથના હાથ હેઠા પડી ગયા. ત્રણ ચુડેલોની આખરી આગાહી એની આંખ સમક્ષ તરવરવા લાગી. એનું જોમ જતું રહ્યું. અને... મૅકડફની લોહીતરસી તલવાર મૅકબેથના ખૂનથી રંગાઈ ગઈ.

આંતરરાષ્ટ્રીય થીએટરનો ચોતરો

ચંદ્રવદન મહેતા

બાલેનો તાંતણો આપણે બહુ તાણ્યો, એટલે હવે એને હમણાં પડતો મૂકીએ. જ્યારે મૉસ્કો પહોંચીશું અને બોલ્શોઈ થીએટરમાં સ્વૉન લેઈક બાલે જોઇશું, ત્યારે પાછો તાર ત્યાંથી આગળ સાંધીશું.

પારી(સ)માં કોઇને મળવાનું નક્કી કરવું હોય તો સગવડભરેલું સ્થાન ઓપેરા. એની બરાબર સામે બસોના થોભા અને વચમાં ભૂગર્ભ રેલવેના સ્ટેશનમાંથી નીકળતો માર્ગ, એ ચોકમાં જેને મળવું હોય તેને મળાય. કદાચ કોઇને મોડુંવહેલું થાય અને ત્યાં કલાકોના કલાકો ઊભા રહો, યા બાજુના રેસ્ટોરાંની પગથારમાંની ખુરશી ઉપર બેસી પારી(સ)ની મેદની જોયા કરો તો યે ગમ્મત પડે. વળી સામે જ ઘડિયાળ, ચારે દિશામાં કાંટા સમય બતાવે. મારું ઊભા રહેવાનું ઠામ એ ઘડિયાળની નીચે, બરાબર ઓપેરોની સામે.

મોરિસભાઇએ વળી એક એસ્ટેલા બ્લેઈન જોડે ઓળખાણ કરાવી હતી. ચિત્રોની શોખીન, ચિત્રોનાં પ્રદર્શનોમાં હમેશાં સ્વયંસેવક, બાકી, વ્યવસાય રંગભૂમિ કે રૂપેરી પરદો. ઘણી ઠાવકી છોકરી, ચ્હેરેમ્હોરે તો એવી ખરી, પણ એક વાર એના ચહેરાના સળ ભાંગ્યા અને મોં ઉપર હાસ્યની વલ્લરીઓ પ્રફુલ્લી ઊઠી તો, એની આકર્ષણશક્તિ અનેકગણી વધે. આપણે આઈમીને મળ્યા હતા એવી જ આ. પણ આઇમી બચ્ચા જેવી નિર્દોષ લાગે અને વર્તનમાં ગંભીર જણાય. પરંતુ બંને આપણે જે વિષય છેડીએ એ સંબંધી ઉત્સાહપૂર્વક વાત કરી શકે. વળી પારી(સ)માં સામાન્ય રિવાજ એવો કે થીએટરમાં કોઈ એકલો તો ભાગ્યે જ જાય; હોય મારા જેવો અભાગિયો કોઈ, પણ મોરિસભાઈની મહેરબાનીથી ત્યાં; હરવાફરવામાં તેમજ ફ્રાન્સનાં થીએટરો વિષે જાણવા માટે આ બે બતકડીઓએ સારી કૃપાદૃષ્ટિ વરસાવી. વાતવાતમાં જણાવ્યું કે સાર્ત્રનાં નાટકોમાં પણ આ એસ્ટેલાએ કામ કરેલું.

તે દિવસે રવિવાર હતો–બંધું બંધ. સવારના જ ઓપેરાના ચોગાનમાંથી ભેળા થઈ એક બસમાં અમે પારી(સ) બહાર નીકળી ગયાં. વૃક્ષારોપણનું નામ દેવાથી ઝાડ પ્રત્યે આદરભાવ પેદા થતો નથી, એની માવજત કરવાથી, એને ઉછેરવાથી, એની સાથે તાદાત્મ્ય સાધવાથી વૃક્ષો સભર સજીવ અને શોભાસ્પદ લાગે છે. એવી એક સુંદર વૃક્ષઘટાવાળી વનરાઈ પારી(સ)ની નજીકમાં જ હશે એનો મને ખયાલ પણ



ઓપેરા ને તેની સામેનો ચોક



એસ્ટેલા બ્લેઈન

નહિ. ત્યાં એણે સાર્ત્ર ઉપર વિવેચના આદરી. સાર્ત્ર તો સમજ્યા, પણ એની વાતમાંથી ફ્રાન્સના લોકોની મનોદશા તારવવાનું સુગમ પડચું.

કૉલેજમાં ભણતાં સિમોન દ બિવોર નામની કન્યકા સાથે એને પ્રેમસંબંધ થયો. બંનેએ પ્રોફેસરનો ધંધો શરૂ કર્યો અને પરણ્યાં, પણ છૂટાંછૂટાં રહેવાનું થતાં મનમાં ગ્લાનિ અનુભવવા લાગ્યાં. સાર્ત્રને ત્યારથી જ મનુષ્યનું જીવન ઠાલું છે એવું ભાન થવા માંડચું. ઠાલું તો છે, પણ માનવ સ્વતંત્ર છે, કશા બંધનથી બંધાએલો નથી, એ ચાહે તે કરી શકે છે, મન થાય ત્યાં હરીફરી શકે છે, અને એમ વિચારતાં આખરે તો એ એકલો જ છે, એથી એનું જીવન ઠાલું છે, એવા નિર્ણય ઉપર એ આવ્યો. એ છે તે છે, જીવવું એટલે જે છે તેવા થવું એવો સાર એણે સારવ્યો. એ ફિલસૂફીને એક્ઝીસ્ટેન્સીઆલિઝમનું લેબલ ચોંટચું. ઈશ્વર એક બિનજરૂરી વસ્તુ છે, એની જરૂર પણ નથી. એના અસ્તિત્વનો સ્વીકાર ન કરવાથી માનવજીવન તો જેમ છે તેમ ચાલ્યા જ કરશે, એમાં કશો ફેર પડવાનો નથી, તો એના અસ્તિત્વની જરૂર જ શી છે, એમ એણે ઘટાવ્યું. ત્યારે માનવ તો કંઇનું કંઈ કર્યા તો કરે છે જ, વિચારે કે આચરે, તો એ જે એવું કરે છે એ જ માનવની હસ્તી, એના જીવનનું રહસ્ય, જીવનનું સાર્થક: બસ પતી ગયું.

આ ચર્ચામાં સાર્ત્રના પેલા નર્કમાં પુરાએલા ત્રણ જણાની વાતના નાટકની પણ ચર્ચા થઈ, 'નો એક્ઝિટ' યાદ હોય તો આપણે કોલોનમાં જોયું હતું તે. એસ્ટેલાએ જ કહ્યું કે ઈશ્વરને ન સ્વીકારનારને નર્કનું અસ્તિત્વ સ્વીકારવું પડચું એનું કારણ સમજાવો. મેં કહ્યું, 'એનું કારણ હું સમજાવું? અમે તો ઈશ્વરના અસ્તિત્વને સ્વીકારીએ જ છીએ એટલે બધાને સ્વીકારીએ. ઇશ્વર નહિ, માનવ કશાથી બંધાએલો નહિ, સ્વતંત્ર, તો પછી એને સંઘર્ષ પણ નહિ, એટલે નાટક પણ નહિ એમ હું તો માનું' એસ્ટેલા કહે કે એ તો મોક્ષમાં પણ કદીક માને છે. તો હું કહું એના મોક્ષનો ખયાલ તો માનવ આહીં જીવી રહ્યો છે તે જ મોક્ષ, આગળપાછળ હવે સાર્ત્રની વિચારશ્રેણી પ્રમાણે રહ્યુ શું? એસ્ટેલા વળી પૂછે છે કે સાર્ત્રને નવતર ફ્રાન્સનો ફિલસૂફ કહી શકાય? ત્યાર મેં બર્ગસોંની વાત કરી, એને નાટકકાર ગણાવી શકાય એમ મેં પૂછ્યું, ત્યારે એ ગૂંચવાડામાં પડી. 'ટાઇમ ઍન્ડ કોનવેઝ' યા 'ડેન્જરસ કૉર્નર' જેવાં ઘણાં નાટકોનો લેખક જે. બી. પ્રિસ્ટલી પોતાની જાતને નાટકકાર ગણાવે છે, ફિલસૂફ તો કદી નહિ જ; કારણ, એ કહે છે 'મારે ફિલસૂફ થવું હોત તો નાટકશાળામાં નાટક કરવા યા નાટક લખવા શા માટે જાત?' માણસ પ્રચારમાં પડચો કે એની સર્જનશક્તિમાં ફાટ પડવાની, એના ચૂરા થવાના.

પણ આ બધી આડી વાત સાર્ત્રને સમજવા જતાં સાર્ત્ર તો ગૂંચવાએલો છે જ; એમ એને સમજવા મથનારા પણ ગૂંચવાઈ જાય છે. આપણે ત્યાં સ્યાદ્વાદ છે, અનોખો વાદ છે અને સપ્રમાણ પણ છે; ચાર્વાકવાદ છે એમાં પણ દલીલો કડીબદ્ધ ચાલી આવે છે. અહીં તો મૂળથી જ ગૂંચવાડો, એમાં ઘમસાણ. પરંતુ આપણે એની સાથે પણ કામ નથી, ફ્રેન્ચ પ્રજાનો દિમાગ કેવો છે, એ સાથે કામ છે. જીવન ટાઢું છે, જીવી લ્યો. 'આજનો લ્હાવો લીજીએ જી કાલ કોણે દીઠી છે' એ શબ્દનું અક્ષરશઃ પ્રતિપાદન, પાલન; આપણી માફક 'મારા વ્હાલા, વળી બધું ક્ષણભંગુર છે' એમ પણ નથી કહેતા. ટૂંકમાં એટલું જ કે જીવન ઠાલું, ખાલીખમ છે. એટલે જે દેખાય છે, જે હોય છે, જે સાથે છે, એનાથી ભરો, ભરચક ભરો, ખાઓપીઓ, હરોફરો, જ્યાં મનમર્કટને ગમ્મત પડે તે જુઓ, જોવામાં રાચો, એક ઘડી પણ ખાલી ન રાખો. જે છે તે આ; જેવું જુઓ છો તે જ છે આવું; એ થકી દૂર, એની પેલી પાર, બીજું કશું નથી; એટલે મોટા ભાગની પ્રજા માણી લેવામાં માને છે, બીજા જે બહારથી આવે એને પણ મણાવી લેવામાં આનંદે છે. આ ચર્ચામાં મને ગમ્યું તે એસ્ટેલાનું ચકોર મગજ, જે છે તે તેનું પણ બરાબર સમજવાની જાગરૂકતા, એની પાર પણ કંઇક છે, એ જાણવાની એની ઉત્સુકતા.

અરે! પણ આ સીધા સોટા જેવાં, માનવથી વીસેક ગણાં ઊંચાં, એકબીજાની કરોડમાં ટેકો દઇને નીરવ શાંતિમાં ઊભેલાં અસંખ્ય વૃક્ષોએ રચેલા આ સૌન્દર્યને તો માણ્યું જ નહિ! ચાલ્યા જ કરો. ક્વચિત્ વળી સૂરજનાં કિરણો એમાં આંગળી પરોવે અને દિશા અજવાળે. બાકી એને સ્થાનકે ઊભા રહીને પણ આ તરુવરોને આપણને ઘેરી વળતાં વાર નહિ લાગે. દીવાબત્તીના ઝગમગાટ, બસો-અઢીસો વાદિત્રોના સૂરસ્પંદન, એવુંએવું જોવા જવાનું સતતનું મનનું વલણ. એમાંથી આવી નીરવ શાંતિમાં કુદરતને ખોળે વિહરતાં આનંદ મેળવવાની વૃત્તિ થઈ, એ જાણી મન પ્રફુલ્લ થયું.

એસ્ટેલા મને પૂછે કે તમે લુવ્ર મ્યૂઝિયમ જોઇ આવ્યા? મેં કહ્યું ગઈ વખત ખૂબ જોયું હતું; આ વખત તો નાટકો જ જોવાં છે. એને ચિત્રોનો શોખ, એટલે એ પૂછે કે 'મોના લિસા જોયું?' મેં કહ્યુ કે લુવ્રમાં જઈ લીઓનાર્દો દ વિન્ચીની એ મશહૂર કૃતિ ન જોઉં એમ બને ખરું? એસ્ટેલા પૂછે કે કઈ સાલમાં જોઈ? તો મેં કહ્યું, ૧૯૪૯માં અને પછી ફરી ૧૯૬૦માં ને તરત એણે કહ્યું: 'તો તો લીઓનાર્દોની જ કૃતિ જોઈ.' મેં પૂછ્યું 'એટલે?' તો એ કહે કે 'લુવ્રમાં લગભગ વીસ વર્ષ સુધી એ કૃતિ જોવામાં નહોતી આવી.' મેં પૂછ્યું: 'એમ'?

'તમને કદાચ ખબર નહિ હોય, પણ લુવ્રમાં પણ ચોરીઓ થાય છે. કહે છે કે ૧૯૧૧માં અમેરિકન ટૂરિસ્ટ મિસિસ હેમંડ સાંજે મોના લિસા જોવા લુવ્રમાં દોડી, તો ત્યાં ચિત્ર ન મળે! જગ્યા ખાલી! અને તરત તપાસ શરૂ થઈ અને હોહા થઈ ગઈ. વીસ વર્ષ સુધી આ ચોરી પકડી ન શક્યા. ચોરનાર કોઇ સ્પેનનો ઉમરાવ, ઉમરાવ પણ બનાવટી નામનો, બ્યુએનો આયર્સમાં એ એનું કળાનું કારખાનું ચલાવે; મશહૂર ચિત્રકૃતિઓની નકલ બનાવરાવે. એ માટે એણે એક ફ્રેન્ચ કલાકાર કોદ્રોને રોકેલો. તે આબેહૂબ નકલ કરવામાં ભારે હોશિયાર. ભલભલી કૃતિઓની નકલો બનાવે. એ જ એનો ધંધો. ભારેનો કુશળ. એને ત્યાં ખપજોગા વીજળીના પંખા, બારીક કોફીની રજકણ જરૂર પૂરતી ઉડાવવાની પિચકારીઓ, ચિત્રફલકમાં ફાટ પાડવાનાં, કાણાં પાડવાનાં, પોપડાં ઉઠાવવાનાં સાધનો; ટૂંકમાં, કાળ જે પાંચસો-હજાર વર્ષમાં ધીમેધીમે ઘા મારે, એવા ઘાની અસર મહિના બે મહિનામાં પાડી બતાવવાના ઉપાયો એણે બનાવેલા, એવો જાલિમ એ કારીગર.

પેલા ઉમરાવની દાનત નકલો અસલ તરીકે વેચી, ફરીથી અસલ લુવ્રમાં સોંપવાની; પણ અસલ ગુમ તો કરવી જ જોઇએ; તો જ એની આબેહૂબ નકલ પણ થઇ શકે. એટલે ઉમરાવે એક અંગ્રેજ, એક ફ્રેન્ચ અને એક અમેરિકન, એમ ત્રણ ગઠિયાઓ સાધ્યા; આવી કૃતિઓ સંઘરનાર એક કરોડપતિને કાને વાત નાખી; એને અસલ મળે તો એ ખરીદવા તૈયાર થયો; અસલ ચોરવા સોમવારે, જ્યારે બહારનાઓ માટે મ્યૂઝિયમ બંધ રહે છે અને અંદરના કામદારો સાફસૂફી કરે છે, તેવા સોમવારને આગલે દિવસે કામદારો જેવાં કપડાં બગલમાં લઇ લુવ્રમાં રહેલા કામ કરનારા એક પેરૂજિયા નામના ઈટાલિયન કામદારને સાધેલો ને રવિવારે દાખલ થઇ ગયો, સાથે બીજા બે સાથીદારને પણ લઈ ગએલો. આખી રાત ત્યાં ભૂખ્યો પડી રહ્યો. સવારે કામદારનાં કપડાં પહેરી, સાફસૂફી કરતાં ફ્રેમ ઉતારી, પાંચદસ મિનિટમાં ૨૦''×૩૦'' ઇંચનું ચિત્ર છૂટું કરી હાથમાં લઈ હિમ્મતભેર આખરના બહારના દરવાજા સુધી પહોંચી ગયા; અને ત્યાંનો દરવાન પાણીની બાલદી ભરવા આઘોપાછો થયો કે ત્રણે શાહુકારો દરવાજા બહાર!

ચોરીની બૂમ પડયા પછી થોડા મહિના બાદ કોદ્રોએ જે ચાર પાંચ નકલ બનાવેલી તેને અસલની ઠેરવી એક પછી એક વેચવા કાઢી. ચોરી થઇ ૧૯૧૧માં, ઉમરાવ ગુજરી ગયો ૧૯૩૨માં, દરેકને ભાગે કેટલા પૈસા આવ્યા તે ભગવાન જાણે. પણ વીસે વર્ષે પેરૂજિયાએ પોતાને મળેલાં નાણાં ખર્ચી નાખ્યાં હશે કે શું—અને અસલ એની પાસે રહી ગએલી, એટલે એ ફ્લૉરેન્સમાં કોઈ આવા ચિત્રના વેચનારાને ત્યાં લઇ ગયો. એણે તરત જ અસલને પારખી, અને પોલીસને ખબર આપતાં પેરૂજિયા પકડાયો અને ત્રણ સાલ કેદમાં (અનુ. પૃ. ૨૮મે)



પારી(સ) નજીકની એક વનરાઈ

આત્મકથાનક · ૨૫

જીવનપટનાં સ્મૃતિચિત્રો



લેખક
આલેખક
રવિશંકર રાવળ

૧૦૮ બંગલામંડળની વધુ વાતો

ગયા અંકમાં જણાવ્યા પ્રમાણે શ્રી પોપટભાઈ પંડ્યા અને શ્રી ગિજુભાઈ ભાવનગર છોડી, એક અભ્યાસ અર્થે નાગપુર અને બીજા કમાણી અર્થે નાઇરોબી ગયા, એ વિષે કેટલીક વધુ માહિતી:

ભાવનગર રાજ્યના દીવાન શ્રી પ્રભાશંકર પટ્ટણી ઘણા પરદેશી વિદ્વાનો તથા પ્રવાસીઓને સારો આદર આપતા. આર્ય સમાજના એક સ્વામી ભૂમાનંદ જાપાનનો પ્રવાસ કરી ભાવનગર આવેલા તેમને પૂરી સગવડ સાથે પાનવાડીમાં દરબારી મહેમાન તરીકે રાખેલા. જ્યારે જોઇએ ત્યારે બે ઘોડાની ગાડી તેમને ફરવા જવાને મળતી અને શ્રી પટ્ટણી વખતોવખત તેમની પાસેથી વિદેશોની માહિતી મેળવતા. તેમની સલાહથી જાપાનમાં વીજળીનું અદ્યતન જ્ઞાન મેળવવા એક નાગર વિદ્યાર્થીને વર્ષે ૧૦૦૦ રૂપિયાની શિષ્યવૃત્તિ આપીને મોકલેલો; પણ પરદેશી રીતભાતથી અકળાઈ તે હૉંગકૉંગથી જ પાછો ફરેલો, એટલે પોપટભાઈએ તે શિષ્યવૃત્તિથી જાપાન જવાની મરજી બતાવીને અરજી કરી. જાપાન સંબંધી માહિતી મેળવવા એમણે ભૂમાનંદ સ્વામીની મુલાકાતો પણ લીધી.

આવી એક મુલાકાતમાં મને પણ એક વાર સાથે લઈ ગયા હતા. ત્યાં વાતવાતમાં મને ચીતરવાનો શૉખ છે એ વાત સ્વામીજીને કહી એટલે સ્વામીજીએ જાપાનના વિદ્યાર્થીઓ વિષે જણાવ્યું કે ત્યાં દરેક વિદ્યાર્થી ખિસ્સામાં એક નાની નોંધપોથી રાખે છે અને પોતાના અભ્યાસના વિષય માટે જ્યાંજ્યાંથી જે કંઈ જાણવાનું મળે તેની નોંધ કરતો જ રહે છે. ચિત્રકાર વિદ્યાર્થીઓ પણ જ્યાંત્યાં કંઈ ને કંઈ ચિત્રનોંધ કે આકૃતિઓ કરતા હોય છે. આ વાત મેં પકડી લીધી અને તે પછીથી હું ખિસ્સામાં એક નોંધપોથી રાખવા લાગ્યો. મારી એ સ્કેચ બુકોમાંની છૂટીછવાઇ આકૃતિઓ મારી ભવિષ્યની સમૃદ્ધિ બની ગઈ.

પોપટભાઇની શિષ્યવૃત્તિની અરજીઓ અને આંટાફેરાથી કંઈ વળ્યું નહિ ત્યારે શ્રી પટ્ટણીને તે રૂબરૂ મળ્યા અને કહ્યું કે 'કોઇ પણ રીતે મારે પરદેશ જવું છે.' તો જાણવા મળ્યું કે હવે રાજ્ય કોઇને પરદેશમાં મોકલવા માગતું નથી. કૃષિવિદ્યાની જરૂર જોઇ હિન્દ સરકારે નાગપુરમાં એક નવી ખેતીવાડીની કૉલેજ ખોલી છે તેમાં જો અત્યારે દાખલ થઈ જાઓ તો ભવિષ્યમાં તેના આગળ અભ્યાસ માટે સહાય મળે. પોપટભાઇને ખેતીવાડી વિષે જરા પણ શૉખ કે જ્ઞાન નહોતાં, પણ એક નવું જ ક્ષેત્ર મળે છે અને ભવિષ્યમાં તેને અંગે વિદેશ જવાનું મળશે એ વિચારે રાજ્યની માસિક રૂ. ૧૫ની શિષ્યવૃત્તિ લઇ તે નાગપુર ગયા. ત્યાં બધા જ પ્રોફેસરો યુરોપિયનો હતા. ટ્યૂશન-ફી કે નિવાસગૃહનું ભાડું નહોતું; માત્ર ભોજન-ખર્ચ ક્લબની રીતે કરવાનો હતો. અને તેમાંથી આવતાં-જતાંની ૫૦-૬૦ રૂપિયાની રેલવે-ફી પણ બચાવી લેવાની હતી.

ગિજુભાઇની વાત વળી જુદી હતી. એમણે આફ્રિકા જઇને નોકરીનું નક્કી કરવાનું હતું. એમની સાથે એમના સહાધ્યાયી મિત્ર પ્રશ્નોરા યુવાન શ્રી લાભશંકર પ્રભુરામ ભટ્ટ પણ સ્ટીમરમાં ચડી ગયા, પણ નવા મુલકનું લોકજીવન જોઇ તેમની જ્ઞાતિ-ભાવનાઓ અકળાઈ ઊઠી અને મૉમ્બાસાથી જ પાછા ઘેર વળી આવ્યા.

આ લાભભાઇ પણ સ્ટેશન-બંગલા-મંડળના એક નિયમિત મુલાકાતી હતા. જ્ઞાતિ-સંબંધથી તે શ્રી મણિશંકર ભટ્ટ (કવિ 'કાન્ત')ની નિકટમાં પહોંચ્યા હતા, એટલે રોજ તેમને ઘેર જઈ વિદ્વદ્ભોગ્ય વાર્તાલાપનો લહાવ તે મેળવતા, ને પછી બંગલે આવી તેની પુનરુક્તિ કરતા. શ્રી 'કાન્ત'ની કોઇ નવી કવિતા રચાય તે બીજે દિવસે બંગલામંડળમાં રજૂ થઇ જ હોય.

એ જ અરસામાં શ્રી પ્રભાશંકર પટ્ટણીની સહાયથી 'કલાપીનો કેકારવ' પ્રથમ વાર ભાવનગર દરબારી છાપખાનામાં છપાઇ તૈયાર થયો, તેની પ્રથમ પ્રત મહારાજા સુધી જાય તે પહેલાં તો એક પ્રત લાભભાઇના હાથમાં આવી અને બંગલે હાજર થઇ! તરત જ રતિલાલ પાઠક 'સ્નેહજ્યોતિ', રામનારાયણ પાઠક, ગિજુભાઇ વગેરે સમડીની જેમ તેના પર તૂટી પડ્યા અને અઠવાડિયા સુધી તેના એકેએક કાવ્યનો લલકાર અભ્યાસી-ઓરડીમાં ગુંજી રહ્યો.

આ લાભભાઈ પછીથી નોકરી કરવા મુંબાઇ ગએલા, જ્યાં તેમના સાહિત્યપ્રેમે તેમને મુનશીજીના અંગત ગૃહમંત્રી બનાવ્યા અમારા મંડળમાં હતા ત્યારે અવારનવાર કાવ્યો ગુંજતા મળી જાય. તે હમેશાં ભાવનગરની ગુજરીના રસ્તે આવતા-જતા, તેથી 'ક્યાં જાઓ છો' એમ અમે પૂછતા ત્યારે (વૈતાલીય છંદમાં) બોલતા:

> 'ગુજરી દિનરાત જાઉં છું,
> ગુજરીને જીવતો ય થાઉં છું!'

એ સમયમાં શ્રી પ્રભાશંકર પટ્ટણી, કવિ 'કાન્ત,' કવિ ત્રિભુવન પ્રેમશંકર, કવિ બોટાદકર વખતોવખત મળતા. તે મંડળનું 'કવિતા-કલ્લોલ' નામનું એક માસિક પણ નીકળતું, તે બે વર્ષ ચાલી બંધ પડ્યું. શ્રી પટ્ટણી તેમાં પોતાનાં રચેલાં કાવ્યો પ્રકટ કરતા. એમનું 'ઉઘાડી રાખજો બારી' એ ગીત અમે પણ ગાતા.

૧૦૯ છઠ્ઠી અંગ્રેજીના વર્ગમાં

પોપટભાઈ અને ગિજુભાઈના પરદેશ ગયા પછી હું છઠ્ઠી અંગ્રેજીમાં મોતીચંદ લૉર્ડના વર્ગમાં ગયો. છઠ્ઠીના બીજા 'બી' વર્ગના શિક્ષક હતા સુરતના કાયસ્થ શિવસુખરામ. હાઇસ્કૂલના પ્રારંભમાં બહારગામના જે શિક્ષકો આવેલા તે પૈકીના તે જૂના શિક્ષક હતા. બીજા એક મહાસુખરામ હતા, જે નિવૃત્ત થઇ ગએલા. શિવસુખરામ ગોરા, પાતળા અને ઊંચા હતા. પાન ચાવતું મોં ધરાવતો હસમુખો સ્વભાવ અને શિક્ષણમાં ઉત્સાહી હોવાથી ઘણા વિદ્યાર્થીઓ તેમના વર્ગમાં જવા ઇચ્છતા. બધા શિક્ષકોમાં તેમની ઊંચાઇ વધારે હતી એટલે કેટલાક તોફાની વિદ્યાર્થીઓ તેમને માટે 'શિવસુખ લંબો' જેવું તોછડું વચન વાપરતા.

મારા શિક્ષક મોતીચંદ લૉર્ડ અગાઉના ફોર્થના શિક્ષક મોહનલાલ લૉર્ડ કરતાં જુદાં કારણોથી લૉર્ડ કહેવાતા. તે પેન્શનની વયે પહોંચી ગએલા. પોશાકમાં ભાવનગરી પાઘડી અને લઘરવઘર ખુલ્લાં બટનવાળો કોટ ઉપર ખેસ ગળે વીંટાળેલો રાખતા. ધીરી ચાલે આવતા, વર્ગમાં આવી ટોપી પહેરતા, મરકમરક હસ્યા કરતા અને શીખવવા-



મોતીચંદ માસ્તર

માં લહેરી બનતા. ઠોઠ વિદ્યાર્થીને કહી દેતાઃ 'તું નહિ ભણે તો મારા બાપનું કંઈ નથી જવાનું અને મારા પગારના ૬૦ના પોણીસાઠ કોઇ કરવાનું નથી; સું સમજ્યો?' 'શું'ને બદલે તે 'સું' જ બોલતા.

ભાવનગરના તે વતની, એટલે અમારા કુટુંબને ઓળખતા. તેમના એક સંબંધીનો પુત્ર તુલસીદાસ તેમને ત્યાં રહી ભણતો. તેના પિતા ઘણું કરીને નહોતા એટલે ઓશિયાળા થઈ તેને બધું સાંખી લેવું પડતું. આ તુલસીદાસ સાથે મને ફાવતું એટલે તેને મળવા એકબે વાર હું મોતીચંદ માસ્તરને ત્યાં ગએલો અને તે પણ મારે ત્યાં આવતો-જતો. આ તુલસીદાસના કુટુંબમાં વેપાર-ધંધો હશે એટલે તે વહેલા ભાવનગર છોડી ગએલા. ઘણાં વર્ષો બાદ પુખ્ત વયે મુંબાઇમાં અમે ભેગા થઇ ગએલા ત્યારે મરીન ડ્રાઈવ પરના 'તુલસીવિહાર'ના લક્ષાધિપતિ માલિક તરીકે મને એમનો પુનઃ પરિચય થયો.

ચિત્રવર્ગમાં હમેશાં સાથે રહેલા છગન સોની આ વર્ગમાં મારી સાથે આવ્યા. તે પણ ચિત્રમાં આગળપડતા વિદ્યાર્થી હતા. ઘરનો સોનીનો ધંધો, એટલે નકશીકામની ડિઝાઇનો સુરેખ આલેખી શકતા, પણ અભ્યાસમાં પરાણે ખેંચાતા આવતા. વળી તે વખતના વિદ્યાર્થીઓમાં તેની ઊંચાઇ એટલી મોટી હતી કે વિદ્યાર્થીઓમાં તેનું ઓળખાણ 'છગન લાંબા' તરીકે અપાતું. આથી લેસન આપવામાં પાછા પડતા વિદ્યાર્થીઓને મોતીચંદ લૉર્ડ ઊભા કરતા ત્યારે છગન સોનીને બહુ સાંભળવું પડતું. એકબે વાર તેની ખૂબ ટીકા કરીને પાટલી પર ઊભા કરી શિક્ષકે વધુપડતું સંભળાવ્યું, તેનું તેને એટલું માઠું લાગ્યું કે બીજા દિવસથી તે દેખાયા જ નહિ અને પોતાનો ચિત્રનો શૉખ પૂરો કરવા વડોદરા જઈ કલાભવનમાં દાખલ થઈ ગયા.

એ વર્ગમાં મને જુદાજુદા વાસના ને જુદાંજુદાં ગામના વિદ્યાર્થીઓનું ઓળખાણ થવા લાગ્યું. આખા ભાવનગર રાજ્યમાં બીજી હાઈસ્કૂલ નહોતી. શિહોર, મહુવા, બોટાદ, કુંડલા વગેરે સ્થળે ચોથી અંગ્રેજી સુધીનું જ ભણતર હતું, એટલે ત્યાંથી આગળ ભણવા ઇચ્છતા વિદ્યાર્થીઓ ટ્રેઈનમાં ભાવનગર ભણવા આવતા. કોઈ કોઈ વળી સગાંસંબંધીને ત્યાં રહી ભણતા. સિહોરથી આવતી એવી ટોળીમાંથી જગન્નાથ પંડયા સાથે મારી મૈત્રી શરૂ થઈ. તેના પિતા ભવાનીશંકર પંડ્યા ધાંધળીમાં શિક્ષક હતા અને મારા પિતાશ્રીના પરિચયમાં આવેલા એક સંસ્કારી સજ્જન હતા. આ જગન્નાથ ભવિષ્યમાં પૂર્વ આફ્રિકાના વિખ્યાત લોકનેતા શ્રી જે. બી. પંડ્યા બન્યા.

અબ્દુલ્લા ગાગનાની પણ મારી સાથે હળતામળતા હતા. મુસ્લિમ કુટુંબના આ વિદ્યાર્થીની રીતભાત, બોલચાલ અને પોશાક બહુ જ સ્વચ્છ અને ખાનદાનીભર્યાં હતાં. તેણે ક્રિકેટમાં નામના કરવા માંડી હતી. રોજ સ્વચ્છ કપડાંમાં આવતા, વ્યવસ્થિત અને શાંત, છતાં આત્મગૌરવવાળા આ વિદ્યાર્થીની છાપ અનોખી પડતી. અટકચાળા અને વાયડા ગણાતા વિદ્યાર્થીઓ પણ તેનાથી દૂર રહેતા.

અત્યાર સુધીનાં ધોરણોમાં કદી નહિ ભેટો થએલો એવો એક રતિલાલ નામે બ્રાહ્મણ વિદ્યાર્થી વર્ગમાં આફત જેવો બની ગયો હતો. પાછળથી વિદ્યાર્થીઓ તેને 'રતિયો કાટ' કહેતા. એ ગમે તે વિદ્યાર્થીને 'ફાગ' શબ્દોથી જ બોલાવે. કોઇ નરમ વિદ્યાર્થીના ગળામાં હાથ નાખી પ્રિયા બનાવી ગાયનની કડી બોલે. વર્ગની બારીમાંથી કૂદકો મારીને



છગન સોનીને પાટલી પર ઊભા કર્યા

જ બહાર નીકળે. તેના બાપ નહોતા. ન્યાતના પટેલ એવા દાદાએ તેને લાડકો બનાવેલો તેથી બધે તેની ફાટ વધી હતી. છગન સોની તો તેને ચેતવણી આપી દેતો: 'જોજે મારી પાસે આવ્યો તો હાથનો સ્વાદ ચાખીશ.' તેની ઊંચી કાઠી જોઈ તે જરા અચકાતો પણ પાછળથી તેનું ટીખળ કરતો. આ ઉપરાંત વધુ ત્રાસ તો તેની ચોરરીતિ હતી. કોઇકોઇ વિદ્યાર્થીઓની ચોપડીઓ ચોરી કે ચોરાવી વેચી નાખતો અને બપોરની રજામાં બેચાર ખુશામતી ગોઠિયાઓ સાથે નાસ્તા ઉડાવતો. એક વખત તેનો આ ગુનો પકડાઈ ગયો અને મોતીચંદ લૉર્ડે આંખ બદલી. થોડા તમાચા લગાવી તેને ડિસમિસ કર્યો અને તેના વડીલને તેના ખબર આપી દીધા. એ પછી એ કદી નજરે પડચો નહિ. ઘણા વખતે સાંભળ્યું કે તે અકાળ મરી ગયો.

છગન સોનીના જવાથી મારો ચિત્રકામનો એક કાયમનો સાથીદાર ગયો, એટલે મેં પણ ભગવાનજી માસ્તરને ત્યાં જવાનું બંધ કર્યું. તેનો તેમને ધોખો રહેતો. તે કોઇ વાર રસ્તામાં મળે તો હું નીચું જોઇ જાઉં એટલાં વચનો સંભળાવી દેતા. પણ મારા માટે શહેરમાં બીજાં આકર્ષણો જાગ્યાં હતાં.

મારા મોટા ભાઇએ મૅટ્રિકનું બીજું વર્ષ ભરવા માંડ્યું હતું, પણ એક વાર નાસિપાસ થએલા તેથી એના એ ગણિત-અંગ્રેજીના વિષયો તેમને કાળ રૂપ લાગતા. લલિતકળાના રસિયાઓને ભાષા અને ગણિત સાધારણરીતે ભાર રૂપ લાગે છે. મારા પોતાના સંબંધે પણ મને એવો અનુભવ થતો; પણ તેમના પર પડતાં કટાક્ષોનાં ઝાપટાં જોઇને હું ચેતી ગએલો કે આ વિષયોમાં તૈયાર થયા વિના મૅટ્રિકની ખાઈ ટપી શકાશે નહિ, એટલે તે વિષયોમાં પ્રેમ ધરાવતા મિત્રોને મેં શોધી કાઢ્યા હતા અને વખતોવખત તેમની મદદ લઇ વર્ગમાં ચાલતા પાઠો પાકા કરતો. ઢસામાં મળેલા ગજાનન માસ્તર પાસેથી ગણિતની કેટ-

લીક કૂંચીઓ જાણી હતી. વળી મારા કાકા શ્રી હરિલાલભાઇ પણ ગણિતમાં પાકા હતા અને રેલવેમાં ઑડિટ-ઑફિસમાં હતા, એટલે કોઇ પણ જાતના હિસાબો કરવાનું તેમને જરા યે આળસ ન હતું. મોટાભાઇ કરતાં મારા ઉપર તેમને વધુ પક્ષપાત પણ હતો એટલે મને રજા પડે ત્યારે ગણિત પાકું કરવા બોધ આપ્યા કરતા. તેમની સૂચનાથી મેં ગણિતના પહેલા મનોયત્નથી માંડી બધા જ દાખલા ગણીને પાકા કરી લીધા. આમ છતાં ગણિતમાં મારા પગ ઢીલા રહેતા. અંગ્રેજી ભાષામાં મજાનું વાંચવાનું મળે છે તે સમજાયું હતું, એટલે એમાં તો મેં વ્યાકરણનો પાયો સુધારી લીધો હતો.

૧૧૦ નાટકકાર આંબલીવાળા

મોટાભાઇને મૅટ્રિકનું બીજું વર્ષ બહુ અકારું લાગ્યું. વળી વહેલા પરણી ઘરસંસારી બનેલા એટલે ઘરમાં તેમનું માન રાખી કોઇથી વધુ-પડતું કહેવાતું નહિ, તેથી પોતાના મનફાવ્યા વિષયમાં આગળ ને આગળ ખેંચાતા હતા. એવામાં સંજોગો એવા બન્યા કે ભાવનગરમાં સુરતના આંબલીવાળાની નાટક કંપની આવી અને ખારના રસ્તા પરની નાટકશાળામાં લાંબા વખતનો તેનો પડાવ થયો. તે કંપનીના માલિક આંબલીવાળા પોતે નવાં નાટકો લખતા, પોતે જ ગાયનો બનાવતા અને જાતે કેટલાક મુખ્ય પાઠો ભજવતા. મોટાભાઇએ તો કોઈ સંબંધીજનની સાથે તેમની મુલાકાત લીધી અને પોતાનો નાટક-લેખનનો પ્રેમ જાહેર કર્યો. આંબલીવાળાએ તરત જ તેમને પોતાના મિત્ર તરીકે આવકાર્યા અને ગમે ત્યારે તેમને પોતાને ત્યાં આવવાની સદર પરવાનગી આપી. એટલે તે તો બીજે-ત્રીજે દિવસે તેમની પાસે જતા-આવતા થયા. એમણે તેમના બધા ખેલો જોયા, ને પછી આંબલી-વાળાનો સ્નેહભાવ જોઇ, તેમની સાથે પોતાનું કેવું ઓળખાણ છે તે બતાવવા મને પણ સાથે લઇ જવા લાગ્યા.

આંબલીવાળાની કંપનીના સીનસીનેરીવાળા ખેલો ભાવનગરમાં ખૂબ વખણાયા. એવા રંગો અને પર્સ્પેક્ટિવવાળા પડદા કદી કોઇએ જોયા જ નહોતા. એ પડદાઓ ઉપર 'પેઇન્ટર રંગીલદાસ'નું નામ વંચાતું. મને તે કારણે આંબલીવાળાનાં નાટકો જોવાનો શોખ વધ્યો હતો. ત્યારે રંગીલદાસ કંપની સાથે આવ્યા નહોતા. પણ પાછળથી હમણાં કેટલાક સમય પર પ્રકાશ પિક્ચર્સમાં સેટ કરનાર મિસ્ત્રી પેઇન્ટર તરીકે એ વયોવૃદ્ધ રંગીલદાસના પરિચયમાં હું આવ્યો. મને ગાયનો અને સંવાદોમાં રસ નહોતો. પરાક્રમી દશ્યો, ચમત્કારિક ફેરફારો, ફારસો એવું ઉપરચોટિયું મારું આકર્ષણ હતું. મને પણ તસવીરો કરતાં આવડે છે એમ આંબલીવાળાને મારા મોટાભાઇએ જણાવેલું એટલે એક વાર તેમણે પોતાનો બસ્ટ ફોટોગ્રાફ મને આપેલો, તે પર ચોરસ ખાનાં પાડી કાળા ક્રેયોન કાંકરાથી મેં તેમને મોટું બસ્ટ બનાવી આપેલું એટલે તે મારા પર પ્રસન્નતા બતાવતા.

આંબલીવાળાએ 'નરસિંહ મહેતા'નો ખેલ નાના ત્ર્યંબક જેટલો જ લોકપ્રિય બનાવ્યો હતો અને તેમાં પોતે નરસિંહ મહેતા બનતા. મોટાભાઇએ તેની એક વાત કરી કે એક વખત દિવસના ભાગે એક ડોશીમા સત્યનારાયણની કથાનો પ્રસાદ લઇ 'નરસિંહ મહેતા ક્યાં છે' પૂછતાં નાટકશાળા પર આવ્યાં. એમને સંતોષવા આંબલીવાળા રાતનો નરસિંહ મહેતાનો સ્વાંગ સજી બહાર આવ્યા અને ડોશીમાને 'જય શ્રીકૃષ્ણ' કહી, વંદન કરી એમનો પ્રસાદ સ્વીકાર્યો!

આંબલીવાળાએ ભાવનગરમાં 'પ્રહ્લાદ વિજય' નામનો પોતાનો નવો જ ખેલ પહેલો બહાર પાડવા તૈયાર કર્યો. તેમાં નૃસિંહ અને વરાહનાં મહોરાં બનાવવાની વાત આવી ત્યારે મારા મોટાભાઇએ તેમને જાહેર કર્યું કે: 'રવિભાઇને માટીનાં ઓઠાં બનાવી તે પર કાગળનાં હળવાં મહોરાં કરતાં આવડે છે.'



રતિયો કાટ

મહોરાં બનાવવાનો હુન્નર મેં જાતે જ પ્રાપ્ત કર્યો હતો. ભાવનગરના બજારની દુકાનમાં મેં કાગળનાં બનાવેલાં એવાં પરદેશી હળવાં મહોરાં જોએલાં. એમાં મહોરાંનો બધો ઘાટ હતો, આંખમાં ડોળાને ઠેકાણે કાણાં હતાં અને મોંમાં જીભ નીકળે એટલી ફાટ હતી. તે કેમ બનતાં હશે તેના વિચારો હું કર્યા જ કરતો. એક વાર પહેલો વરસાદ મૂશળ-ધાર પડ્યો ત્યારે નહાવાના શોખીન કેટલાક છોકરાઓ સાથે વહેતાં પાણી ડોળતા અમે ડહેલાને નાકે પહોંચ્યા, ત્યાં ઉપરવાસથી વહેતા પાણીના પટમાં દુકાનદારોએ જે કચરો ફેંકવા માંડેલો તેમાંથી મને ભાવનગરી પાઘોટાના આકારનું એક કાગળનું ખોખું મળી આવ્યું. તે મેં તપાસ્યું તો લખેલા નકામા કાગળો તથા ચોપડાના કાગળોના ટુકડા ઉપરાઉપર ચોડી પૂઠા જેવું જાડું બનાવેલું, જેમાં અંદર ક્યાંક માટી પણ ચોંટેલી હતી. તેથી તરત મને ખયાલ આવ્યો કે માટીનાં ઓઠાં તેની સાથે ચોંટી ન જાય એ રીતે કાગળના એ થરો લાહીથી ચોડેલા હતા. પછી તો હું મોતી તળાવે નહાવા જતો ત્યાંથી એક વાર ઝોળીમાં તળાવના કાદવના પિંડા ઘેર આણ્યા અને માણસના માપનું કાન સુધીનું અરધું મોં બનાવી સૂકવી દીધું. તેના પર, નરમ કાગળોને માત્ર પાણીથી ભીંજવી, કટકા કટકા કરી તેને ઢાંકી દીધું. તે પછીના કાગળોના ટુકડાના થર હું આકાર પ્રમાણે લાહીથી ચોડતો ગયો. એ બધું સુકાઇ ગયું એટલે ઓઠા પરથી આકાર પ્રમાણે પૂઠા જેવું ઘટ્ટ મહોરું જ નીકળ્યું. તે પર પડીકાના રંગો ગુંદરમાં મેળવી તેનો વર્ણ બનાવ્યો. આવાં અનેક મહોરાં મેં બનાવેલાં.

એટલે આંબલીવાળાએ જ્યારે મને એ કામ સોંપ્યું ત્યારે હું ખૂબ જ હરખાયો કે મારું કામ સ્ટેજ પર હજારો પ્રેક્ષકો માટે આકર્ષણ બનશે. તેમણે મને પોશાક-ખંડ (ગ્રીન-રૂમ)માં બધી સગવડ કરી આપી, માટી મંગાવી આપી અને મેં ઉપરની રીતે નૃસિંહ અને વરાહનાં મોં બનાવી આપ્યાં. આંબલીવાળા પણ એક તરકીબ-કુશળ માનવ હતા. તેમણે બંને મહોરાંનાં જડબાં છૂટાં પાડી કાનના ભાગે લાંબી સ્પ્રિંગો મૂકી પટ્ટીઓ બાંધી. આથી કોઇ પણ એ મહોરાં પહેરી પોતાનું જડબું હલાવે તે મુજબ નૃસિંહ અને વરાહનાં મોં અંદરથી આવતા અવાજ પ્રમાણે ઉઘાડ-વાસ થઇ શકતાં. આ પાત્રો જ્યારે સ્ટેજ પર રજૂ થયાં ત્યારે લોકોમાં ભારે, આશ્ચર્ય જણાયું અને આં-બલીવાળા મારા પર વધુ સ્નેહ દાખવતા થયા, તે એટલે સુધી કે હું એકલો તેમની પાસે જાઉં ત્યારે, કોઇ ખેલ ચાલતો હોય અને તેમને પોતાને પાત્ર ભજવવાનું ન હોય તો હારમોનિયમવાળાની પાછળ પહેલી હારમાં મારી પાસે બેસી વાતો કરતા.

૧૧૧ ગ્રીન રૂમની સૃષ્ટિ

એમના સમાગમથી મેં નાટકશાળાની પાછળની પ્રવૃત્તિ નિહાળી. નાટકનો પ્રવેશ ચાલતો હોય ત્યારે વિંગમાં છુપાએલા શૂરવીરો કે



આંબલીવાળા સાથે

રાજારાણીઓને પોતાના અસલ નામે વાતો કરતા સાંભળ્યા. ગ્રીન-રૂમમાં વેશ બદલતાં, દાઢીઓ બાંધતાં કે રંગ કરતાં નાનાંમોટાં પાત્રો જોયાં. નાટકનાં દશ્યો જોનારને તે એક રમણીય કલ્પનાભૂમિ લાગે છે, પણ તેમાં કામ કરનારાઓને માટે તો તે હજારોને રીઝવવા-ની કસોટી રૂપ અને અતિ શ્રમપૂર્વક તૈયારી કરવાની ભૂમિ હોય છે. એની વાતો મિત્રો આગળ હું કરતો ત્યારે તેઓને તેમાં બહુ રસ પડતો.

ભાવનગરમાં બીજી નાટકશાળા રેલવે સ્ટેશન પાસે આવેલી મહા-જનની ધર્મશાળાની બાજુમાં હતી, ત્યાં પણ એક નાની નાટક કંપની-વાળાને સ્ટેશન-સ્ટાફની કંઇકંઇ ગરજ રહેતી. તેથી કેટલીક વાર નાટ-કના મૅનેજરો કે માલિકો સ્ટેશન માસ્તર પાસે આવતા જ હોય અને વિવેકની ખાતર સ્ટેશન માસ્તરને નાટક જોવાના પાસ આપી જાય. આ રીતે સ્ટેશનનાં ઘણાં માણસો નાટક જોવાનો લાભ મેળવતા, તેમાં કવચિત સ્ટેશન માસ્તર અથવા તેમના ઘરનાં માણસો પણ હોય. સ્ટેશન પાસેના થીએટરમાં કોઈ નાટક હોય ત્યારે સહેલાઇથી જવાનું મળે એમ હોવાથી મારા મિત્રો મસ્તરામ, નાનાસાહેબ વગેરે એકમે બાળકો મોટેરાંઓ સાથે ઘણાં નાટકો જોઇ ચૂકેલા, તેથી નાટકના નટો-માંનું કોઇ ત્યાંથી જાય-આવે ત્યારે મને ઓળખાણ થતું. હું હવે નાટ-કમાં કંઇક રસ લેતો થયો છું તે જાણી તેની વાતો તથા ચર્ચા પણ મારી આગળ થતી. મને માત્ર ગાયનો આવડે નહિ કે રાગ બેસે નહિ.

ગાયનોમાં મને કંઇ યે ગમતું તો તે નાટકની આરંભની સૂત્રધાર-ની સ્તુતિ. નરઘાંની થાપ પડે અને જવનિકા (પહેલો પડદો) વીંટાતી ઉપર ચડે કે સૂત્રધારને હું તંબૂરો પકડી ઊભેલો જોઉં, તે પળ મારે માટે ખેંચાણકારક બનતી. મસ્તરામ અને નાનાસાહેબ રાજા સત્યવ્રત નાટકની સ્તુતિ ગાતા તે મને બહુ ગમતી.

'તાન પ્રભુ તુજ સાથે લાગ્યું,
આ ઘટઘટમાં હરિનામ લાધ્યું.'

એમને તો સ્ટેશન પર ગાનારાઓની ઓળખાણો થતી, એટલે રસ્તા પર તેઓ નીકળે ત્યારે મને ઓળખાવતા. આમ અમારો સમાગમ વિવિધરંગી બનતો ચાલ્યો.

૧૧૨ શ્રીમન્ નથુરામ શર્મા ભાવનગરમાં

એવામાં ભાવનગરમાં શ્રી નથુરામ શર્માના દીક્ષિત સાધકમંડળ-માં સમાચાર આવ્યા કે મહાત્માશ્રી દૂરદૂર વસતા શિષ્યમંડળ મારફત વિવિધ સ્થાને ઉપદેશ અને સદ્ધર્મપ્રચાર માટે મુંબાઇ સુધીનો પ્રવાસ કરવા આશ્રમ બહાર નીકળશે. એથી ત્યાંના સર્વ સાધકોએ એકમતે નિર્ણય કર્યો કે તેઓશ્રીને ભાવનગર માટે એક માસનું નિમંત્રણ મોક-લવું અને એમના પ્રવાસ તથા નિવાસનો ખર્ચ અંદરઅંદર ફાળાથી મેળવી લેવો. તે માટે દરેક શિષ્યે ખુલ્લા દિલથી એક માસનો પોતાનો પગાર આપ્યો અને એક એક દિવસનું તેમના ઉતારાનું ભોજન-ખર્ચ ઉપાડી લીધું.

શ્રી મોટાભાઈ (હરગોવિન્દદાસ પંડ્યા) અને શ્રી નૃસિંહપ્રસાદ ભટ્ટ જેઓ મંડળના ચેતનવંતા મંત્રી જેવા હતા તેમણે રાજ્યના અ-મલદારો અને પ્રભાશંકરભાઇ પટ્ટણીની મુલાકાત લઇ મહાજનની તખ્તસિંહજી ધર્મશાળામાં નિવાસની પરવાનગી મેળવી તેમજ રાજ્ય તરફથી વાહન તથા ચોકીનો બંદોબસ્ત નક્કી કર્યો. સ્ટેશન માસ્તરનો બંગલો જાણે તે કામની કચેરી બની ગયો. નૃસિંહપ્રસાદ ભટ્ટ અને મોટાભાઈ એ વખતે એટલા નિકટના સાથી બની ગયા કે તે વખતથી નૃસિંહપ્રસાદનું ટૂંકું નામ 'પ્રસાદજી' હતું તે વિસરાઇ 'નાનાભાઇ' થઇ ગયું. જુદીજુદી યોગ્યતાવાળા શિષ્યોએ કામો ઉપાડી લીધાં. કોઇએ કોઠાર, કોઇએ સભાની ગોઠવણ તો કોઇએ હજુર-તહેનાત. અમને કિશોરમંડળને પણ અમુક અમુક સમયે હાજરી આપવાનું સોંપાયું.

મને અને શ્રી મસ્તરામને મુખ્ય રાખી બીજાઓ સાથે શ્રી નથુ-રામ શર્માજીની પ્રશસ્તિની છડી પોકારવાનાં વચનોનો પાઠ કરાવ્યો: 'ૐશ્રી સનાતન યોગમાર્ગોદ્ધારક, વેદાંત પરિવ્રાજક' વગેરે બિરુદો ને અંતે 'શ્રીમન્નાથ શર્મા વિજયતે વિજયતે વિજયતે! એ છેલ્લા ઉદ્-ગારો સૌ ઝીલી લે એવી સૂચના હતી.

૧૯૦૭ના ઑગસ્ટમાં, સં. ૧૯૬૩ના જયેષ્ઠ સુદ અમાવાસ્યા ને શુક્રવારે સાંજે મહાત્માશ્રીની ટ્રેઇન ભાવનગર સ્ટેશનમાં આવી ત્યારે સ્ટેશનમાં ભારે ભીંસ અને ભીડ હતી. મહાત્માશ્રીનો ડબ્બો બરોબર સ્વાગત-સ્થાને આવે તે માટે સ્ટેશન માસ્તર હરગોવિન્દદાસ પંડ્યા–મોટાભાઇએ જાતે હાથમાં સાંધાવાળાની લાલ-લીલી ઝંડી રાખેલી અને તે મુજબ ગાડી ઊભી રખાવી. દર્શન, ચરણસ્પર્શ, ફૂલહાર વગેરે માટે લોકો ઊલટી પડ્યા. બહુ મુશ્કેલીએ સ્ટેશન બહાર આવી દરબાર તરફથી આવેલી બે ઘોડાની ફાઇટન ગાડીમાં તેઓ બિરાજ્યા. મુખ્ય શિષ્યો પાછળ ચમ્મર લઇ ઊભા અને 'વિજયતે વિજયતે' બોલાયું કે તરત લોકોમાં એટલો બધો પૂજ્યભાવ પ્રકટ્યો કે ભાવિક સજ્જનો ગાડીના ઘોડા છોડાવી જાતે ખેંચીને પાસેની ધર્મશાળામાં તૈયાર કરેલા નિવાસસ્થાન સુધી ખેંચી ગયા.

ત્યાર પછીના દિવસોમાં એક માસ સુધી સવાર-સાંજ નિત્ય ગીતાના સોળમા અધ્યાયમાંથી જીવન-મુક્તિ વિષેનો તથા ગીતોપનિ-ષદ વગેરેનો શ્રવણ-ઉપદેશ ચાલુ થયો. બંદોબસ્ત માટે દરવાજા પાસે પોલીસ હાજર રહેતા; પરંતુ બરોબર ઘડિયાળના સમય પ્રમાણે જ મંગલાચરણ થાય અને પછી છેવટનું સ્તવન થાય ત્યાં સુધી ટાંકણી પડે તો સંભળાય એટલી શાંતિ રહેતી. એક જ શ્લોક પર સતત એક કલાક સુધી વિવેચન, દષ્ટાંતો અને પ્રમાણો એવી સરળ ભાષામાં રજૂ થતાં કે ભાગ્યે જ કોઇ શ્રોતા વિમુખ બને. સાધારણ રીતે ૨૦૦૦થી ૩૦૦૦ જેટલાં માણસો રોજ આવતાં, તેમાં સર પટ્ટણી જેવા પ્રધાન રાજપુરુષથી માંડી વિદ્વાનો, શિક્ષકો, કૉલેજિયનો, વેપારીઓ અને સ્ત્રીઓ સર્વ એકાકાર બનતાં. આ સમયમાં સેંકડો મનુષ્યોએ મહા-ત્મ:શ્રી પાસે નવી દીક્ષા લીધી.

એ દિવસોમાં શ્રવણ સમયે હું નિયમિત હાજરી આપતો અને મસ્તરામની સાથે મહાત્માશ્રીની છડી પોકારતો. તેમની આગળ ને

(અનુસંધાન પૃષ્ઠ ૩૧મે)

વિટામિન

કાર્બોહાઇડ્રેટ, પ્રોટીન, ચરબી, પાણી ને ખનિજ ક્ષારો ઉપરાંત આહારનાં અત્યાવશ્યક 'સહકારી ઘટકો'

લેખક - ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

જીવનનો હ્રાસ આણનારી બે બાબતો છે, માંદગી ને ભૂખમરો. આદિ કાળથી તે આજ સુધી માનવ એની સાથે ઝગડતો આવ્યો છે. અનાજના ઉત્પાદનની સાથોસાથ માનવીને પીડા અને યાતના તરફ પણ ધ્યાન આપવું પડયું છે. પહેલી બાબત જીવન ટકાવનારી છે, તો બીજી જીવન રક્ષનારી છે.

ભૂખમરો ટાળવા ખેતીવાડીનું વિજ્ઞાન વિકસ્યું છે, પણ માત્ર ગમે તે અનાજ ખાવાથી શરીર નભતું ન હોવાના અનુભવના આધારે પોષણ ઉપરાંત બળ અને સહનશક્તિ આપે એવા આહારની વિચારણા અને શોધના પ્રતાપે આહારવિજ્ઞાનનો પાયો નખાયો છે. ભૌગોલિક અને આર્થિક સંયોગો, ધર્મ અને રુચિની આહારની પસંદગી ઉપર અસરો હોવાથી 'દેશ તેવા ખોરાક'ની સ્થિતિ પ્રવર્તમાન છે. આપણા દેશમાં આયુર્વેદના પ્રણેતાઓએ આહારની સૂક્ષ્મ મિમાંસા કરી છે. તેમાં શરીરની વાત પિત્ત ને કફની ત્રિદોષાત્મક પ્રકૃતિ અનુસાર આહારની છણાવટ છે. આમાં જિજ્ઞાસુઓના 'શા માટે?' પ્રશ્નોના ઉકેલો આપ્યા ન હોવાથી તે આધુનિક શાસ્ત્રીય નથી લાગતું, બાકી આધુનિક આહારવિજ્ઞાનની કેટલીક બાબતો તેમાં આગવી રીતે રજૂ કરી હોવાનું આપણે આગળ જોઈ ગયા છીએ.

ઇ. ૧૮૪૦ના અરસામાં યુરોપ અમેરિકામાં આહારનો શાસ્ત્રીય અભ્યાસ કરવાનો પ્રયત્ન થયો. ૧૮૭૫માં રસાયનશાસ્ત્રીઓએ ખોરાકના મુખ્ય ત્રણ રાસાયણિક પદાર્થો કાર્બોહાઇડ્રેટ પ્રોટીન અને ચરબી બતાવ્યા. આહારનું મુખ્ય કામ ગરમી આપવાનું વિચારાયું. વધારે ગરમી આપતો ખોરાક શ્રેષ્ઠ લેખાયો. ગરમીની આંકણી કેલોરીના માપમાં નક્કી થઇ. વ્યક્તિની ઉંમર અને ઊંચાઇ અનુસાર અમુક કેલોરી આપતા ખોરાકનાં પ્રમાણ નક્કી થયાં. આ થયું કેલોરીવાદનું જૂનું આહારશાસ્ત્ર. એમાં દેહના પોષણ માટે પ્રોટીનો આવશ્યક મનાતાં આહારમાં એનું અને એ માટે માંસાહારનું મહત્ત્વ અંકાયું.

વનસ્પતિ અને પ્રાણીઓમાંથી મેળવેલાં આહારદ્રવ્યોના ગુણધર્મો જાણવા રસાયનશાસ્ત્રીઓએ ઘણાં વરસોની જહેમત ઉઠાવી છે. એકત્ર થએલી માહિતીના આધારે પોષણના ક્ષેત્રમાં બે નવાં તત્ત્વોની અનિવાર્યતા સમજાઈ. એ છે પાણી અને ક્ષાર તથા ખનિજ પદાર્થો. ભૂમિ જળ અને વનસ્પતિમાંથી મળતા ક્ષાર અને ખનિજ પદાર્થો તદ્દન સૂક્ષ્મ પ્રમાણમાં પણ આરોગ્ય માટે તદ્દન અનિવાર્ય ગણાયા. આમ ખોરાકનાં ત્રણમાંથી પાંચ ઘટકો–પાણી, કાર્બોહાઇડ્રેટ, પ્રોટીન ચરબી અને ખનિજ-ક્ષાર નક્કી થયાં.

ઈ. ૧૯૧૬ની સાલ સુધી તો રસાયનશાસ્ત્રીઓને સ્વપ્ને પણ ખયાલ ન હતો કે સાધારણ ખોરાકમાં પણ એવાં એક બે દ્રવ્યો રહેલાં છે કે જેમના વિના માણસ તો શું, પણ પશુપક્ષી પણ ઉગ્ર અપૂર્ણ-પોષણથી પીડાય છે. બહુ અલ્પ અંશમાં રોજ જરૂરી એવાં વિટામિનોના નામે ઓળખાતાં આ ઘટકો હજી હમણાં જ (૧૯૨૦માં) પ્રકાશમાં આવ્યાં છે, અને આહારના ક્ષેત્રમાં તેમનો પ્રભાવ ગજબનો જણાયો છે. શરીરનું બંધારણ તેની ખિલવણી અને રોગનિવારણ માટે તે તદ્દન અનિવાર્ય જણાયાં છે. એમના વિષે સમજે વગર-સમજે બધાં બોલતાં થઇ આજે એમની બોલબાલા છે. વિટામિનવાળી દવાઓ અને ઈન્જેક્શનોનો વ્યાપક વપરાશ થાય છે. એમની શોધનો ઇતિહાસ ટૂંકમાં જોઇએ.

આહારનાં એ ચાર ઘટકો (કાર્બોહાઇડ્રેટ પ્રોટીન ચરબી ને ખનિજ પદાર્થો)ની પોષણદાયી યથેષ્ટતાની સત્યતા પુરવાર કરવા સૌ પ્રથમ ઇ. ૧૮૮૧માં લુનિને ઉંદરો ઉપર કસોટી કરી. તેમને ખોરાકમાં ફક્ત ઉપરનાં ચાર ઘટકો જ આપ્યાં. ઉંદરોની તબિયત લથડી. પણ જેવો તેમના ખોરાકમાં દૂધનો ઉમેરો કરવામાં આવ્યો કે તરત તેમને જીવતદાન મળ્યું. ચાર ઘટકો ઉપરાંત પોષણ માટે જરૂરી એવા બીજા રહસ્યમય પદાર્થોનું લુનિને અનુમાન કર્યું. તેના પ્રયોગોના તર્કને પોષણવિજ્ઞાનીઓએ જીવંત રાખ્યો. હૉલૅન્ડમાં ૧૯૦૪માં પેકેલહેરિંગે અને ૧૯૦૬માં ઇંગ્લન્ડમાં હૉપકિન્સે પ્રયોગોના પુનરાવર્તન દ્વારા આવા જ નિર્ણયો તારવ્યા. આ અખતરામાંથી ઉદ્ભવેલી જિજ્ઞાસાએ પોષણમાં રસ ધરાવતા જીવવિજ્ઞાનના રસાયણશાસ્ત્રીઓને વિટામિનની શોધની ઉત્તેજના આપી.

વિજ્ઞાનની કોઇ પણ શાખામાં બને છે તેમ મૂલગતવિચારોને જ્ઞાન તરીકે સ્વીકારાતાં ઘણો સમય લાગે છે. વિટામિનના શોધક ક્રિશ્ચીઆન આઇકમાન ને હૉપકિન્સના જમાના અગાઉ જેના વિના કોઈ રોગ થઈ આવે એવા આહારના કોઇ આવશ્યક ઘટક તરીકે વિટામિનનો મૂલગતવિચાર-સ્વીકારાયો હતો. ખ્રિસ્તાબ્દનાં ૨૬૦૦ વરસો અગાઉ ચીનવાસીઓને અત્યારે બેરીબેરીના નામે જાણીતા રોગનાં લક્ષણોનો ખયાલ પણ હતો. પોષણની ખામીથી આ રોગ થતો હોવાનું ૧૮૮૦માં જાપાનના ટાકાકીએ સાબિત કર્યું. પણ આ દિશામાં પ્રતીતિજનક કામ તો આઇકમાને જ ઉપાડયું.

જાવામાં ડચ સૈનિકોના રહસ્યભર્યા મારક રોગનું કારણ શોધવાનું તેમણે ૧૮૯૦માં ઉપાડેલું કામ લગભગ નિષ્ફળ નીવડયું હતું. પણ એક ઘટનાએ રહસ્યનો પડદો હઠાવ્યો. પ્રયોગશાળાનાં મરઘાંના ખોરાક ખૂટતાં તેમણે હૉસ્પિટલના રસોડાનાં વધેલા ચોખા વાપરવા માંડયા. માંદલા અને ભૂખનાશથી પીડાતા રોગીઓ એ સફેદ બાસ્તા જેવા ભાત ખાવાની અરુચિ દાખવતા હોવાથી એનો તોટો ન હતો. હાંફ, હૃદયના ધડકારા, અનિદ્રા, અતિશય અશક્તિ, ગાત્રશોષ અને લકવાનાં લક્ષણોવાળી 'બેરી-બેરી' નામથી ઓળખાતી રોગાવસ્થા થવાનાં કારણો અજાણ હોઇ કોઈ રહસ્યભરી લેખાતી હતી.

એક મહિના સુધી પૉલિશ કરેલા સફેદ ચોખાનો ભાત તગડાં તંદુરસ્ત અને તોફાની એ મરઘાંએ ખાધાથી તેમના સ્થિતિ પણ પેલા રોગીઓ જેવી થઇ. લકવો લાગુ પડવાથી ખાલી કોથળાની જેમ તેઓ ઊભવાને અશક્ત બનવા સાથે મરવાના વાંકે જીવતાં હોય એવાં થઇ જઈ રોજ ટપોટપ મરવા લાગ્યાં. એથી આઇકમાનને પ્રયોગો બંધ રાખવાના સંજોગો ઊભા થયા.

પણ આ ઘડીએ મરઘાં માટે પાલિશ કરેલા મોંઘા ચોખા વેડફી ન દેવાની સરકારી મનાઈ આવી. તેમને સસ્તા મેલા દેખાતા રતુમડા ચોખા આપવાનું ઠર્યું. પણ આનાથી જાદુ થયું. મરઘાંની લકવાની અપંગતામાં વળતી વાટ થઇ. આઇકમાનને ૧૮૯૭માં રહસ્યનો તાગ મળ્યો. પૉલિશ ચોખામાં દોષ દેખાયો. પૉલિશ વિનાના રતુમડા મેલા ચોખા આરોગ્યદાતા લાગ્યા. ધારણાને દૃઢ કરવા તેમણે ડાંગરનાં છોતરાંનો ઉકાળો મરઘાંનાં ગળાંમાં રેડ્યો. ચોવીસ કલાકમાં તો

મરવાં પાંખો ફફડાવતાં થયાં! ખોરાકની કોઇ ઊણપને લીધે રોગ થતો હોવાનું સાબિત થયું.

આ પછી જેલના કેદીઓ ઉપર પૉલિશ અને બિનપૉલિશ ચોખાના પ્રયોગો થયા. પૉલિશ ચોખા ખાનારા લકવાની અપંગતા આણનાર બેરીબેરી રોગના ભોગ બન્યા. ડચ ઇસ્ટ ઇન્ડિઝની જેલોમાં પૉલિશ કરેલા ચોખા ખાનારા કેદીઓની ત્રણ માસની કેદ મરણટીપ સમાન થઈ પડતી હતી. બેરીબેરી રોગ આહારના ઘટકની ન્યૂનતાથી થતો હોવાના તર્કને ગ્રીન્સે ઈ. ૧૯૦૧માં પુષ્ટિ આપી.

બિનપૉલિશ રતુમડા ચોખાનાં એવું તે કયું તત્ત્વ હતું કે જે બેરીબેરીને મટાડતું હતું? આઇકમાનના પ્રયોગો અને તપાસ આના ઉકેલને આરે આવી ઊભા હતા પણ તે સ્પષ્ટ ન થયા. આ રહસ્યને પકડનાર સત્તાવીસ વર્ષનો નવજવાન અમેરિકી રસાયનશાસ્ત્રી કૅસીમિર ફન્ક નીકળ્યો. ચોખાના ઉપલા પડમાં સમાએલા બેરીબેરી રોગને નિવારનાર અને મટાડનાર તત્ત્વની શોધ લંડનની લિસ્ટર ઇન્સ્ટિટ્યૂટમાં શરૂ કર્યા બાદ, છ મહિનામાં ૧૯૧૦માં તો તેમને સફળતા મળી. આમાંથી આજનાં વિટામિનનો જન્મ થયો.

આ બાબતે ઇ. ૧૯૧૨માં જૂના આહારશાસ્ત્રને હચમચાવી નાખ્યું. આહારવિજ્ઞાનમાં ક્રાન્તિ પ્રગટી. નવા આહારશાસ્ત્રનું ચણતર થયું. કાર્બોહાઇડ્રેટ પ્રોટીન ચરબી અને ખનિજ પદાર્થો ઉપરાંત નાનાવિધ સેન્દ્રિય દ્રવ્યો અનિવાર્ય લેખાયાં.

એ તો અનુભવસિદ્ધ અવલોકન હતું કે ખોરાકની કોઇ ઊણપને લીધે સ્કર્વી, બેરીબેરી, પેલાગ્રા અને રિકેટ્સ રોગો થઈ આવે છે. ૧૫૩૬ના શિયાળામાં સેન્ટ લૉરેન્સ નદીની સફરમાં જેક્વિસ કર્ટિયરના કાફલાના છવ્વીસ માણસો સ્કર્વીમાં મરણ પામ્યા ત્યારે ત્યાંના આદિવાસીઓ પાસેથી પાઇન ફળનો કાવો પાવાથી આ રોગ મટતો હોવાનું તેણે જાણ્યું. આ રોગ લીંબુ અને નારંગીના રસથી નિવારાતો અને મટતો હોવાનું ઇસ્ટ ઇંડિયા કંપનીએ ઈ. ૧૬૦૧ની સાલમાં શોધ્યું હતું. આ હકીકત વુડોલ, ક્રેમર અને ઇ. ૧૭૫૩માં લિન્ડે ફરી શોધેલી. આ બાબત દાક્તરોના ધ્યાનમાં પણ હતી. આહારમાં કોઇ આવશ્યક ઘટકની ખામીથી આ રોગ થતો હોવાનું છેક પંદરમી સદીથી જાણીતું હતું છતાં આટલાં બધાં વરસો થયાં આ રોગ-અવરોધક દ્રવ્ય પકડી પાડવામાં કોઇ વિકાસ ન સધાયો; પણ હમણાં છેક ૧૯૧૨માં નોર્વેના હોસ્ટ અને ફ્રોલિચે રાંધેલા કે સુકા ખોરાકથી ગીનીપિગોમાં સ્કર્વી રોગ પેદા કરી ઍસ્કોરબિક ઍસિડ કે વિટામિન 'સી'ની ખામીથી સ્કર્વી રોગ થતો હોવાનું પુરવાર કર્યું.

ખામીભર્યા આહારથી બાળકોમાં રિકેટસ(અસ્થિશોષ)રોગ થવાનું જાણીતું હતું. તેની ખાસ દવા કૉડલિવર ઑઇલ હોવાનું પણ લગભગ સો વરસથી જાણીતું હતું. તેમાં સમાએલા કોઇ લઘુ પ્રમાણના દ્રવ્યના આધારે તેનો ગુણ હોવાનું છેક ૧૮૨૦માં લખાયું છે. આમ કાર્બોહાઇડ્રેટ પ્રોટીન અને ચરબી તો નહિ પણ બીજા સહકારી વિશિષ્ટ ઘટકોની ન્યૂનતાથી કેટલાક રોગો થતા હોવાનું મનાતું, પણ આ સહકારી ઘટકો (Accessory factors)ના વ્યાપારોની કોઈ સમજ ન હતી.

આહારમાં સૂક્ષ્મ પ્રમાણમાં પણ જિંદગી માટે આવશ્યક ઘટકો હોવા વિષે પ્રાયોગિક અને વૈજ્ઞાનિક સિદ્ધાંતની ફાળવણીમાં હૉપકિન્સ (૧૯૦૬ થી ૧૯૧૨)નો મોટો ફાળો છે. તેમણે ઊછરતા ઊંદરોને ખોરાકમાં અતિશુદ્ધ પ્રોટીન ચરબી ખાંડ અને ખનિજ દ્રવ્યો આપ્યાં. થોડા દિવસો બાદ ઊંદરોનાં વજન ઘટ્યાં, ને પછી થોડા બળહીન થઇ મરણ પામ્યા. બાકીનાના આહારમાં થોડું તાજું દૂધ કે પ્રોટીન ને ક્ષારવિહીન દૂધનું સત્ત્વ ઉમેરવામાં આવતાં તેમના શરીરની વૃદ્ધિ થવા સાથે તેઓ ચપળ અને સ્વસ્થ બન્યા.

ડૉ. હૉપકિન્સના પ્રયોગોએ સાબિત કર્યું કે નથી કેલોરીની ઊણપથી ઊંદરો મર્યા કે નથી સ્વાદિષ્ટ ખોરાક ન હોવાથી તેમની વૃદ્ધિ અટકી. તેમણે પ્રતિપાદન કર્યું કે ખોરાકમાં અજાણ એવાં ઘટકો કે સહકારી ખાદ્યો છે કે જે આરોગ્ય અને જિંદગી માટે આવશ્યક છે. તેમણે લખ્યું છે કે 'શરીરની વૃદ્ધિ પૂરતું આ સહકારી ખાદ્યોનું પ્રમાણ એટલું તો સૂક્ષ્મ છે કે તેમનું કામ ઉદ્દીપક (catalyst) કે ઉત્તેજક વધારે સમજાય છે અને તેમની હાજરી માત્ર કુદરતી ખોરાકોમાં જ હોય છે.' આઇકમાન અને હૉપકિન્સનાં કામોને ફન્કે એકત્ર કર્યાં. આમાંથી આહારનાં આવશ્યક ઘટક વિટામિન અને તેમની ન્યૂનતાથી થતા રોગોના પ્રશસ્ત સિદ્ધાંતનો જન્મ થયો. વખત વીતતાં આ શોધ એટલી માનવહિતૈષી સ્વીકારાઇ કે આહારનાં આ આવશ્યક ઘટકોના મૌલિક શોધક આઈકમાન અને હૉપકિન્સને ઈ. ૧૯૨૯માં વૈદકનું નોબલ પારિતોષિક આપી એમનું સન્માન કરવામાં આવ્યું.

કાર્બોહાઇડ્રેટ, પ્રોટીન, ચરબી ને ક્ષારો ઉપરાંતના જિંદગી માટે આવશ્યક પદાર્થોને હૉપકિન્સે 'સહકારી ઘટકો' તરીકે ઓળખાવ્યાં. ફન્કે એને ઇ.સ. ૧૯૧૨માં વિટામિન્સ (vitamines)નું નામ આપ્યું. જોકે આ નામની અંગ્રેજી જોડણીમાંથી ઇ. ૧૯૨૦માં છેલ્લો 'ઈ' અક્ષર પડતો મૂકવામાં આવ્યો અને વિટામિન (vitamin) નામ લોકપ્રિય થઇ પડ્યું. હચિન્સન આ નામ વિષે લખે છે કે 'રાસાયણિક દૃષ્ટિએ આ નામ ખોટું છે કારણ કે કેટલાંકમાં નાઇટ્રોજન નથી.'

ઇ. ૧૯૧૩માં મેક્કોલમ ને ડેવિસે ચરબીમાં રહેલું આવશ્યક આહાર ઘટક ઊંદરોમાં વિકાસના પ્રયોગો દ્વારા સાબિત કર્યું તેમણે પ્રયોગશાળાના પ્રાણીઓ માટે બે વૃદ્ધિ-દાતા અનિવાર્ય ઘટકો તારવ્યાં. એક ચરબીદ્રાવ્ય અને બીજું જલ-દ્રાવ્ય હતું. આ બન્નેને વિટામિન 'એ' અને વિટામિન 'બી' નામ આપવામાં આવ્યાં. પ્રથમ તો વિટામિન 'એ'ને ચરબીદ્રાવ્ય નામ આપેલું. પાછળથી એનું વિટામિન એ થયું. આ પછી બીજું શોધાએલું વિટામિન 'ડી' છે. હાડકાંના બંધારણ (કૅલ્સીફિકેશન) માટે નિર્માએલા આ વિટામિનનું ૧૯૨૨માં મેક્કોલમ, પાર્ક અને શિપ્લેએ કૉડલિવર ઑઇલમાંથી નિરૂપણ કર્યું. આ જ વર્ષમાં ઈવાન્સ અને બિશપે કેટલીક ચરબીઓમાં રહેલા પ્રજનન માટે જરૂરી એવા ત્રીજા વિટામિન 'ઈ'નું પ્રતિપાદન કર્યું.

વિટામિનોનું રાસાયણિક સ્વરૂપ ન સમજાય ત્યાં સુધી નવાં શોધાયેલાં આહારનાં આવશ્યક ઘટકોને અંગ્રેજી કક્કાના શબ્દોથી ઓળખવાનું મેક્કોલમે સૂચન કર્યું. આઇકમાન અને ફન્કનો બેરીબેરી નિવારક પદાર્થ વિટામિન 'બી'ના નામની જાણીતો થયો.

ઇ.૧૯૨૬માં સ્મિથ અને ફ્રેડરિકે આ પદાર્થના સત્ત્વમાં બે અગત્યનાં ઘટકો સમાયેલાં હોવાનું જાહેર કર્યું. આમાંનું એક ગરમીથી નાશ પામતું હતું તો બીજું ગરમી જીરવી શકતું હતું, જે અમેરિકામાં વિટામિન 'બી' ને વિટામિન 'જી' ના નામથી તો ઈંગ્લંડમાં વિટામિન 'બી૧' ને વિટામિન 'બી ૨'ના નામથી જાણીતાં થયાં. વિટામિન 'જી'ને ગોલ્ડબર્ગરે પેલાગ્રાનિવારક (પેલાગ્રા પ્રિવેન્ટિવ: પી પી ફૅક્ટર) નામથી ઓળખાવ્યું. વિટામિન બી માં પાંચ છ સ્વતંત્ર પદાર્થો રહેલા હોઈ તે બી (કૉમ્પલેક્સ) જૂથ નામે ઓળખાય છે.

દૂધમાં રહેલા વૃદ્ધિ ઉત્તેજક એક ઘટકને ૧૯૨૭માં શેરમાને સાબિત કર્યું. તેનું નામ લેક્ટોફ્લેવિન આપ્યું. વિટામિન 'એ' ને 'બી' શોધાયા બાદ ફળો અને લીલોતરી શાકભાજીમાં રહેલા અજાણ એવા પદાર્થનું વિટામિન 'સી' નામાભિધાન થયું. ૧૯૩૨માં વિટ્સબર્ગના યુવાન સાયનશાસ્ત્રી ચાર્લ્સ કિન્ગે લીંબુના રસમાંથી વિટામિન 'સી' ના શુદ્ધ

કણો તૈયાર કર્યાં. શુદ્ધ રૂપમાં કોઈ વિટામિન સૌ પ્રથમ છૂટું પડયું હોય તો તે આ જ. છેલ્લામાં છેલ્લું ઇ. ૧૯૪૮માં શોધાએલું વિટામિન 'બી ૧૨' છે. દુષ્ટ પાંડુ (પરનિસિયસ ઍનિમીઆ)ને તે ટાળે છે.

આપણા પોષણ માટે અગત્યનાં સાત વિટામિનો છે, બીજાં ઘણાં હશે પણ જાણીતાં નથી. વિટામિન 'બી ૨' એકાકી નથી પણ વિટામિનોનું જૂથ છે. વિટામિન 'ડી' અને 'ઇ' પણ એક કરતાં વધારે છે. ઉપરાંત વિટામિન 'કે' ને વિટામિન 'પી' પણ જાણીતાં છે. અત્યારે ઘણાંનું રસાયનતત્વ જાણીતું છે અને કૃત્રિમ રીતે બનાવાય છે. કામચલાઉ અક્ષરાભિધાનને બદલે તેમનાં નામાભિધાન પણ થયાં છે પણ સામાન્ય જનતા તો તેમને જૂનાં નામથી જ પિછાને છે.

જાણવા જેવું છે કે એક ખોરાકમાં બધાં વિટામિનો નથી હોતાં કોઈ એક ખોરાક અમુક વિટામિન માટે શ્રેષ્ઠ હોય તો વળી. બીજું તેમાં બિલકુલ ન પણ હોઈ શકે. ખોરાકમાં વિટામિન બહુ સ્વલ્પ અંશમાં હોય છે. એક વિટામિન ગરમી જીરવી શકે છે તો બીજું તેથી નાશ પણ પામે છે. એટલે કુદરત આપે છે તે રૂપમાં જ ખોરાક ખાઇએ તો તેમાં સમાયેલાં વિટામિન ઉપયોગી નીવડે છે. બાકી ખોરાક વિશુદ્ધ કરવામાં, રાંધવામાં અને બીજી ક્રિયાઓમાં વિટામિન નાશ પામે છે. વિટામિન સેન્દ્રિય પદાર્થો છે. એમાંથી નથી શક્તિ મળતી, નથી પેશીઓ બંધાતી કે નથી એમની મરામત થતી. એમની જરૂર તો શક્તિના રૂપાંતર અને પેશીઓની જીવનક્રિયા (મેટાબોલિઝમ)ના નિયંત્રણ માટે છે. કુદરતી ખોરાકોમાં રહેલાં વિટામિન ઉત્તેજનાની અસરવાળાં હોઈ તેમની ક્રિયા વૃદ્ધિ માટે જરૂરી સેન્દ્રિય સંયોજનો નિપજાવવામાં વિદ્યુત તણખા સાથે સરખાવવા યોગ્ય છે. બીજી રીતે કહીએ તો બીજા ખોરાકોની જેમ તેમનાથી શરીરને પોષણ મળતું નથી પણ ખોરાકનું અભિશોષણ થાય છે. વિટામિન વનસ્પતિની પેદાશ છે. માનવી અને પ્રાણીઓનાં શરીરમાં તેમનું વિશ્લેષણ થતું નથી. ખાધેલા ખોરાકને લીધે પ્રાણીઓના દેહમાંથી તે મળે છે. વિટામિન આંતરડાંમાં જલદીથી શોષાય છે. પેશીઓ અને અવયવોમાં જરૂરત પ્રમાણે લોહી વાટે જાય છે. તેઓ એકબીજાનાં વિરોધી તો નથી, પણ વધારે પ્રમાણમાં લેવાએલાં વિટામિનનો થોડા સમયમાં મળોત્સર્ગ દ્વારા નિકાલ થાય છે. એ પણ ખરું કે કુદરતી સાધનોમાંથી છૂટાં પાડેલાં કે કૃત્રિમ રીતે બનાવેલાં કોઈક વિટામિન વધારે પ્રમાણમાં લેવાથી શરીરમાં ઝેરી અસરો પણ ઉપજાવે છે.

વિટામિનથી ખોરાકનું શક્તિમૂલ્ય વધતું નથી કે શરીરના બંધારણમાં તેમનો ફાળો નથી. તેમનું કાર્ય તો શરીરની જીવંત પેશીઓ માટે ખોરાકનાં જરૂરી ઘટકો તે વપરાશમાં લેવાનું શક્ય બનાવવાનું છે. વિટામિનની જેવી કામગીરીવાળા નહિ પણ પેશીઓના બંધારણમાં આવતા પદાર્થો જેવા કે કોલિન અસંતૃપ્ત સ્નેહામ્લો અને એમાઇનો ઍસિડ છે. આમને રોશેનબર્ગે વિટામિનના નામથી ઓળખાવે છે.

આરોગ્ય અને સ્વસ્થતા માટે અરે, શરીરના તંત્રના એક ભાગ રૂપ વિટામિન અનિવાર્ય અને આવશ્યક છે. શરીરના યોગ્ય પોષણ માટે વિશિષ્ટ જરૂરત હોવાથી એમનું નામ વિટામિન છે. 'વિટા'નો અર્થ જીવન છે. વિટામિનનાં કાર્યો અને તે મેળવવાનાં આહારનાં સાધનોનો અભ્યાસ થયો છે. આરોગ્ય, બળ અને સહનશક્તિના નિભાવ માટે તેમનાં રોજિંદાં પ્રમાણ નક્કી થયાં છે. બહુ સ્વલ્પ અંશમાં પણ આહારમાં તેમનું મોટું મૂલ્ય એ વિટામિનની વિશિષ્ટતા છે. જ્યારે મોટા ભાગના લોકોના આહારમાં એમની અછત કે અભાવ એ એક વસ્તુસ્થિત છે. આ કારણે પોષણીય ન્યૂનતાના રોગોનો તોટો નથી.

શરીરના પોષણ માટે ખાસ ઉપયોગી મનાએલાં વિટામિન એ, બી, સી અને ડી છે. એના બે વિભાગ છે: એક ચરબીદ્રાવ્ય જેવા કે એ, ડી, ઈ અને કે તથા બીજાં જલદ્રાવ્ય, એમાં વિટામિન બી અને સીની ગણના થાય છે. વિટામિન સી સહિત ચરબીદ્રાવ્ય વિટામિન પેશીઓની જીવનક્રિયાનું નિયંત્રણ કરે છે જ્યારે વિટામિન સી વગરનાં જલદ્રાવ્ય વિટામિન શક્તિના રૂપાંતરનું એટલે કે કાર્બોહાઇડ્રેટની ચયાપચયતાની યોજનાનું નિયંત્રણ કરે છે. શરીરને નિરામય રાખનારાં આ વિટામિનનું આપણે હવે અવલોકન કરીશું. (ચાલુ)

અનુસંધાન] **લૅસર** [પૃષ્ઠ ૨૧થી

સ્થાઓમાં આશરે ૧૫૦૦૦ શોધકો આ લૅસરના વિકાસ પાછળ કામે લાગેલા છે. અમેરિકન સંરક્ષણખાતાએ પણ એક 'સુપર લૅસર' બનાવ્યું છે. એમાં ચાંદીના ઢાળને બદલે પરાવર્તક ત્રિપાર્શ્વકાચ તથા એક પર એક ગોઠવાએલા ફરતા આયનાઓ (Laminated rotating mirrors)નો ઉપયોગ કરી વધુ શક્તિશાળી લૅસર બનાવ્યું છે. સાધારણ લૅસર એક સેકંડના ૨૦૦૦મા ભાગમાં કામ કરે છે, ત્યારે આ 'સુપર લૅસર' એક સેકંડના ૧૦,૦૦,૦૦૦મા ભાગમાં કામ કરે છે!

આંખના નેત્રપટની અત્યંત નાજુક એવી શસ્ત્રક્રિયામાં પણ લૅસર વાપરી શકાય છે. બધી પૂર્વ તૈયારીઓ થઈ ગયા પછી એ મુખ્ય શસ્ત્રક્રિયા પલકારાના હજારમા ભાગમાં તો પૂરી થઇ જાય છે. અમેરિકાના વેસ્ટિંગહાઉસ ઇલેક્ટ્રૉનિક ટ્યુબ ડિવિઝને એક એવું સાધન તૈયાર કર્યું છે જે દર ચોરસ ફૂટે ૪૦,૦૦,૦૦૦ વૅાટની શક્તિ આપે છે. ધાતુના સંધાણ (વેલ્ડિંગ)માં એ ઘણું ઉત્તમ કામ આપે છે. ટેલિફોન સેવામાં પણ તારને બદલે લૅસર કિરણોનો ઉપયોગ થશે. એના એક એક આંદોલનમાં અનેક સંદેશા વહી શકશે. જનરલ ઇલેક્ટ્રિક કંપનીના નિષ્ણાતો માને છે કે પ્રકાશના સાધન તરીકે જો લૅસરનો ઉપયોગ શક્ય બનશે તો એકાદ દસકામાં તો વારંવાર ઊડી જતા વીજળીના ગોળાને સ્થાને એક ટચૂકડો ધાતુનો કકડો દસ ગણો વધુ પ્રકાશ આપશે. વળી, એ 'લૅસર ગોળો' કદી ઊડી જવાનો નહિ.

આ બધી પહેલા પ્રકારના લૅસરની વાત થઇ. બીજા પ્રકારનું લૅસર સિલ્વાનિયા (Sylvania)એ બનાવ્યું છે. એમાં માણેકના સ્ફટિકને બદલે હેલિયમ અને નીઑન વાયુઓ ભરેલી સળી વપરાય છે. એમાં વાયુઓના અણુઓને આંદોલિત કરવાનું કાર્ય રેડિયો ફ્રીક્વન્સી વડે થાય છે. વાયુ ભરેલી નળીના છેડે રાખેલા પરાવર્તક આયના ૯૯ ટકા પ્રકાશ ટ્યુબમાં પાછો ફેંકે છે જે વધારે ને વધારે અણુઓને આંદોલિત કરે છે. આખરે બહાર આવતો એક ટકો પ્રકાશ પણ અત્યન્ત શક્તિશાળી ને નાડીના ધબકારા જેમ થડકાર લેતો નહિ પણ એકધારો અતૂટ કિરણ રૂપે નીકળે છે.

એક નિષ્ણાતના કથન અનુસાર હવે સૂર્યશક્તિથી ચાલતાં લૅસર પણ બની શકશે. વિશાળ અંતર્ગોળ રેડીએટર વડે સૂર્યપ્રકાશ એકત્રિત કરી એ લૅસરને શક્તિ આપવામાં વાપરી શકાશે. આવાં લૅસર અવકાશયાનો સાથે સંપર્ક ટકાવવામાં ઘણાં સહાયરૂપ નીવડશે.

જીવશાસ્ત્રીઓને પણ આશા છે કે લૅસર-પ્રકાશની સહાયથી પ્રોટીનના અણુઓનું બંધારણ બદલી શકાશે અને જીવનકોષો ઉપર શસ્ત્રક્રિયા થઈ શકશે. ટ્રાન્સિસ્ટર સાથે સરખાવી શકાય એવાં લૅસર પણ બનવા માંડયાં છે. એમાં ધાતુના એક નાના ટુકડામાંથી અદૃશ્ય ઇન્ફ્રા રેડ કિરણો નીકળે છે, જે ટેલિવિઝન માટે કામ લાગશે. એથીયે આગળ જઈ જનરલ ઇલેક્ટ્રિક કંપનીએ દૃશ્ય લાલ પ્રકાશ આપતું ધાતુના ઉપયોગવાળું લૅસર પણ તૈયાર કર્યું છે.

આમ, લૅસર આજે તો અનેક ક્રાંતિકારક પરિવર્તનોની આશા આપી રહ્યું છે.

માનવસર્જિત એક અમોઘ પ્રકાશ લૅસર

લેખક · પી. સી. દવે

ઈસુના જન્મને હજી ૨૦૦ વર્ષની વાર હતી સાઈરેક્યૂઝના લૅસર બંદર ચડી આવેલાં શત્રુનાં જહાજોને આર્કિમીડિસે અંતર્ગોળ કાચ વડે સૂર્યપ્રકાશને કેન્દ્રિત કરી સળગાવી દીધાં હતાં. પ્રકાશની આવી વિનાશક શક્તિના આ એક જ મોટા દૃષ્ટાંત સિવાય 'મૃત્યુ કિરણો' એ કદાચ આજ સુધી વિજ્ઞાનની કલ્પનાકથાઓના એક વિષય તરીકે જ જ્ઞાત હતું. આજે ૨૦૦૦ વર્ષ પછી હવે આઇનસ્ટાઇનના પ્રાથમિક વિચારો પર ચિંતન અને સંશોધન કરતી પ્રયોગશાળાઓમાં પ્રકાશના નવા ચમત્કારો સર્જવાની દિશામાં ચેતન આવ્યું છે. પ્રકાશની એ પ્રચંડ શક્તિ પર માણસના કાબૂ મેળવવાની જાણે કે કેડી લાધી છે.

ઈ. ૧૯૫૪માં કોલંબિયા યુનિવર્સિટીના ડૉ. ચાર્લ્સ ટાઉન્સે (Dr. Charls Townes) મેસર–(Maser)ની શોધ કરી. 'માઇક્રોવેઈવ ઍમ્પ્લીફિકેશન બાઈ સ્ટીમ્યુલૅટેડ એમિશન ઑવ રૅડીએશન' જેવા લાંબા અંગ્રેજી નામના પ્રથમાક્ષરોના બનેલો એ શબ્દ–'મૅસર' (Maser) અદૃશ્ય અતિઅલ્પ તરંગલંબાઇવાળાં 'માઇક્રોવેઇવ'નું સંવર્ધન કરતા સાધનનું નામ છે. એ જ સિદ્ધાંત ઉપર દૃશ્ય પ્રકાશનું સંવર્ધન પણ શક્ય બની શકે એવી એના શોધકે એ વખતે જ આશા આપી હતી.


અને એ દસકાના અંત પહેલાં જ ઇ. ૧૯૬૦માં હ્યુજિસ ઍરક્રાફ્ટ કંપનીના ડૉ. થીઓડૉર માઇમૅન (Dr. Theodor Maiman) દ્વારા આ લૅસર–Laserનું સર્જન થયું. પેલા સાઇરૅક્યુઝના લસર અને આ નવી શોધના નામના ઉચ્ચારમાં કંઇક સામ્ય હોવા સિવાય તો બંનેને કંઈ જ સબંધ નથી. આ લૅસર તો છે એક નવો માનવસર્જિત શિસ્તબદ્ધ અને પોતાની અમોઘ શક્તિ વડે અણકલ્પ્યાં પરિવર્તનોની આગાહી કરતો પ્રકાશ પેદા કરતું સાધન–'લાઇટ ઍમ્પ્લીફિકેશન બાઇ સ્ટીમ્યુલેટેડ એમિશન ઑવ રૅડીએશન' નામના અંગ્રેજી પ્રથમાક્ષરોનો શબ્દ. એના બે પ્રકાર છે: સ્ફટિકનું અને બીજું વાયુઓનું.

પહેલા પ્રકારના સાધનને 'પલ્સ્ડ (pulsed) લૅસર' કહે છે, જેમાં બનાવટી માણેક (ruby)નો સ્ફટિક વપરાય છે. રાસાયનિક દૃષ્ટિએ માણેક એ Al_2O_3 (ઍલ્યુમિનિયમ ઑકસાઇડ) છે, અને તેમાં અલ્પ પ્રમાણમાં ક્રોમિયમ પણ હોય છે. લૅસરમાં આ સ્ફટિકની અઢી ઇંચ લાંબી ને પા ઇંચના વ્યાસવાળી તથા બંને છેડે ચાંદીના ઢોળવાળી સળીને ફરતી એક પ્રકાશનળી વીંટાળી હોય છે. (ઉપલી આકૃતિમાં). એ વીંટાળેલી નળીમાંથી પ્રકાશ વહેવડાવતાં તેની અસરથી સ્ફટિકમાં રહેલા ક્રોમિયમના અણુઓ આંદોલિત થાય છે. એ આંદોલન બંધ થતાં એ અણુમાંની વધારાની શક્તિ પ્રકાશના રૂપે બહાર આવે છે. અણુમાંથી બહાર પડેલો એ પ્રકાશ ક્રોમિયમના બીજા અણુઓને આંદોલિત કરે છે. અને આમ આ ક્રિયાનાં અનેકાનેક પુનરાવર્તન થઈ વધુ ને વધુ પ્રકાશ બહાર નીકળતો જાય છે–સંવર્ધિત થતો જાય છે જે આખરે સ્ફટિકની બહાર આવે છે. (જુઓ સામેના પાનાની આકૃતિ)

આ પ્રકાશ એક જ સરખી તરંગલંબાઇ અને એક જ ચોક્કસ રંગનો હોઇ સુસંગત (coherent) છે. સામાન્ય પ્રકાશ વિસંગત (incoherent) હોય છે, એટલે તે બેકાબૂ બની ગમે તે દિશામાં ફેંકાય છે, પણ લૅસરનો પ્રકાશ અત્યંત અલ્પ તરંગલંબાઇવાળો અને શિસ્તબદ્ધ હોઇ એને સરળતાથી કામમાં લઈ શકાય છે. સૂર્યપ્રકાશ કરતાં પણ એનું ઉષ્ણતામાન અનેક ગણું હોઇ એ શું ન કરી શકે? હીરામાં એ કાણું

પાડી શકે. પોલાદની પતરી પર એ પ્રકાશ જેટલા ભાગમાં પડે એટલા ભાગની ધાતુ ઓગળી તો શું, પણ સીધી વાયુરૂપ થઇ ઊડી જાય છે! સેકંડના ૧,૮૬,૦૦૦ માઇલની ઝડપે ધસતો આ પ્રકાશ વધુ વિકાસ સાધી શકે તો હજારો માઇલ દૂરથી આવતાં શત્રુઓનાં મિસાઈલ્સને ઉપર આકાશમાં જ એ ગાળી દઇ ખલાસ કરી નાખી શકે.


એક સેકંડમાં ૧૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ (દસ હજાર અબજ) તરંગો ધરાવતો આ પ્રકાશ સંદેશ-વ્યવહારમાં ખૂબ જ ઉપયોગી નીવડી




જ્યારે શક્તિશાળી અણુઓ પર એના જેટલી જ ફ્રીકવન્સીવાળાં માઇક્રોવેઇવ ફેંકવામાં આવે તો પેલા અણુઓ ઉત્તેજિત થઇ એમનામાં વધારાની શક્તિ ઉમેરાય છે. શક્તિનો આ વધારો જીરવી નહિ શકતા એ અણુઓ તરત જ એને પાછી ફેંકે છે. આ પ્રક્રિયામાં માઇક્રોવેઈવનું સંવર્ધન થાય છે. રેડિયો મોજાં ને ઇન્ફ્રારેડ મોજાંની વચ્ચેની તરંગલંબાઇવાળાં આ માઇક્રોવેઈવ અદૃશ્ય હોય છે. સંવર્ધનના આ સિદ્ધાંત પર ઈ. ૧૯૫૪માં ડૉ. ચાર્લ્સ ટાઉન્સે ઍમોનિયા ગેસ(ના અણુઓ)નો ઉપયોગ કરી 'મૅસર'ની શોધ કરી.


ફ્લૉરિસન્ટ રંગો તો જોયા હશે. અંધારામાં ચળકતા ઘડિયાળના આંકડાઓમાં એ હોય છે. એ રંગના અણુઓ પર અલ્ટ્રાવાયોલેટ કિરણો અથડાય છે ત્યારે તેમનામાં ઉત્તેજના આવે છે ને એના વીજાણુઓમાં વધુ શક્તિ પુરાય છે. એ સ્થિતિમાં ટકવાને અસમર્થ તેઓ તુરત જ પોતાની અસલ સ્થિતિમાં આવવા પ્રવૃત્ત થાય છે જેને કારણે પેલી વધારાની ઉમેરાએલી શક્તિ પ્રકાશના દૃશ્ય કિરણ રૂપે બહાર પડે છે જે આપણને અંધારામાં પણ દેખાય છે. અણુઓને ઉત્તેજનાર પ્રકાશના કરતાં આ બહાર પડતા પ્રકાશની તરંગલંબાઈ વધારે હોય છે. રૅડીએશન (અણુપ્રસરણ)ની આવી ક્રિયાથી ઘણા પદાર્થો ઉત્તેજાય છે ને પછી જુદા પ્રકારનું રેડીએશન પ્રસરે છે.

રૂબી (માણેક) લૅસર લગભગ આ રીતે કામ કરે છે. પણ એમાંના (ક્રોમિયમના) અણુઓની પ્રક્રિયા જરા ભિન્ન છે. પોતાનામાં આવેલી વધારાની શક્તિ બહાર કાઢતી વખતે તેઓ અમુક હદ સુધી જ પાછા પડે છે ને એ જ સ્થિતિ—(એટલે કે તદ્દન અસલની સ્થિતિ નહિ પણ) 'મેટાસ્ટૅબલ' સ્થિતિમાં થંભી જાય છે. લૅસર (ઉપરની આકૃતિમાં ૧) ફરતા મૂકેલા ફ્લૅશ લૅમ્પ (૩)નો તેજસ્વી દૃશ્ય પ્રકાશ માણેકના સ્ફટિકમાં પેસે છે ને તેમાંના અણુઓને ઉત્તેજે છે. મેટાસ્ટૅબલ સ્થિતિમાં થાભેલા વીજાણુવાળા અણુમાંથી એકાએક એક અણુ અસલ સ્થિતિમાં આવે છે ને એમાંથી એક લાલ કિરણ બહાર ફેંકાય છે. આ કિરણ સ્ફટિકની લાંબી બાજુને સમાંતરે ન જતાં જો આડું નીકળે તો તે સ્ફટિકની બહાર પડી વેડફાઇ જાય છે. પણ જો એ સમાંતર નીકળે તો સ્ફટિકમાં જ આગળ વધતું જાય છે. એ વેળા માર્ગમાં આવતા અન્ય મેટાસ્ટૅબલ અણુઓને પણ અસલ સ્થિતિમાં આવવા પ્રેરતું જાય છે. એ બીજા અણુઓમાંથી પણ આ કિરણની જ દિશામાં અને તેના જેટલી જ તરંગલંબાઈનું કિરણ નીકળે છે ને આને સાથ આપતું એ પણ એની જ દિશામાં જાય છે. આમ સંવર્ધિત થતું એ લાલ કિરણ સ્ફટિકને એક છેડે પહોંચે છે. સ્ફટિકના આ બંને છેડાઓને






વીજળીના ગોળામાં વિદ્યુતપ્રવાહથી ગરમ થઈ છેક શ્વેત ઉષ્ણતામાને પહોંચેલા ફિલામેન્ટના વીજાણુઓ ઉત્તેજના પામી તેમાંથી પ્રકાશ નીકળે છે. આ પ્રકાશ ઓછીવત્તી તરંગલંબાઈવાળા કિરણોના શંભુમેળા જેવો છે. લાંબા અંતરે એ કિરણો એકબીજાથી આગળપાછળ પડી જઈ એ પ્રકાશની શક્તિ મંદ પડે છે.



ડિસ્ચાર્જ ટ્યૂબમાં વિદ્યુતપ્રવાહની શક્તિ વડે અણુઓ ઉત્તેજના પામી એમાંથી પ્રકાશ નીકળે છે. એક અણુ ક્યારે ઉત્તેજાય ને એ ઉત્તેજના પાછી પડી એમાંથી પ્રકાશનો ઝબકાર ક્યારે નીકળે તે અનિશ્ચિત હોય છે.



રૂબી લૅસરમાં ક્રોમિયમના અણુઓ ફ્લૅશ લૅમ્પના પ્રકાશની શક્તિથી ઉત્તેજાય છે ને પછી અસલ સ્થિતિ પ્રાપ્ત કરતાં પહેલાં એ 'મેટા સ્ટૅબલ' સ્થિતિમાં આવી થંભે છે. એકાએક એકાદો અણુ ઉતેજના વડે આવેલી વધારાની શક્તિ પાછી ફેંકે છે ત્યારે એમાંથી નીકળતા કિરણના માર્ગમાં અથડાતા અન્ય અણુઓને પણ તે એ જ માર્ગે પ્રેરે છે. અને એ વખતે એમાંથી પણ પ્રકાશનાં કિરણો નીકળે છે. આ કિરણો સરખી જ તરંગલંબાઈવાળાં હોય છે.

ઢોળ ચડાવી આયના જેવા કરેલા હોઇ ત્યાં આવી અથડાતાં એ લાલ કિરણો પરાવર્તન પામી પાછાં ફેંકાય છે. વળી, માર્ગમાં આવતા બીજા અણુઓમાંથી વધુ ને વધુ કિરણો મેળવતાં જઇ એ સામે છેડે અથડાય છે. બે છેડા પર આમ ફંગોળવાની એની ક્રિયા ઉપરની આકૃતિમાં જરા વિગતથી આપી છે. આખરે સંવર્ધિત થતી જતી એની શક્તિ એટલી તો વધી જાય છે કે સ્ફટિકને એક છેડેથી તે દૃશ્ય લાલ પ્રકાશબિંબ રૂપે બહાર આવે છે. આ રક્તબિંબ (૩) એ જ લૅસરનો માનવસર્જિત પ્રકાશ. એની આ સમગ્ર ક્રિયા સેકંડના ચે ૨૦૦૦મા ભાગમાં થાય છે. એની તરંગલંબાઇ ૭૦૦૯ થી ૭૦૧૪ ઍંગસ્ટ્રૉમની હોય છે. એક અગસ્ટ્રૉમ એટલે એક મિલિમીટરનો ચે કરોડમો ભાગ. એક બીજાને સમાંતર રહી એક સાથે બહાર પડતાં લૅસર-પ્રકાશનાં કિરણો સરખી જ તરંગલંબાઈવાળાં હોઈ લાંબે અંતરે પણ એના બિંબની શક્તિ ઘટતી નથી. સામાન્ય પ્રકાશનાં કિરણોમાં રંગપટ (સ્પૅક્ટ્રમ) પર દેખાતાં બધાં રંગનાં કિરણો હોય છે જે દરેકની તરંગલંબાઇ ભિન્ન હોય છે. એક જ સ્થાનેથી એકીસાથે નીકળેલાં એ કિરણો ઓછીવત્તી (વિસંગત) તરંગલંબાઇને કારણે બહુ આગળ જતાં એકબીજાની આગળપાછળ થઈ જઇ એ પ્રકાશની સમગ્ર શક્તિ છિન્ન થઇ જાય છે. (પ્રકાશની એ સરખામણી બાજુમાં દર્શાવી છે.) લૅસરના પ્રકાશમાં એમ નથી થતું, પરિણામે તે અતિ ઘણે દૂર સુધી જઈ શકે છે. પૃથ્વી પરથી ફેંકાએલું ૧૨ ઇંચ વ્યાસનું લૅસર-પ્રકાશનું બિંબ લગભગ ૨,[illegible]૦૦૦ માઈલને અંતરે ચંદ્ર પર માત્ર બે માઈલના વર્તુળમાં પ્રસરેલું. એટલે [illegible]ર માઇલે લગભગ ૨/૩ ઈંચ જ પ્રસરેલું. એટલે દૂર સામાન્ય પ્રકાશ જો મોકલી શકાતા એનું એવડું જ બિંબ ચંદ્ર પર લગભગ ૨૫૦૦૦ માઇલમાં પ્રસરે. લૅસરના પ્રકાશબિંબની આ સુસંગતતાને કારણે એની તેજસ્વિતા સૂર્યપ્રકાશ કરતાં દસ લાખ ગણી વધારે હોય છે. માત્ર બાર જ ઇંચ જેટલા વ્યાસના વર્તુળમાં એક સેકંડના બે હજારમા ભાગમાં થએલો તેનો ઝબકારો બે કરોડ માઈલને અંતરેથી પણ નરી આંખે જોઇ શકાય. લૅસર-પ્રકાશને દગકાચ વડે સોયની અણિથી યે ઝીણા બિંદુ રૂપે કેન્દ્રિત કરી શકાય છે. આ રીતે સેન્ટીમીટરના બે સોમા ભાગના વ્યાસવાળા બિંદુરૂપે કેન્દ્રિત થએલા લૅસર પ્રકાશમાંથી એક સેન્ટીમીટરે દસ કરોડ વૉટ શક્તિ મળે છે.

હીરા જેવા સખતતમ પદાર્થમાં પણ લૅસર કાણું પાડી દે છે. ચપ્પુની મદદ લીધા વિના એના વડે અતિ નાજુક શસ્ત્રક્રિયાઓ થઈ શકે છે. વંશપરપરાના સિદ્ધાંતના અભ્યાસમાં લૅસર વડે જીવતા કોષમાંથી અમુક ચોક્કસ ક્રૉમૉસોમ્સને મારી શકાશે. કોઈ પણ ધાતુને અતિ ઝડપે સફાઇથી કાપી કે સાંધી શકાશે. રેડિયો મોજાં કરતાં યે લૅસરનાં મોજાં ટૂંકાં હોઇ રડારમાં એનો વધુ ચોક્કસ ઉપયોગ થશે. લૅસર વડે અવકાશમાં ભમતા અજાણ ઉપગ્રહોને ખોળી શકાશે એટલું જ નહિ એને ત્યાં ને ત્યાં ખલાસ પણ કરી શકાશે. લૅસર વડે વિદ્યુતનું પ્રકાશમાં રૂપાંતર થઈ તેનો આંતરગ્રહીય ઉપયોગ પણ શક્ય બનશે. **સં.**

શકે. તેનું એક જ કિરણ એકીસાથે ૧૦૦૦ ટી. વી. કાર્યક્રમો કે ૧૦,૦૦,૦૦૦ ટેલિફોન કૉલનું વહન કરી શકે. રેડિયોનાં મોજાં રૂપે પણ એને વાપરી શકાય. રડાર તરીકે પણ વાપરી શકાશે. કદ ઘણું નાનું અને કાર્યશક્તિ વધારે હોઇ ભવિષ્યની અવકાશયાત્રાઓમાં આવાં સાધનો વધુ સરળ થઈ શકે. રડાર તરીકેની તેની શક્યતા તો ૧૯૬૨ના મે માસમાં મૅસેચ્યુસેટ્સના ઇન્સ્ટિટ્યૂટ ઑવ ટેક્નૉલૉજી (એમ. આઇ. ટી.)ની લિંકન પ્રયોગશાળામાંથી એ પ્રકાશ ચંદ્ર પર ફેંકી તેનું પરાવર્તન ઝીલીને સફળતાથી સાબિત થઈ શકી હતી. સાધારણ પ્રકાશ ચંદ્ર પર ફેંકવામાં આવે તો એ વર્તુલાકારે ૨૫,૦૦૦ માઈલમાં પ્રસરી જાય અને એટલો તો ક્ષીણ થઈ જાય કે તેનું પરાવર્તન નોંધી જ ન શકાય. જેટલા અંતર પર સાધારણ પ્રકાશ ૩૦૦ ફૂટ વ્યાસના વર્તુળમાં પ્રસરે એટલા જ અંતરે લૅસરનો પ્રકાશ માત્ર ૨ ફૂટ વ્યાસના વર્તુળમાં પ્રસરે છે; પરિણામે તેની શક્તિ જળવાઈ રહે છે. આજે અમેરિકામાં લગભગ ૪૦૦ વિદ્યાપીઠો તથા ખાનગી સંસ્થા- (અનુસંધાન પૃષ્ઠ ૨૧મે)

સાહિત્યસંપર્ક

શબ્દકથા : 'અલગારી'

કેટલીક વાર કવિઓ, સંતો, અવધૂતો ને જુવાનીના છાકવાળાઓ 'અલગારી' મનાય છે. અલગારીનો ચોકો સૌથી જુદો. એના મૂળમાં હોય છે મનસ્વી સ્વભાવ, જે કેટલાકને સ્વચ્છંદતા પણ લાગે. આને પરિણામે અલગારી એક તરફથી વધારેપડતો શોખ કરવા દોરાય, તો બીજી તરફ ચાલુ રસમ ને ધરેડથી અલગ પડવા એ કાંઇક આગવી રહેણીકરણી, વેશભૂષા કે અડપલાં-અટકચાળા ને મસ્તીટીખળનો પણ આશરો લે. આ બધાં વિલક્ષણતાનાં લક્ષણ.

આમ 'અલગારી' એટલે 'મનસ્વી', 'સ્વચ્છંદી', 'શોખીન'. સાથે બીજું રૂપ 'આલીગારું' કે 'આળીગાળું' કોશમાં નોંધાયું છે. અર્થ અપાયો છે 'અટકચાળું' 'તોફાની' અહીં આળવી-તરું' (કે 'આળવીતું') પણ તરત જ યાદ આવશે.

જૂની ગુજરાતીમાં 'આલિ' એટલે 'મસ્તી', 'અડપલું'. 'આલિગાર' એટલે 'આલિ-કાર'= મસ્તીખોર, અટકચાળું. સેનાની કૂચના વર્ણનમાં હાથીઓ 'આલિ' કરતા વર્ણવાયા છે. અને મધ્યકાલીન કવિ ભાલણની કાદમ્બરી કથાના રૂપાંતરમાં પુત્ર ઝંખતો રાજા તારાપીડ કહે છે:

'વૃદ્ધ કંચુકીનું મુખ અળતે તે રંગે આલિ,
રંગે રમતો પુત્ર દેખું હવે કહે કાળે.'

એટલે કે 'મસ્તીમાં ઘરડા કંચુકીનું મોં અળતા વડે રંગી દેતા, અને એમ રંગે રમતા પુત્રને હું ક્યારે દેખીશ?'

હરિવલ્લભ ભાયાણી

સ્વ. આલ્ડસ હક્સલે
નવલકાર અને ચિંતક મનીષી

'એના મનમાં આજે ઉદ્‌ભવેલો વિચાર બીજે દિવસે તો તરંગ રૂપે ઇંગ્લંડમાં પ્રસરવા લાગે છે'—એમ કહીને આ યુગના પ્રખર વિચારવાન પુરુષ બર્ટ્રાન્ડ રસેલે જેમને બિરદાવ્યા છે તે આલ્ડસ હક્સલે, અમેરિકાના પ્રમુખ કેનેડી અને ભારતના પાંચવીર સેનાનીઓની સાથે જ—ગઈ ૨૨મી નવેમ્બરે ૬૭ વર્ષની વયે કૅન્સરના દર્દથી અવસાન પામ્યા.

ઉચ્ચ કક્ષાના ચિંતક, નવલકથાકાર અને અધ્યાત્મવાદી પંડિત તરીકે વિશ્વમાં ખ્યાતિ મેળવનાર, મનીષી કક્ષાના આ બ્રિટિશ લેખકનો જન્મ ઇંગ્લંડના સરે પરગણાના ગૉડેલમિંગ ગામે ૧૮૯૪ની ૨૬મી જુલાઇએ એક પ્રતિભાવાન કુટુંબમાં થયો હતો. એને વિદ્વત્તાના અંકુરો માતૃ અને પિતૃપક્ષ તરફથી આનુષંગિક સંસ્કારો રૂપે મળ્યા હતા. પિતા લીઓનાર્ડ હક્સલે કેળવણીકાર અને ઇંગ્લંડના એક પીઢ સામયિક 'કૉર્નહિલ મૅગેઝીન'ના તંત્રી હતા. એના મોટા ભાઇ જુલિયન હક્સલે પણ ઊંડા શાસ્ત્રજ્ઞ, જીવશાસ્ત્રી અને લેખક હતા. આ પિતૃપક્ષની પેઠે માતૃપક્ષે પણ હતા પ્રસિદ્ધ કવિ મૅથ્યુ આર્નોલ્ડ ને શિક્ષણશાસ્ત્રી ટૉમસ આર્નોલ્ડ. આમ તેમનામાં સાહિત્ય, કલા અને શાસ્ત્રનો સંગમ થએલો હતો. છતાં તેઓ થવા માગતા હતા ડૉક્ટર, એટલે તેમણે ઈટનની શાળાનો અભ્યાસ પૂરો કરી ઑક્સફર્ડની બેલિયલ કૉલેજમાં દાખલ થયા બાદ પોતાના પિતામહ ટૉમસ હક્સલેની જેમ જીવશાસ્ત્રનો અભ્યાસ શરૂ કરેલો. પરંતુ ૨૬મી જુલાઇ. ૧૯૧૦ના રોજ એમની સોળમી વર્ષગાંઠ ઊજવ્યા પછી એમની આંખની દૃષ્ટિ ઝાંખી થઈ જવાથી જીવશાસ્ત્રના એ જીવને વિજ્ઞાનને બાજુએ મૂકીને સાહિત્યની સાધના પ્રતિ પોતાની પ્રતિભાને વાળવી પડી હતી.



આંખોનું નૂર હોલવાવાના બનાવે એના પર એવી તો ઘેરી માનસિક અસર કરી કે એથી જીવન પ્રત્યેનું એનું આખું દૃષ્ટિબિંદુ ફેરવાઈ ગયું. દૃષ્ટિનાં તેજ ઓસરતાં એમણે 'બ્રેઇલ' લિપિ ને સ્પર્શપદ્ધતિથી ટાઈપ કરવાનું શીખી લીધું. પરંતુ આંખની કસરતો અને ઉપચારોથી બે વર્ષ પછી આંખો સારી થઇ જતાં એમણે ફરી પોતાનો અભ્યાસ ઝડપથી આગળ વધાર્યો અને ઈ. ૧૯૧૫માં ઑક્સફર્ડમાંથી અંગ્રેજીની ડિગ્રી મેળવી.

વિદ્વત્તાની ગળથૂથી પીધેલી એ પ્રતિભા હવે સાહિત્યક્ષેત્રે તો પ્રફુલ્લિતપણે પાંગરી અને કલા, સમાજશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, સાહિત્ય તેમજ તત્ત્વજ્ઞાન જેવા વિવિધ વિષયોમાં સાંગોપાંગ પૂર્ણ કળાએ ખીલી ઊઠી. તેઓ એટલા તો સર્વતોમુખી બહુશ્રુત હતા કે 'તે જીવતાજાગતા વિશ્વકોષ છે અને જગવિખ્યાત બ્રિટિશ સંદર્ભગ્રંથ એન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકાના બધા ભાગ તેમણે વાંચી નાખ્યા છે' એમ તેમના વિષે મનાતું!

૧૯૧૯માં તેમણે મેરીઆ નાઈસ નામક બેલ્જિયન નિરાશ્રિત સાથે લગ્ન કર્યું અને જૉન મિડલટન મરી, ડી. એચ. લૉરેન્સ, કૅથેરીન મૅન્સફીલ્ડ વગેરેએ સ્થાપેલા ઇંગ્લંડના ટૂંકજીવી પણ લબ્ધપ્રતિષ્ઠ સાહિત્યિક સાપ્તાહિક 'ઍથીનીઅમ'માં જોડાઈ સાહિત્યકાર્ય કર્યું.

તેમના સાહિત્યિક જીવનને બે ખંડમાં વહેંચી શકાય: તેમને સાહિત્યાકાશના ઉચ્ચ સિતારા તરીકે સ્થાપિત કરનાર તેમની પહેલી નવલકથા 'ક્રોમ યલો' પ્રસિદ્ધ થઇ એ પ્રથમ વિશ્વયુદ્ધ પછીના, વૈફલ્ય સંશયવાદ ન નિરાશાના કાળથી શરૂ કરીને તેમણે ૧૯૨૬માં એશિયા—અમેરિકાની યાત્રા કર્યા પછી જીવન પ્રત્યેનો દૃષ્ટિકોણ બદલીને 'પૉઇન્ટ કાઉન્ટર પૉઇન્ટ', 'બ્રેઈવ ન્યૂ વર્લ્ડ', 'ધી ઑલિવ ટ્રી' વગેરે લખ્યાં ત્યાં સુધીનો કાળ; અને બીજો તે પછીનો અધ્યાત્મવાદના સ્પર્શવાળો.

'ક્રોમ યલો' નવલ લખાયા પછી બે વર્ષે 'ઍન્ટિક હે' લખાઈ, અને પછી એમને નવલકાર, નવલિકાકાર ને નિબંધકાર તરીકે ખ્યાતિ અપાવતાં 'ઘોઝ બૅરન લીવ્ઝ', 'લિટલ મેક્સિકન', 'ટુ ઑર થ્રી ગ્રેઇસિઝ', 'પ્રૉપર સ્ટડીઝ' વગેરે લખાયાં. એ પૈકી 'થ્રોઝ બૅરન લીવ્ઝ'માં તેમણે પોતે આર્થિક રીતે કૈંક સદ્ધર થયા પછી 'ઍથીનિયમ' અને 'વેસ્ટમિન્સ્ટર ગૅઝેટ' સામયિકોનું કામ છોડી દઇને જ્યાં સાત વર્ષ સુધી રહ્યા હતા તે, ઇટલીની પૃષ્ઠભૂમિમાં સમકાલીન સમાજ ઉપર પ્યૂરિટન દૃષ્ટિકોણથી સુધારાવાદી કટાક્ષો કર્યા હતા.

એ કેવા જબરા પ્રવાસવીર હતા તે એમનાં 'જેસ્ટિંગ પાઇલટ' અને 'બિયૉન્ડ ધ મૅક્સિક બે' પરથી જણાય છે. 'જેસ્ટિંગ પાઇલટ'માં તેમણે પોતાના ભારત-પ્રવાસનું ખૂબ જ ચિત્તવેધક ચિત્રણ કર્યું છે. વારાણસીમાંનું સૂર્યગ્રહણ-સ્નાન, ફતેહપુર સિક્રી, જુમા મસ્જિદ વગેરેનાં વર્ણન દ્વારા ભારતની અંધશ્રદ્ધા, સ્થાપત્ય, કલાકૌશલ્ય અને અભિજાત રસિકતા દર્શાવવાનો તેમણે તેમાં પ્રયત્ન કર્યો છે, તો અહીંનું દારિદ્ર જોઇને તેમણે ભાખ્યું છે કે 'અંગ્રેજોનો વૈભવ ભારતમાં વધુ દિવસ સુધી

નહિ ટકે.' મુંબાઇમાં શ્રીમતી સરોજિની નાયડુના વ્યક્તિત્વથી પ્રભાવિત થઇને એમણે લખ્યું છે: 'મુંબાઇમાં કૉંગ્રેસનાં નવાં પ્રમુખ શ્રીમતી સરોજિની નાયડુને મળીને હું ધન્ય થયો. એ સ્ત્રીમાં બૌદ્ધિક શક્તિની સાથે આકર્ષણ, મધુરતા સાથે સાહસ, બૃહદ સંસ્કૃતિ સાથે મૌલિકતા ને સદ્ભાવના સાથે વિનોદનો કોઈ અનોખો સંગમ થએલો છે.'

ઈટલીમાં ડી. એચ. લૉરેન્સ વગેરેનો સંપર્ક અને ભારત આદિ પૂર્વના દેશોની યાત્રા વગેરેના પરિણામ રૂપ હોય એવું વિચારદર્શન તેમની ૧૯૨૮થી '૩૬ના ગાળાની અત્યંત પ્રસિદ્ધ ત્રણ નવલકથાઓમાં દૃષ્ટિગોચર થાય છે: 'પૉઇન્ટ કાઉન્ટર પૉઈન્ટ', 'બ્રેઈવ ન્યૂ વર્લ્ડ' ને 'આઇલેસ ઇન ગાઝા.' જીવન પ્રત્યેનો તેમનો બદલાએલો દૃષ્ટિકોણ આ ત્રણ નવલકથાઓમાં તબક્કાવાર સ્પષ્ટ થાય છે. 'પૉઈન્ટકાઉન્ટર પૉઇન્ટ'માં માનવના વ્યક્તિગત જીવનનું કેન્દ્રબિંદુ શું એનું ઘણું ઉત્તેજક ને પ્રભાવી ચિત્રણ કરીને તેમણે 'બ્રેઇવ ન્યૂ વર્લ્ડ'માં વિજ્ઞાન અને જાતીયવૃત્તિ માનવી માટે કેવો નાશ નોતરશે એની ઝાંખી કરાવી છે. અમેરિકાએ જાપાન ઉપર અણુબૉંબ ફેંક્યો એ અગાઉ બાર વર્ષ પહેલાં તેમણે 'બ્રેઇવ ન્યૂ વર્લ્ડ'માં, (જેમ ભારતમાં અંગ્રેજોની સત્તા વિષે 'જેસ્ટિંગ પાઇલટ'માં કહેલું તેમ) લખ્યું હતું કે વિજ્ઞાનના વિકાસ ઉપર દુનિયા નૈતિકતાનો અંકુશ નહિ મૂકે તો એ જગત માટે મુશ્કેલી ઊભી કરશે.

અહીં સુધી હક્સલેનું જીવનદર્શન 'નેતિ નેતિ' જેવું નકારાત્મક હતું. '**केन एकेन विज्ञातेन सर्वमिदं विज्ञातंस्यात ?**' ઉપનિષદનો આ પ્રશ્ન હક્સલેની પ્રજ્ઞામાં પણ ઊભો હતો. પણ વેદ, ઉપનિષદ, બૌદ્ધ ગ્રંથો વગેરેના અભ્યાસ પછી તેમને તેનો જે જવાબ મળ્યો તેનું ચિત્રણ એ પછીની છ નવલકથાઓ ('આઇલેસ ઈન્ ગાઝા,' 'આફ્ટર મૅની એ સમર', 'ટાઈમ મસ્ટ હૅવ એ સ્ટૅાપ', 'એઈપ ઍન્ડ એસેન્સ', 'ધ જીનિયસ ઍન્ડ ધ ગૅાડેસ' અને છેલ્લી 'આઇલૅંડ')માં તેમજ 'ધ ડોર્સ ઑવ પર્સેપ્શન', 'હેવન ઍન્ડ હેલ', 'પેરેનિયલ ફિલૅાસૅાફી' અને 'એન્ડઝ ઍન્ડ મીન્સ' વગેરે નિબંધ-ગ્રંથોમાં જોવા મળે છે.

આ સઘળાં પુસ્તકોમાં પાશ્ચાત્ય વિલાસી જીવન ઉપર કટાક્ષ કરવાને બદલે એનું સમાધાન ભારતીય યોગમાં, ઉપનિષદ અને વેદાંતમાં શોધવાનો તેમનો પ્રયત્ન ઘણા અંશે સફળ થયો છે. કલાની દૃષ્ટિથી એ નવલકથાઓ ભલે ઊણી ઊતરી હોવાનો કેટલાક વિવેચકોનો મત છે, પરંતુ તેમાંની જીવનદૃષ્ટિના ચિત્રણમાં કોઇને કશી ખોડ નથી દેખાઈ. 'આઈલેસ ઈન ગાઝા'માં વેદાંતવાદી ડૉ. મિલરના ઐહિક જીવનમાં યોગવૃત્તિ અને યોગતંત્રનું કેવું મહત્ત્વ છે એ વાંચવા જેવું છે. 'રહસ્યવાદી હક્સલી' 'નસ્તલકાર હક્સલી'નો લોપ કરી દેશે કે શું એવી ભીતિ સેવતા વિવેચકોને સજ્જડ ઉત્તર આપતી નવલકથા 'ટાઈમ મસ્ટ હૅવ એ સ્ટૅાપ'માં કલા અને વિવેચનનો ઉત્કૃષ્ટ સંગમ છે.

તેમણે ભારતીય ગ્રંથો (વેદ, વેદાંત, ઉપનિષદ, શ્રુતિ, સ્મૃતિ વગેરે)નો આમૂલાગ્ર અભ્યાસ કર્યો હતો અને એવો જ અભ્યાસ બૌદ્ધ-ગ્રંથોનો કર્યો હતો, જેના ફળરૂપે મોક્ષ જ જીવનનું અંતિમ લક્ષ્ય છે એવા ભારતીય તત્ત્વજ્ઞાનથી તેઓ અત્યંત પ્રભાવિત થયા હતા. ભારતીય દાર્શનિક સિદ્ધાંતોની પૃષ્ઠભૂમિમાં તેમણે અન્ય ધર્મોનો પણ અભ્યાસ કર્યો અને પોતાનું જીવન એ રીતે ઘડયું કે તેમનો આત્મા વિશ્વ-વિરાટત્વનો અનુભવ કરવા લાગ્યો. પાછલાં ૨૭ વર્ષોના તેમના સાહિત્યમાં જે વિશાળ, ગંભીર અને કરુણાભર્યો પારા જોવા મળે છે તેનું કારણ પણ એ જ છે. સમસ્ત વસુંધરાને પોતાનું કુટુંબ માનીને ચાલતા મનીષી જેવી તેમની વાણી થઈ ગઈ હતી.

તેમના આ શ્રેષ્ઠ જીવનદર્શનનું પ્રતિબિંબ ૧૯૪૬માં પ્રગટ થએલા 'ધી પેરેનિયલ ફિલૅાસૅાફી' (સર્વકાલિક દર્શન)માં જોવા મળે છે. જેનો પહેલો ખંડ 'તત્ત્વમસિ' જેવું સંસ્કૃત નામ ધરાવે છે તે આ ગ્રંથમાં તેમણે એવું નિરૂપણ કર્યું છે કે એક વિશ્વ-આત્મા ચરાચર જગતમાં વ્યાપ્ત છે. તેનું દર્શન થાય એ જ માનવતા માટે કલ્યાણપ્રદ છે. સંસ્કૃત, પાલિ ને ભારતના લોક-સંત-સાહિત્યમાં ઠલવાએલી ભાવનાઓથી ભરપૂર એવા આ ગ્રંથમાં હક્સલેના જીવનના અનુભવ અને જ્ઞાનનો નીચોડ છે. એટલે જ તો તે 'અજસ્ત્ર પ્રેરણાના સ્રોત' તરીકે મૂલવાયો છે.

ઇ. ૧૯૨૩ થી '૩૦નો ગાળો ઈટલીમાં ગાળી ૧૯૩૪માં તે મધ્ય અમેરિકા ગયા અને ૧૯૩૭માં અમેરિકાના પશ્ચિમ કિનારે કૅલિફૉર્નિયામાં સ્થિર થયા, જ્યાં જીવનનાં સત્તાવીસ વર્ષ તેમણે ગાળ્યાં. ત્યાં તેમનું સ્વાસ્થ્ય સારું થયું હતું તેમજ આંખોને તેજ પણ સારું મળ્યું હતું. પોતાને ગળાનું કૅન્સર છે એનો ખયાલ છેલ્લાં ત્રણ વર્ષથી એમને આવી ગયો હતો; (પરંતુ એમની પત્ની મારીઆ નાઈસ ૧૯૫૫માં એક સંતાન મૂકીને અવસાન પામ્યા બાદ જે લૅારા આરચેરા સાથે તેમણે લગ્ન કર્યાં હતાં તે) પોતાની પત્ની સિવાય કોઇને એ વિષે ખબર પડવા દીધી ન હતી. જીવનની શરૂઆતનો દૃષ્ટિનાશ, આ જીવલેણ માંદગી, અને છેલ્લે ૧૯૬૧માં બળી ગએલું એમનું સમગ્ર ગ્રંથાલય, વગેરે આઘાતો અમને પાછલી જિંદગીમાં સહેવા પડ્યા હતા, પરંતુ અધ્યાત્મવાદી જીવનદૃષ્ટિમાં તેમણે સાંત્વન શોધ્યું હતું.

—ગુણવંત છો. શાહ

ગુજરાતી સાહિત્ય પરિષદનું ધ્યેય

ગયા માસમાં વિલેપાર્લે (મુંબાઇ)માં ભરાએલા ગુજરાતી સાહિત્ય પરિષદના ૨૨મા સંમેલન પ્રસંગે એ પરિષદના જનક સ્વ. રણજિતરામ વાવાભાઇએ ચિંતવેલો આ નીચેનો તેનો કાર્યવિસ્તાર આજથી છ દાયકા ઉપર પણ એમની દૃષ્ટિનો વ્યાપ કેટલો હતો તે દર્શાવે છે:

"ગુજરાતી ભાષા અને સાહિત્યનો ઇતિહાસ, ઘટના, જોડણી, વ્યાકરણ, લિપિ વગેરેનો વિચાર; લલિતકલાઓ, ચિત્ર, શિલ્પ, સ્થાપત્ય, વગેરેનો પુનરુદ્ધાર; ગુજરાતને સૌંદર્યનો અનુભવ કરાવવો; પ્રતિભાશાળી કલાવિધાનીઓને જોગવાઈ કરી આપવી; પ્રાચીન ને અર્વાચીન ઇતિહાસ માટે પુરાણવસ્તુશાસ્ત્ર, ઉત્ક્રીર્ણલેખન, (એપિગ્રાફી) મુદ્રાશાસ્ત્ર વગેરે શાસ્ત્રોનો અભ્યાસ અને ઐતિહાસિક શોધખોળને ઉત્તેજન; પ્રજાના આચાર, રીતભાત ને જીવન વ્યવહાર પ્રકાશિત કરતું સાહિત્ય પ્રકટ કરવું; આપણામાં ઐતિહાસિક માનસ જગાડવું; ભૂગોળ અને વિજ્ઞાનનો અભ્યાસ; હુન્નરઉદ્યોગને આવશ્યક રસાયણશાસ્ત્ર વગેરે સરળ ગુજરાતી ભાષામાં પ્રાપ્ત થઈ શકે તે માટે ઉપાયો; તે માટે પરિભાષા અને લેખનપદ્ધતિનો નિર્ણય; સંસારશાસ્ત્ર, માનવશાસ્ત્ર, નૃવંશવિદ્યા, માનસશાસ્ત્ર, નીતિશાસ્ત્ર અને તત્ત્વચિંતન વગેરેના જુદીજુદી દૃષ્ટિથી અભ્યાસ; ચાલુ સંપ્રદાયોના સિદ્ધાંતો અને ઇતિહાસ તથા તેમણે કરેલી સેવા પિછાની ચાલુ કેળવણી કેમ સંગીન થઈ શકે, પ્રજાજીવનના ઊર્ધ્વ પ્રયાણને કેમ વેગ મળે તેની યોજના વિચારવી; સ્ત્રીઓ, બાળકો, વેપારીઓ ને કારીગરો માટે વિનોદ સાથે ઉન્નત કરે એવું સાહિત્ય ઉપજાવવું; રંગભૂમિ અને વર્તમાનપત્રોનાં કર્તવ્ય નક્કી કરવાં; આપણા પ્રજાજીવનને આર્થિક રીતે ઉન્નત, શીલવાન, રસિક અને ઉદાત્ત બનાવવા માટે રાહ દાખવવો; અને વિદ્યાના પ્રભાવથી દેશનું ભાગ્ય ઉઘાડી પ્રજાનો ઉત્કર્ષ સાધવો."

આ અંકમાંનું ચિત્રપૃષ્ઠ

દુષ્યંત-દરબારમાં શકુંતલા

(એના અનુસંધાનમાં જુઓ પહેલા પાના પરનું કાવ્ય 'વીંટી')

'કુમાર'ના ૪૪૬મા અંકમાં સ્વ. આર્કિબાલ્ડ હર્મન મુલરનો પ્રાપ્ત પરિચય આપ્યા બાદ એ વિસ્મૃત કલાકારની પ્રતિભાનું સમર્થન કરતી કૃતિઓની મારી શોધના પરિણામે ઔંધના સંગ્રહાલયમાં પ્રસ્તુત ચિત્ર હોવાની માહિતી મારા મિત્ર શ્રી પંઢરીનાથ ઇનામદાર પાસેથી મળી, અને તેની ફોટો-કૉપી માટે મુંબાઇના સરકારી દફતર-અધિકારી (ડાયરેક્ટર ઑાવ આર્ચાઇવ્ઝ) શ્રી પુરુષોત્તમ જોષીને વિજ્ઞપ્તિ કરવાથી તેમણે અનુમતિ આપી, જેને પરિણામે શ્રી પંઢરીનાથના પ્રયાસથી તેની નેગેટિવ પ્રાપ્ત થઈ છે. એ બંને સજ્જનોનો હું આભારી છું.

ભાગ્યે જ ૧૮×૨૦ ઇંચના કદનું આ વૉટરકલર (જલરંગી) ચિત્ર, શ્રી મુલરની સુકોમળ સુરેખ આલેખના, વસ્તુવૈવિધ્યના જ્ઞાન અને ભાવનિરૂપણની શક્તિનો ઉત્તમ નમૂનો છે. રવિવર્મા પછી તાદૃશ ચિત્રાલેખનમાં આગે કદમ પાડનાર આ કલાકારે પ્રસંગનો સાક્ષાત્કાર આપવામાં કાંઈ પણ મણા રાખી નથી. કાલિદાસના સમયની સંસ્કૃતિ અને રાજ્યસમૃદ્ધિ દાખવવાનો પ્રયત્ન કરતા આ ચિત્રનાં પાત્રોનું સ્વરૂપ પણ પૂર્ણ ઉઠાવ પામ્યું છે.

ચિત્રમાં નજર કરતાં જ આખા પ્રસગનું કેન્દ્ર બનેલી શકુન્તલાનું પાત્ર સહજપણે આપણી આલોચના અને અનુકંપાનું સ્થાન લઇ લે છે. દુષ્યન્ત તરફથી આવકાર મળવાને બદલે અજાણ્યા જેમ જોઈ રહેલી એની નજરે શકુન્તલાને થંભાવી દીધી છે અને તે વિક્ષુભિત દશામાં દુષ્યન્ત સામે નેત્ર ઢાળી ઊભા થઇ રહી છે. તેની સાથે આવેલી વૃદ્ધા અને કણ્વના શિષ્ય માટે ભોંય ભારે થઇ ગઇ છે એ સમજતાં વાર લાગતી નથી.

આટલા બધા માનવસમુદાયભર્યું, આટલા નાના ફલકમાં સમાવેલું ચિત્રસંયોજન એ તે સમયની ચિત્રકળાની એક વિરલ વસ્તુ છે. એક પરદેશી ચિત્રકારે પોતાના પ્રગાઢ અભ્યાસ ને કલ્પનાસભર ચિંતનથી કાલિદાસની કલ્પનાનો જે સાક્ષાત્કાર કર્યો છે તે અન્ય ભારતીય કલાકારો માટે ઉચ્ચ પ્રકારનું દૃષ્ટાન્ત છે.

ટિકિટસંગ્રહ ઝાંઝિબાર અને કેન્યાના સ્વાતંત્ર્યનિમિત્તની 'ઉહુરુ' ટિકિટો



ઉપર ડાબી તરફની ચાર મોટી ટિકિટો ઝાંઝિબારને ગઈ ૧૦મી ડિસેમ્બરે સ્વાતંત્ર્ય મળ્યું તે નિમિત્તની છે. તેમાં પહેલી ૩૦ સેન્ટની ટિકિટ પર ત્યાંની સમૃદ્ધિના મુખ્ય કારણ રૂપ ત્યાંના લવિંગનું ચિત્ર છે. બાજુની ૫૦ સે.ની ટિકિટમાં સ્વાતંત્ર્ય મળતાં ભાવિસમૃદ્ધિના ઊગતા સૂર્યનું દ્યોતક આલેખન છે. ત્રીજી અઢી શિલિંગની ટિકિટમાં મંગાપ્વાની ગુફાના ચિત્ર સાથે ઉજ્જવળ ભાવિ પ્રત્યેની અભિમુખતા તથા છેલ્લી આડી ટિકિટમાં દેશની ધાર્મિક સહિષ્ણુતાના નિદર્શનરૂપ વિવિધ ધર્મસ્થાનકોનું આલેખન છે. (મોકલનાર: ડી. આર. મહેતા) જમણી તરફની બધી નાની ટિકિટો ને ડાબી તરફની નીચેની આડી ટિકિટ કેન્યાને ૧૦મી ડિસેમ્બરે મળેલા સ્વાતંત્ર્ય નિમિત્તની છે. ૫, ૧૦, ૧૫, ૨૦ અને ૪૦ સેન્ટની ટિકિટોમાં અનુક્રમે પશુપાલન, કાષ્ટકોતરણી, ભારે ઉદ્યોગ, ઈમારતી લાકડાં તથા મચ્છીમારીના વ્યવસાયનાં દ્યોતક ચિત્રો છે. ૩૦ સેન્ટની ટિકિટ પર તેના પ્રથમ વડાપ્રધાન અને નેતા જોમો કિન્યાટા તથા કેન્યા પર્વતનું શિખર છે. ૫૦ સે.ની ટિકિટ પર દેશના રાષ્ટ્રધ્વજધારી હબસી યુવાનનું આલેખન છે. છેલ્લી મોટી ટિકિટ પર ત્યાંની 'નૅશનલ ઍસેમ્બલી'નું ચિત્ર છે. (મોકલનાર: હસમુખ ડી. શાહ–નાકુરૂ અને એન. પી. સ્વામી–કંપાલા) (અનુસંધાન પૃષ્ઠ ૪૩)

પ્રખ્યાત નાટ્યપ્રવર શ્રી પૃથ્વીરાજ કપૂરે 'શકુન્તલા'નો આ પ્રસંગ રંગભૂમિ પર સાકાર કરવા માટે આ ચિત્રનો આશ્રય લીધો હતો એ તેમના સ્વમુખે સાંભળેલા વાર્તાલાપની માહિતી છે. મૂળ ચિત્ર નાનું છતાં ચિત્રણના કૌશલ અને ભારતીય અલંકરણથી સુશોભિત રાજભવન અને પાત્રોની ભાવભરી મુખમુદ્રાઓ દ્વારા ગ્રંથવર્ણિત ભારતીય સંસ્કાર અને સમૃદ્ધિનું વાતાવરણ ખડું કરવા સમર્થ થયું છે.

—ર. મ. રા.

(શ્રી મુલરનાં અન્ય ચિત્રોની ભાળ કોઈ આપશે તો આભારી થઈશું.)

દલપતરામ વ્યાસ

લેખક • મુકુન્દરાય વિજયશંકર પારાશર્ય

સૌરાષ્ટ્રમાં સોરઠ જિલ્લામાં, ઇ. સ. ૧૭૩૩ની આસપાસ બાબી મુસલમાનોએ બાંટવા વસાવ્યું તે પહેલાં, તેની બાજુનું લીંબુડા ગામ પરગણાનું મુખ્ય ગામ હતું. લીંબુડા ચોરાશીના નામે એ પરગણું ઓળખાતું. બાંટવા વસ્યા પછી લીંબુડાનું મહત્ત્વ ઘટવા લાગ્યું. બાંટવા પરગણું પણ 'બાંટવા ચોરાશી'ના નામે ઓળખાતું થયું; જોકે એ પરગણામાં ગામ તો ૭૪ હતાં, ૮૪ નહિ.

એ લીંબુડા ગામના (જેના વેવિશાળની હકીકત 'કુમાર'ના ૪૭૨મા અંકમાં છે તે) વ્યાસ મોરારજીના પુત્ર દલપતરામની આ વાત છે.

કુટુંબની પરંપરા પ્રમાણે દલપતરામ વ્યાકરણ, ન્યાય, વેદાંત, જ્યોતિષ તથા વૈદું ભણેલા અને સાથે શ્રીમદ્ ભાગવત વાંચતા. પિતા પાસે ભણ્યા પછી જ્ઞાન દૃઢ કરવા દેશના અન્ય ખ્યાતનામ વિદ્વાન પાસે કે કાશીના કોઇ પંડિત પાસે વિદ્યાભ્યાસ માટે જવું એવો બ્રાહ્મણોમાં સામાન્ય ક્રમ હતો. પણ એ અંધાધૂંધીના ઇ.સ. ૧૮૩૫ની આસપાસના સમયમાં, બાળપણથી કાશીએ વિદ્યાભ્યાસ માટે જવાનું ન થાય તો યુવાન વયે યાત્રા નિમિત્તે જઇ કાશીમાં એકાદ બે વર્ષ રહી જ્ઞાન દૃઢ કરવાની તક અહિચ્છત્ર બ્રાહ્મણો ઝડપી લેતા. દલપતરામ વ્યાસ યુવાનીમાં યાત્રાર્થે જઇ એક વર્ષ રહેલા, પણ પિતા સિવાય તેમના અન્ય વિદ્યાગુરુ કોણ હતા તે જાણી શકાયું નથી. એ પ્રથમ વિદ્યાગુરુ પાસેથી પાછા ફર્યા ત્યારની છે કે કાશીએથી પાછા ફર્યા ત્યારની છે, એ સ્મરણે નથી પણ એ વિદ્યાભ્યાસ પૂરો કરી પાછા ફર્યા ત્યારની આ વાત છે.

એ પાછા ફર્યા ત્યારે માર્ગમાં જ્યોતિષના ગણિતના કોઇ સિદ્ધાંત વિષે વિચાર કરતા એ ચાલ્યા આવતા હતા, ગણતરી બરાબર થતી ન હતી. ઉનાળો હતો અને વળી બપોરનો વખત હતો, છતાં જ્યોતિષના વિચારમાં એટલા મગ્ન હતા કે સોરઠની એ ભૂમિમાં માર્ગમાં વડ, પીપરડી વગેરે અનેક ઝાડ પાસે જ હતાં છતાં એકાએક એક ખજૂરીની છાયામાં તે બેસી ગયા ને નીચેની ધૂળમાં આંગળી વડે ગણિત કરવા લાગ્યા. ગણિત કરતાં બે કલાક ગયા, માથેથી છાંયો ગયો, પણ તેમણે તો ત્યાં જ બેસી ગણિત કર્યા કર્યું ને સફળતા મળતાં બેઠા થયા અને ખજૂરીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ્ કર્યા. ત્યારથી એ ખજૂરીને ગુરુપદે સ્થાપી. દલપતરામભાઇ દર વર્ષે નિયત દિવસે તેને પ્રણામ કરવા આવી જતા, અને સંમુખે બેસી પંચરત્ન ગીતાનો પાઠ કરી જતા.

જ્યોતિષ શીખ્યા પછી સર્વેથી પહેલાં પોતાનું માતાનું સુખ જોવા તેમણે ગણિત કરી ભાવફળ જોયું અને એ જોયા મુજબના વખતે–વર્ષે, માસે, તિથિએ અને સમયે માતાનું મૃત્યુ થએલું! એમનો ફળાદેશ ચોક્કસ હતો.

પછીનાં વર્ષોમાં એ સારા જોષી તરીકે પંકાઈ ગયા. પોરબંદર, જૂનાગઢ વગેરે રાજ્યોમાં તેમનું ઘણું માન હતું. એ જોષ જોઈ આપવા માટે કોઇ કનેથી દ્રવ્ય ન લેતા. જૂનાગઢના નવાબ સાહેબે જોષ જોવડાવી દ્રવ્ય તથા પોશાક આપવા માંડ્યો ત્યારે તેમણે ના કહી. પછી તેમની ઇચ્છાને માન આપી નવાબ સાહેબે તેમની પાસે શ્રી ભાગવતસપ્તાહ વંચાવી ને શીખ ધરી. 'એ ઓલિયા ભગત છે' એમ કહેનાર નવાબ સાહેબ તેમને આર્ય રીતિ પ્રમાણે ક્યારેક પ્રણામ કરતા અને દલપતરામ વ્યાસ જૂનાગઢમાં આવવાના હોય ત્યારે ગામમાં ઢંઢેરો પીટાવી, પરમાટી ખાવાની તથા રસ્તા પર પાણી ઢોળવાની બંધી ફરમાવતા! દલપતરામ વ્યાસ ઉઘાડે પગે રહેતા અને બ્રાહ્મણના આચાર પ્રમાણે બને તેટલાં ઓછાં પરિધાન રાખતા.

જ્યોતિષ અને વૈદું સારું જાણતા હોવા છતાં તે જન્મકુંડળીઓનાં ભાવફળ બહુ કહેતા નહિ, તેમજ દરદીને બહુ દવાઓ આપતા નહિ. જોષ જોવડાવવા માટે પોરબંદરના દીવાન તેમને ઘણી વાર બોલાવતા અને પોતાના ભાવિ વિષે પૂછતા. એક વખત પોરબંદરનાં મહારાણીની રૂબરૂમાં એવા કોઇ પ્રશ્નના ઉત્તરમાં દીવાનને દલપતરામ વ્યાસે કહ્યું: 'જ્યોતિષમાં દૈવનું નિરૂપણ હોય અને પુરુષાર્થનું દિશાસૂચન હોય. પણ આપણે દૈવાધીન બની બેસી ન રહેવું જોઇએ. પુરુષાર્થ દૈવને ઘડે છે, માટે પુરુષાર્થની ક્ષણ નકામી જવા દેવી ન જોઇએ.'

દરદીને એ કહેતા: 'ધર્મ પ્રમાણે વર્તો, પથ્યાપથ્યના નિયમ પાળો અને પ્રજ્ઞાપરાધ ન કરો. તમારું મન લલચાતું હોય ત્યારે તમને ઊંડે ઊંડે જે કરવું ખરાબ કે ખોટું લાગે તે જો ન કરો તો માંદા નહિ પડો. તમારી ભૂલ સુધારી લો એટલે તમે સાજા જ થઇ જશો.'

બાંટવાના સત્તાધીશે તેમને બોલાવી પોતાની તબિયતની ફરિયાદ કરી દવા કરવા કહ્યું ત્યારે તેમણે કહ્યું: 'પોતે જ ઊંધે માથે થઇને ફરિયાદ કરીએ કે ચાલી નથી શકાતું તો કોણ ચાલતું કરે? સવળે માથે થાઓ અને જાતે પ્રયત્ન કરો; પછી જુઓ જોઇએ કે કેમ નથી ચલાતું? દવાની જરૂર જ નથી, સાચા આહારવિહારની છે.'

ઇ. સ. ૧૮૫૭ના બળવાના વખતમાં એક વખત દલપતરામ વ્યાસ એક ગામથી બીજે ગામ જતા હતા. માર્ગમાં તેમને થોડા સશસ્ત્ર ઘોડેસવારો મળેલા. તે આગળ ગયા ત્યાં જૂનાગઢની ફોજના સૈનિકો મળ્યા. તેઓએ એ સંબંધમાં દલપતરામભાઇને પૂછપરછ કરી. દલપતરામભાઇએ કહ્યું: 'જોયા હતા.'

પણ એ ઘોડેસવારો કઇ બાજુ ગયા તે કહેવાની તેમણે ના કહી. આથી તેમને ફોજના ઉપરી પાસે લઇ જવામાં આવ્યા. ઉપરીએ તેમને ઉગ્રતાથી પ્રશ્ન કર્યા અને સરખો જવાબ નહિ મળે તો મોતની સજા થશે, તેવો ડર બતાવ્યો.

ત્યારે દલપતરામ વ્યાસે પૂછ્યું: 'આ ઝાડ છે, એને તલવાર ઉગામી પૂછો કે આંહીંથી કોઈ નીકળ્યું હતું? તો તે શું જવાબ આપશે?'

'ઝાડ કંઇ જવાબ આપે?'

'તો મારે એવા રહેવું છે. ઝગડામાં સ્વાર્થી લોકો ભાગીદાર થાય છે, એવાંથી ઝાડ ભલાં. મારે શા માટે રાજ્યોના ઝગડામાં માથું મારવું?'

અમલદારે પૂછ્યું: 'તમે કોણ? લીંબુડિયા વ્યાસ બાપા?'

હા કહી એટલે અમલદારે તેમને પ્રણામ કરી વિદાય આપી. સાથે રક્ષણ માટે સૈનિકો મોકલવા કહ્યું. 'રખોપું રામનું' કહી તે એકલા ચાલી નીકળ્યા.

અહિચ્છત્ર જ્ઞાતિના હાલાર વિભાગના માંડવ્ય ગોત્રી વ્યાસમાં કેટલાક લીંબુડિયા અને બાકીના ખાગસરિયા તરીકે ઓળખાતા. દલપતરામ વ્યાસના સમકાલીન બ્રહ્મનિષ્ઠ પંડિત જયકૃષ્ણ જીવણરામ પણ લીંબુડિયા વ્યાસ તરીકે ઓળખાતા.

એ દલપતરામ વ્યાસ યુવાન વયે એક વખત લીંબુડેથી પોરબંદર જતા હતા. પોતાના વિચારમાં એ તન્મય હતા ત્યાં સામેથી આવતા કોઇ વટેમાર્ગુએ પૂછ્યું: 'કુતિયાણા અહીંથી કેટલું છેટું?' 'બે ગાઉ.' કહી, પાછા વિચારમગ્ન થઇ તેમણે ચાલ્યે રાખ્યું. થોડે દૂર ગયા પછી વટેમાર્ગુએ પોતાને શું પૂછ્યું હતું ને પોતે શો જવાબ આપેલો તે યાદ

આવતાં તેમને સમજાયું કે પોતે જવાબ આપેલો તે સ્થળથી કુતિયાણા દોઢ ગાઉ છેટું હતું, બે ગાઉ નહિ. આથી પેલા વટેમાર્ગુને એ સાચી વાત કહેવા, પોતે પાછા ફરી દોડયા, પણ વટેમાર્ગુ ઘણે દૂર નીકળી ગએલો કે ગમે તેમ, પણ તેમના જોવામાં ન આવ્યો. દલપતરામભાઇને તેનો આઘાત થયો. એ વખતે રસ્તામાં વાવ કે કૂવો શોધી પોતે નાહ્યા અને પ્રાયશ્ચિત્ત રૂપે ગાયત્રીની અગિયાર માળા (બે કલાક) જપીને આગળ ચાલ્યા. જીવનમાં પોતે આ એક વખત માટે ખોટું બોલેલા અને તેથી જીવન અણિશુદ્ધ સત્યપરાયણ ન રાખી શક્યા એ બાબતનું તેમને અન્તકાળ સુધી દુ:ખ રહ્યું હતું.

વિદ્વત્તા જીવનને પ્રભુપરાયણ બનાવવા માટે અને તે વડે આનુષંગિક રીતે પ્રાણીઓનું હિત સાધવા માટે છે એવી એ સમયમાં સમજ હતી. એમણે વિદ્યાનો ઉપયોગ ધનસંચય માટે કર્યો ન હતો. તેમની પાસે શ્રીમદ્ ભાગવત સપ્તાહ વંચાવી પોથી પર સારી એવી રકમ ધરવાના ઇરાદાથી એક નાગર સદ્ગૃહસ્થે તેમને જૂનાગઢ આમંત્રેલા. તેણે કહ્યું : 'મારે આત્મકલ્યાણ અર્થે ભાગવત સપ્તાહ તમારે મુખે સાંભળવી છે.'

દલપતરામ વ્યાસે કહ્યું : 'તો તમે જાતે વાંચો, અથવા સપ્તાહ નહિ પણ રોજ એકાગ્ર મને જેટલું શ્રવણ થઇ શકે તેટલું નિરાંતે સમજી સમજીને સાંભળો. ભલે વર્ષ થાય.'

'તમે એક વર્ષ અત્રે રોકાશો?' 'ના.'

'તો કેમ થશે? મારે તો આપને સારું દઈ સંતુષ્ટ કરવા છે.'

દલપતરામ વ્યાસે કહ્યું : 'હું સંતુષ્ટ જ છું. દાન લઇ બીજાને દેવા બેસું તે કરતાં પૂજાપાઠમાં વધુ ન બેસું? તમે બીજે સદ્વ્યય કરો, ને મારી પાસેથી જ ભાગવત સાંભળવું હોય તો ચાલો લીંબુડે. તમે તૈયાર હો તો ભાગવત કંઠસ્થ કરાવી દઉં.'

અને એ દલપતરામ વ્યાસ યુવાન વયથી બહુ વૃદ્ધ થયા ત્યાં સુધી રોજ સવારના શ્રીમદ્ ભાગવતનો પચાસ અધ્યાયનો પાઠ કરતા ને અઠવાડિયે ભાગવત સપ્તાહ પૂરી કરતા. રોજ સવારના છ થી સાત કલાક એકધારો ભાગવતપાઠ કરે ત્યારે પોતે ગમે તે ગામમાં હોય કે વચમાં ગમે તેવું કામ આવી પડે, તે કંઇ સાંભળતા નહિ. છેવટના દિવસોમાં નબળાઈ બહુ વધી જતાં એ ક્રમ ઘટીને પચીસ અધ્યાયનો થયો હતો.

એમનો હાથ ફરે તો રોગી સાજો થાય, એમના આશીર્વાદ મળે તો અપુત્રને પુત્ર થાય, નિર્ધનને ધન મળે, એવી લોકવાયકા હતી. વિદ્યાપાન છતાં વિદ્વત્તાની છાપ વગરનું, બાળક સમાન નિર્દોષ અને પ્રસન્ન તેજસ્વી મુખમુદ્રાવાળું એ વૃદ્ધનું દર્શન કરવા લીંબુડાના લોકો ઉપરાંત દૂરનાં ગામડેથી લોકો આવતાં અને પોતાને ગામ પધારે તેવી એમને વિનંતી કરતાં.

એમના પૌત્ર વૈદ્યરાજ લલિતરાય જાદવજી હજી એ જ લીંબુડામાં વંશપરંપરાગત શ્રીમદ્ ભાગવતની ઉપાસના જાળવી રહ્યા છે.

અનુસંધાન] **રંગગઠરિયાં** [પૃષ્ઠ ૧૪થી

પડયો. બાકીના ગઠિયા તો ક્યાંના ક્યાં ક્યારે ગાયબ થઇ ગયા, તેની કોઈને ખબર પણ પડી નહિ. એમ મોના લિસા પાછી લુવ્રમાં આવી. આવી આવી તો કંઇક ચમત્કારવાળી વાત પણ એ ચિત્ર માટે પ્રચલિત છે. આ સંબંધી વધારે વાતો જાણવી હોય તો ફિરોઝશાહ મહેતા કૃત 'ચિત્રરસિકા' પુસ્તક જોવું. એ પુસ્તકમાં એમણે મોના લિસાના એ ચિત્ર વિષે ઘણી વાતો લખી છે.

તે સાંજે પાછાં ફરીને અમે માર્સેલ માર્સ્યો સાથે જમવાનાં હતાં. માર્સ્યો 'માઈમ'નો—પૅન્ટોમાઇમનો બાદશાહ. મૂગામૂગા સંગીત યા ખાસ કશા આહાર્યની મદદ વિના, આબાદ નકલ, યા અનુકૃતિ રજૂ કરવી તેનું નામ 'માઈમ'. બહુ જૂની કળા-ગ્રીકના સમયની. આપણે ત્યાં યે ખરી. લોકોને રંજન કરવાનું ધ્યેય. પરંતુ જેમ દરેક બાબતનું એ પ્રજાએ નવતર શાસ્ત્ર બનાવ્યું છે એમ 'માઈમ'નું આજે શાસ્ત્ર તો શું, પણ એના અભ્યાસની ખાસ નિશાળો જમાવી છે. શરૂઆતના કાળમાં અવાજનો ઉપયોગ કરતાં તો વાદળાંનું ગરજવું, ઘોડાનું હણહણવું, સિંહનું ત્રાડવું એવુંએવું બરાબર કરી બતાવતા. પણ મુખ્યત્વે તો મોઢાના ચેનચાળા ઉપર જ મદાર રાખતા.

ગ્રીસ, ઇટાલી, ઇજિપ્ત બધે માઈમ કરનારા ફરતા. સમાજમાં એમનો મોભો ઊતરતો ગણાતો. ભાષાનું બંધન નહિ, અને જગતભરમાં ચોક્કસ પ્રકારના ચાળાને દેશ કાળની અસર નહિ; એટલે એવા ચાળા સૌ તરત સમજતા, એ કરનારા લોકપ્રિય પણ થતા. જતે કાળે એમાં ત્રણનો મેળ સધાયો, અને એ ત્રગડી જાતજાતના નાના કિસ્સાઓ રજૂ કરી રોટલો કમાઇ લેતી. એમાં એક નારી હોય તો, મોટે ભાગે મૂરખ ધણી, ભૂલકણી વહુ અને તુંડમિજાજી પ્રિયતમ એમ ત્રણ પાઠ કરી, દિલ ચાહે તેવો ઢોંગચાળો રજૂ કરી દેતા. ઓવિડ અને સિસેરો જેવાએ પણ એના નજરે જોએલા કેટલાક પ્રસંગો નોંધ્યા છે. સીઝરના જમાનામાં માઇમનો જરા મોભો વધ્યો. પણ સૈકેસૈકે એમાં છિનાળ વહુ અને નાતરિયો ધણી, ડફોળ વર અને પારકી જોરૂ પોતાની કરવાની વાતમાં વારંવાર સરકી પડતાં, એમાં ભાંડનાં તત્ત્વો વધ્યાં અને એ બીભત્સ અને અશ્લીલ કક્ષાએ ઊતર્યું.

પૃથ્વીપટે રાજાઓ પણ જાતજાતની ખોપરીના પાકે છે! જુઓ નીરો, કે જીવતા માણસોને મશાલમાં બાંધી સળગાવીને જમવા બેસે એવા જુઓ નાદીરશાહ, એવા એક હેલિયો ગાબેલસ બાદશાહ એ તો વળી એવા કે પરસ્ત્રીનું હરણ કરવાના કિસ્સા તો ભજવાવે, પણ એની સજા જે હરણ કરનારાના શિરચ્છેદની હોય તે એ નાટકમાં જ પેલા પાસે સાચેસાચ ધડથી ડોકું જુદું કરાવવામાં પણ મજા માણતા! બાદશાહ કહે કે પ્રેક્ષકો એમાં જ સાચો રોમાંચ અનુભવે!

પાંચમી સદીમાં તો માઇમ કરનારાઓ ઉપર ધર્મગુરુઓએ પ્રતિબંધ મૂક્યો, અને છઠ્ઠી સદીમાં રાજા જસ્ટીનિયને તો નાટકશાળાઓ ઉપર જ તાળાં માર્યાં! અચ્છા, પરિણામ શું આવ્યું તે જાણો છો? એવે ટાણે એક ટોળીમાં ભાગ લેનારી નટડી થીઓડોરા બહુ આકર્ષક અને દિલચસ્પ ચાળાઓ કરતી. (અને પોતે પણ એટલી જ આકર્ષક), તે એણે બાદશાહની સમક્ષ જઇને નટખટવેડા શરૂ કર્યા. એણે એ ધંધો તો છોડી દીધો, પણ જતે કાળે એનાં નયનનખરાં અને અંગકામણ વડે બાદશાહને એવો તો લટ્ટુ બનાવ્યો કે આખરે બાદશાહ સાથે હકથી રાજગાદી ઉપર બિરાજી! નાટકમાં તો એવું બને, પણ જીવનમાં યે આવાં નાટક બની જાય છે.

પણ પ્રતિબંધ થકી 'માઇમ'નો ધંધો અટક્યો નહિ, આજે તો એ એક ઉત્તમ કલાપ્રકાર ગણાય છે. સોળમી સદીમાં ફ્લામિનો સ્કાલા ઇટાલીથી ફ્રાન્સ ગયો, ત્યાં એણે આ કસબને બહુ વિકસાવ્યો. અને પછી ફ્રાન્સના શૉખીનો એને છોડે? ઓગણીસમી સદીમાં તો જાતજાતનાં 'માઇમ' કરનારી કૈંક ટોળીઓ જામી. એમાં એક ટોળીએ તો કેવળ માઈમમાં જ લાંબું ચાલે એવું ત્રણ અંકનું 'ઈન્ફન્ટ પ્રોડીજી'નું પ્રખ્યાત નાટક રજૂ કરી ઇતિહાસ સરજ્યો. આધુનિક માઇમનો પ્રસવ એ નાટકમાંથી થયાનું ગણવામાં આવે છે. (ચાલુ)



આજથી પચ્ચીસ વર્ષ પર પંદર વર્ષ પૂરાં કરીને સોળમા વર્ષમાં પ્રવેશ કરતાં 'કુમારે' અભ્યાસલેખોનો પરિધિવિસ્તાર કર્યો તેના નમૂના રૂપ શ્રી અમૃતલાલ વ. પંડ્યાના 'માનવજીવનમાં કલાનો પ્રવેશ કેવી રીતે થયો તેનો આદ્ય ઇતિહાસ' આલેખતા સચિત્ર લેખને ટૂંકાવીને આ નીચે આપ્યો છે.

"પશ્ચિમના એક વિચારકે કહ્યું છે, કે મનુષ્યપ્રાણી બીજા પ્રાણીઓથી એટલા માટે જુદું પડે છે કે તે વિચાર કરી શકે છે. પ્રયોગો વડે સિદ્ધ થયું છે કે જીવનની જરૂરીઆતોની બાબતોમાં તો ઉચ્ચ યોનિના સ્તન્યપ્રાણીઓ પણ વિચારક હોય છે. પણ મનુષ્યને એ અન્ય પ્રાણીઓથી જુદો પાડનારી મધ્યવર્તી રેખા તે કળા છે. આખા પ્રાણિજગતમાં માત્ર માનવ કૃતિઓમાં જ આપણને કળાનાં દર્શન થાય છે. કળાના આધારે જ માનવવંશશાસ્ત્ર અને પુરાતત્ત્વે માનવ સંસ્કૃતિના જુદાજુદા વિભાગો પાડ્યા છે. પોતાના કાર્યોમાં પ્રારંભથી જ મનુષ્ય હથિયારો અને ઓજારોનો ઉપયોગ કરતો આવ્યો છે. જે કાળમાં જે જે પદાર્થોનાં હથિયારો મનુષ્યે બનાવ્યાં તે કાળની માનવ સંસ્કૃતિને એ પદાર્થના નામ પરથી જ ઓળખવામાં આવે છે. એ પદાર્થો પથ્થર અને ધાતુ.

પ્રારંભમાં મનુષ્યે પથ્થરનાં હથિયારો વાપર્યાં અને પછી ધાતુઓનું જ્ઞાન થતાં તેનાં હથિયારો વાપરવા માંડ્યાં. આથી માનવ સંસ્કૃતિનો ઇતિહાસ 'પથ્થરયુગ' અને 'ધાતુયુગો'માં વહેંચાએલો છે.

યુગ	કાળ	સમય: ઈ.સ. પૂર્વે
પથ્થર યુગ	પુરાતન પાષાણકાળ (Palaeolithic age)	૫૦થી ૨૦ હજાર વર્ષ
	માધ્યમિક પાષાણકાળ (Mesolithic age)	૨૦થી ૧૫ હજાર
	નૂતન પાષાણકાળ (Neolithic age)	૧૫થી ૬ હજાર
ધાતુયુગ	તામ્ર પાષાણકાળ (Chaleolihic age)	૬ થી ૪ હજાર
	કાંસાનો કાળ (Bronze age)	૪થી ૨ હજાર
	લોહકાળ (Iron age)	૨૦૦૦થી ચાલુ

માનવજાતિએ જ્યારથી ખેતી કરવા માંડી છે ત્યારથી જ ધાતુનો ઉપયોગ કર્યો છે. પથ્થરયુગમાં વિશેષ કરી શિકાર ઉપર ગુજરાન ચાલતું. આ બન્ને યુગોમાં માનવજીવન વચ્ચે આ પ્રમાણે અંતર હતું:

	પથ્થરયુગ	ધાતુયુગ
૧	શિકાર અને જંગલના ફળમૂળાદિ પર જીવનનિર્વાહ.	મુખ્યત: ખેતી ઉપર જ નિર્વાહ.
૨	ગુફાઓ અને સરોવરોમાં વસવાટ. (Lake dwelling)	ઘર બાંધીને રહેવું.
૩	ખોરાકી મેળવવાની અનુકૂળતા પ્રમાણે નદી કે જળાશયને કાંઠે વસવાટની અસ્થિરતા.	ખેતીની અનુકૂળતા માટે ગામો અગર નગરોના રૂપમાં સ્થિર વસવાટ.
૪	પ્રાણીઓનાં ચામડાં અગર છાલો વડે શરીરરક્ષણ.	ઊન કે રૂનાં વસ્ત્રો વડે શરીરરક્ષણ.



ઉપરથી ૧લી હાર: ઉત્તર ધ્રુવની એસ્કિમો જાતિનાં ચિત્રો; વચ્ચેનાં છાયાચિત્રો તે દક્ષિણ આફ્રિકાની બુશમેન જાતિનું એક ખડક-ચિત્ર છે. નીચેની હાર ઇજિપ્તની પ્રાચીનતમ ચિત્રકળાનો નમૂનો છે.

પથ્થરયુગના ત્રણ પેટાવિભાગ (કાળ) છે એ આપણે જોઇ ગયા. એ પેટાવિભાગ તેમનાં હથિયારોને અપાએલા કળામય રૂપના આધારે જ પાડવામાં આવ્યા છે. પ્રારંભમાં અણી અગર ધારવાળા કુદરતી પથરાઓનો જ મનુષ્યે ઉપયોગ કરવા માંડ્યો. પછી ચકમક અને બીજી જાતના કઠણ પથરાઓને બીજા પથરાઓ વડે છોલી મનગમતા ઘાટનાં હથિયારો બનાવવા માંડ્યાં. આમ કરતાં ઘર્ષણથી પથ્થરોમાં અગ્નિના તણખા ઝરતા જોવામાં આવ્યા અને તેનાથી ઘાસ ઇત્યાદિ સળગતાં જોયાં. આમ, મનુષ્યને અગ્નિનું જ્ઞાન થયું. આ હથિયારોની સપાટી ખરબચડી થતી હતી. પુરાતન પાષાણ યુગનાં બધાં હથિયારો એવી ખરબચડી સપાટીનાં જ હોય છે.

ત્યાર પછી એ હથિયારોને ઘસીને લીસા બનાવવા લાગ્યા એ હથિયારોનો કાળ તે નૂતન પાષાણકાળ આ બન્નેની વચ્ચેના સંધિકાળને માધ્યમિક પાષાણયુગ કહે છે. નૂતન પાષાણકાળનાં હથિયારો પર જાતજાતની કલાત્મક આકૃતિઓ પણ કોતરેલી મળી આવે છે. પણ પુરાતન પાષાણકાળના હથિયારો પર કલાત્મક આકૃતિઓ નથી દેખાતી. આથી એમ ન સમજવું જોઇએ કે એ કાળના માનવીને કળાનું જ્ઞાન નહોતું. તેના જીવનમાં કળાનો પ્રારંભ તો થઈ ગયો હતો. પણ પથ્થર જેવી કઠણ વસ્તુ કોરતાં હજી એને નહોતી આવડી. એથી એ સમયના મનુષ્યો પ્રાણીઓનાં હાડકાં પર મનગમતી આકૃતિઓ કોરી પોતાની રસવૃત્તિને સંતોષતા. ઉપરાંત એ લોકોની કલાની એક ખાસ વિશેષતા તેમના ભીંતચિત્રો અને ખડકચિત્રો છે જે આજે સંસારના પ્રત્યેક ભાગમાં મળી આવે છે.

પુરાતન પાષાણકાળનો માનવી એ જ આદિમ મનુષ્ય હતો. શરીરશાસ્ત્રની દૃષ્ટિએ





ઉપરથી: ૧ દક્ષિણ આફ્રિકાના બુશમેન લોકોનું ખડકચિત્ર. ૨ અને ૩ ઉત્તર અમેરિકાના રેડ ઇંડિયન લોકોએ પાડેલાં ચિત્રો, જેમાં પહેલું ચિત્ર ખડક પર કોતરેલું છે અને ઘણું પ્રાચીન છે. એના ઉપરના ભાગમાં એક માણસ હરણનો શિકાર કરે છે. તીરની ગતિ એક લીટી વડે દર્શાવી છે. બંનેની વચ્ચે સૂર્યની આકૃતિ છે જેનો અર્થ થયો કે દિવસનો સમય છે. વચલી હારમાં મનુષ્યોની સરળ આકૃતિઓ છે અને નીચેની હારમાં રેડ ઇંડિયન લોકો નૃત્ય કરતા દેખાય છે. પ્રારંભિક ચિત્રોમાંથી ચિત્રલિપિ કેવી રીતે ઉત્પન્ન થઇ તેનો આભાસ રેડ ઇંડિયનોનાં આવાં ચિત્રોમાં મળે છે. બીજું ચિત્ર આધુનિક છે. જેમાં જૂના સમયનાં તીરકામઠાંનું સ્થાન બંદૂકોએ લઈ લીધું છે. એવાં ચિત્રો રેડ ઇંડિયનો આજ સુધી ચામડાં પર પાડે છે. તદ્દન નીચે: દક્ષિણ આફ્રિકાની બુશમેન જાતિનું રંગીન ભીંતચિત્ર. પાનાને મથાળે જમણી બાજુ: હોશંગાબાદથી બે માઇલ દૂરના ખડક ઉપરનું ચિત્ર, જેમાં શિકારીઓના હાથમાં ભાલા છે. તે તથા બીજાં ચિહ્નો પરથી તે પ્રાચીન નહિ પણ થોડા સૈકા ઉપરનું મનાય છે.

તે આપણા જેવો નહોતો. હજી તેની આકૃતિમાં નરવાનરનાં થોડાંક લક્ષણો હતાં. દરેક મનુષ્ય પોતાના કુટુંબ સાથે એકાદ ગુફામાં રહેતો. સવારમાં તીરકામઠાં લઇ જંગલમાં પ્રાણીઓના શિકાર માટે નીકળી જતો, પરંતુ માંસભક્ષણ એ તેનો મુખ્ય ખોરાક નહોતો. બનતાં સુધી તે ફળ-મૂળાદિ ખાઇને રહેતો, પણ જ્યારે એ ન મળે ત્યારે અગર તો સ્વાદિષ્ટ આહાર માટે જ તે પ્રાણીઓનો જીવ લેતો. અગ્નિનું તેને જ્ઞાન હતું, એટલે માંસને ભૂંજીને ખાતો. વળી શિકારનો બીજો ઉદ્દેશ હતો ચામડાં તથા હાડકાંની પ્રાપ્તિ. ચામડાં તેને વસ્ત્રો તરીકે કામ લાગતાં ને હાડકાંમાંથી વસ્ત્રો સીવવા માટે સોયાઓ બનતા. એ કાર્યો તેની સ્ત્રી કરી લેતી. હરણ, ડુક્કર, પાડા, બળદ આદિ પ્રાણીઓ તેનાં મુખ્ય શિકારહતાં.

એ કાળના મનુષ્યનું જીવન સરળ હતું. ખોરાકી તથા વસ્ત્રોની પ્રાપ્તિ અને જીવલેણ પ્રાણીઓથી રક્ષણ કરવું એ જ તેના જીવનના મુખ્ય ઉદ્દેશો હતા. એથી તેને થોડીઘણી ફુરસદ પણ મળી રહેતી. એ ફુરસદે તેને આસપાસની વસ્તુઓ વિષે વિચાર કરવાની તક આપી અને તેનામાં રસવૃત્તિ જાગી. પરિણામે તે પોતાની ગુફાની ભીંતો અગર બહારના ખડકો પર ચિત્રો કરવા લાગ્યો. એ ચિત્રોનો વિષય શિકારનાં પ્રાણી અથવા તો તેમના શિકારનાં દશ્યોનો જ હોય છે. પૃથ્વી પર સઘળે આવાં ગુફા અને ખડકચિત્રો મળી આવ્યાં છે. નવાઈની વાત તો એ છે કે તેમના વિષયમાં સાર્વદેશી સમાનતા જોવામાં આવે છે આ ઉપરથી સિદ્ધ થયું છે કે માનવજાતિ કોઇ એક જ સ્થળે નરવાનરમાંથી વિકાસ પામી મનુષ્ય બની હતી અને પછી સર્વત્ર પૃથ્વી પર ફેલાઇ ગઇ હતી.

પ્રાચીન કાળમાં એશિયા, આફ્રિકા, ઑસ્ટ્રેલિઆ અને અમેરિકા વચ્ચેઆજની માફક સમુદ્રની આડખીલીઓ નહોતી. ૧) આફ્રિકા અને દક્ષિણ એશિયાને જોડતો હિંદી મહાસાગરમાં એક મોટો ખંડ હતો; ૨) પૂર્વ બાજુએ



સિંગનપુર નુ એક ખડક-ચિત્ર

જવાથી ઑસ્ટ્રેલિયા થઇ છેક અમેરિકા સુધી એક બીજો ભૂમિખંડ હતો; ૩) આટલાંટિક મહાસાગર વચ્ચે પણ એક એવો જ મહાદ્વીપ હતો જે આફ્રિકાને યુરોપ અને અમેરિકા જોડે સાંધતો હતો. આથી તે સમયે પૃથ્વી પર ગમે ત્યાં સ્થળમાર્ગો વાટે આવ-જા કરી શકાતી. આથી જ પુરાતન પાષાણકાળથી મનુષ્યજાતિ સર્વત્ર જઇ વસી.

ત્યારે માનવજાતિનું એ મૂળ વતન કયું હતું કે જ્યાં આખી પૃથ્વી પર ફેલાયા પૂર્વે નરવાનરમાંથી તેનો વિકાસ થયો હતો? ઇજિપ્ત, દક્ષિણ આફ્રિકા, જાવા અને હિંદુસ્તાન એ ચારે દેશોમાંથી એક એવો હોવો જોઇએ એમ ત્યાં મળેલાં ફૉસિલો વડે સિદ્ધ થયું છે. હિંદના શિવાલિક પર્વતમાળા અને કાશ્મીરમાં જ માનવવિકાસનાં પ્રમાણો સૌથી વધુ મળી આવેલાં છે. તેથી ડૉ. ડી ટેરા અને સર ઇલીઅટ સ્મિથ એમ માને છે કે હિંદુસ્તાનના એ જ ભાગોમાં નરવાનરમાંથી માનવજાતિનો વિકાસ થયો હતો.

હિંદુસ્તાનમાં વિંધ્યાચળની પર્વતમાળામાં, મીરઝાપુરની નજીક સિંગનપુરમાં, મધ્યપ્રાંતના બિલાસપુર જિલ્લાના રાયગઢ સ્ટેટમાં અને ભોપાલ પાસે હોશંગાબાદમાં ખડક અને ગુફા-ચિત્રો મળી આવ્યાં છે. આફ્રિકામાં ઇજિપ્ત તથા દક્ષિણ આફ્રિકાના ર્હોડેસિયા પ્રાંતમાં યુરોપમાં સ્પેન તથા ફ્રાંસમાં મળ્યાં છે.

ઉત્તર અમેરિકામાં કૅનેડામાં ચિત્રો જડયાં છે, પણ તે પુરાતન પાષાણયુગનાં નથી, કારણ ત્યાંના રેડ ઇન્ડિયનો આજ પર્યંત એવાં ચિત્રો પાડે છે. તેવી જ રીતે દક્ષિણ આફ્રિકાના બુશમેન લોકો પણ અદ્યાપિ એવાં ચિત્રો પાડતા જોવામાં આવ્યા છે. આ સાથે આપેલા એ બધાં દેશોનાં ચિત્રોમાં વસ્તુ અને યોજના સરખાં જ છે. પણ એ બધાં ચિત્રો પુરાતન પાષાણકાળનાં નથી; એ ચિત્રોવાળી જે જે ગુફાઓમાંથી પુરાતન પાષાણકાળનાં હથિયારો અગર બીજા અવશેષો મળી આવે છે તે જ ચિત્રોને એ કાળનાં કહી શકાય. ફ્રાંસ, સ્પેન અને સિંગનપુરનાં ચિત્રો અવશ્ય એ સમયનાં છે.

હોશંગાબાદનાં ખડકચિત્રો પર જીરાફ નામના આફ્રિકન પ્રાણીના જેવું પ્રાણી ચીતરેલું મળી આવ્યું છે. આજે એ પ્રાણી હિંદમાં નથી મળતું; પણ હજારો વર્ષ પૂર્વે તેનું અહીં અસ્તિત્વ હતું. એ દૃષ્ટિએ એ ખડકચિત્રો પણ હજાર વર્ષનાં જૂનાં હોવાં જોઇએ. અમેરિકાનાં ચિત્રો હિંદુસ્તાન, આફ્રિકા, સ્પેન તથા ફ્રાન્સનાં ચિત્રો કરતાં શૈલીની દૃષ્ટિએ જુદાં પડે છે. તેમાં ચિત્રો દ્વારા લાંબી ઘટનાઓ આલેખવામાં આવેલી છે અને આમ એમનામાં ચિત્રલિપિની ઉત્પત્તિ નજરે પડે છે.

અનુસંધાન] **જીવનપટનાં સ્મૃતિચિત્રો** [પૃષ્ઠ ૧૮થી

આગળ શ્રવણસ્થાને જતાં અને આવતાં ચાલતો અને તેમના શ્રીમુખે ઘણાં વ્યાખ્યાનો તથા દૃષ્ટાંતો સાંભળતો. તેમાંનાં ઘણાં મારા જીવનમાં સ્થિર ચારિત્ર્ય-ભાવના આપનારાં બન્યાં છે. મહાત્માશ્રીનાં વ્યાખ્યાનોથી પ્રભાવિત થએલા ઘણા શિષ્યોએ તેમનાં પગલાં પોતાના આવાસમાં થાય એવી પ્રબળ ઇચ્છા પ્રકટ કરી, ત્યારે છેવટના દિવસોમાં સવારનું શ્રવણ પતી ગયા બાદ દરબારશ્રી તરફથી આવેલી બે ઘોડાની ગાડીમાં પધરામણીના વારા ચાલ્યા હતા. એ વખતે યજમાન-શિષ્ય ઉપરાંત પડોશનાં અનેક નરનારીઓ દર્શન-સમાગમથી અત્યંત ધન્યતા અનુભવતાં. મહાત્માશ્રીનું લઘુપૂજન થયા બાદ પ્રસાદ વહેંચાતો અને તેઓ નિત્યજીવનમાં સદાચાર અને ધર્મ-કાર્ય પર દરેક ઠેકાણે ટૂંકો ઉપદેશ આપતા. આવા પ્રસંગોમાં હું ઘણે ઠેકાણે સાથે પહોંચી જતો તેથી ભાવનગરમાં વસતા અન્ય ભાવિકોની પિછાન હું કરી શકેલો. પરિણામે આધ્યાત્મિક ભાવનાવાળા ગુરુજનો અને મિત્રોનો હું વધુ સમાગમ પામ્યો. એ જ વખતમાં શ્રી કેશવલાલ ચંદારાણા, ગિરીશભાઇ ભટ્ટ, મનુભાઇ બધેકા અને શહેરના કેટલાક કૉલેજિયનો તેમજ શિક્ષકોનો વધુ પરિચય પામ્યો. તેમાં સત્સંગપ્રેમી ભાઇ પરમાનંદ કાપડિયા પણ હતા. એ કહેતા કે મહાત્માશ્રીની વ્યાખ્યાન-શૈલી જૈન મુનિઓની પ્રણાલીને મળતી,– સામાન્યજનને સમજાય એવી અને દૃષ્ટાંતોથી ભરપૂર છે.

એમનો વિદાયનો દિવસ પણ અત્યંત ભવ્ય અને ભાવપૂર્ણ થયો હતો. ભાવનગરના ઘણા શ્રેષ્ઠજનોએ તેમની સાથે એકાંતમાં પોતાના પ્રશ્નોનાં સમાધાન મેળવ્યાં હતાં, તે બધા કૃતજ્ઞભાવે સ્ટેશન પર આવ્યા હતા. આમ, ભાવનગરમાં તેમના આગમન પછી એક વિશાળ સદ્‌ભાવપ્રેરિત સમાજ અસ્તિત્વમાં આવ્યો. (ચાલુ)

સાંકેતિક લિપિઓ–૯] . . . . **રેખા પલ્લવી** . . . . [સુશીલા આર. પટેલ

રેખા પલ્લવી એટલે આડી-ઊભી રેખાઓ–લીટીઓના રૂપમાં અક્ષરોનો સંકેત યોજીને ઉપજાવેલી લિપિ.

મૂળાક્ષરોને ભાષાવિદોએ આઠ વર્ગમાં વહેંચ્યા છે. અ, ક, ચ, ટ, ત, પ, ય અને શ. આમાંના દરેક વર્ગોમાં અમુક સંખ્યામાં અક્ષરો છે ને તે અક્ષરમાં સ્વર ઉમેરાય છે ત્યારે ઇચ્છા મુજબનો અક્ષર જણાવી શકાય છે.

રેખા પલ્લવીના સંશોધકે આઠ વર્ગ જણાવવા માટે આઠ ઊભી લીટીઓ પસંદ કરી છે, અને તે વર્ગના અક્ષરનો ક્રમ દર્શાવવા આડી લીટીઓ અને તેમાં ઉમેરાતા સ્વરના ક્રમાનુસાર બિંદુસંખ્યા નક્કી કરી છે. આ રીતે રેખા પલ્લવીમાં 'કુમાર' શબ્દ નીચે મુજબ જણાવાય:

॥–::·/॥॥॥≡/../॥॥=·

'કુ' અક્ષરમાં બીજો વર્ગ, તેમાં પહેલો અક્ષર ને પાંચમો સ્વર સમાયા છે, તેથી બીજો વર્ગ બે ઊભી લીટીઓ વડે, તેનો પહેલો અક્ષર એક આડી લીટી વડે અને પાંચમો ઉ સ્વર પાંચ બિંદુઓ વડે દર્શાવ્યા છે. આજ રીતે 'મા' અને 'ર' વિષે સમજવાનું છે.

કંકાવટી

તમારા દાંપત્યનું ભાવિ

કેટલું ઊજળું છે એ, આ નીચેના પ્રશ્નોના જવાબ જેટલા વધુ નકારમાં હશે તેના પર અવલંબે છે.

૧ તમે બંને અરસપરસ ગુસ્સે થાઓ છો?

૨ ચડી આવેલા ગુસ્સાને વાગોળ્યા કરો છો?

૩ કોઇના દેખતાં આપસના દોષ કાઢો છો?

૪ એકબીજાની ભૂલ થતાં ટાણો મારો છો?

૫ લાંબી વિદાય વખતે, તમારી ગેરહાજરીમાં પણ મીઠી યાદ આપતા રહે એવા શબ્દોની આપલે કર્યા વિના છૂટાં પડો છો?

૬ ભૂલ ન કબૂલવાની જિદ કરો છો?

૭ પ્રેમની સુખમય પળો ભૂલી ગયાં છો?

૮ કરવા ધારેલું કંઇ ન થઈ શકે તો એનો સતત વલોપાત કર્યા કરો છો?

આ તો માત્ર થોડાં સૂચન છે. પણ ક્યારેક નવરાશની પળે આવા તો અનેક પ્રશ્નો તમે પતિપત્ની બંને તમારી જાતને પૂછી શકો—જો દાંપત્યને ઉજાળવું હોય તો. (નવનીત)

કરી

અંગ્રેજી પદ્ધતિના ભોજનની 'કરી-રાઈસ'-ની વાનગી સ્વાદિષ્ટ ગણાય છે. એમાંની 'કરી' બનાવવાની રીત:

સામગ્રી: ૧ શેર સફેદ કાંદા, ૧ નાળિયેર, લાલમરચાં, સૂકા આખા ધાણા, ૧ ચમચી તજ, લવિંગ, જીરું, મીઠું માપસર. શાકભાજી: ૧ શેર બટાટા, વાશેર વટાણા; ગાજર, ફણસી, કોળું, સૂરણ, ફ્લાવર, પાકાં ટામેટાં દરેક ૦ા શેર.

ડુંગળીને સગડીના નીચેના ભાગમાં શેકીને તેના છાલ ઉતારી કટકા કરવા. નાળિયેર છીણવું. એક ચમચો તેલ મૂકી, ધાણાજીરું, મરચાં તજ, લવિંગ, શેકી નાખવા. થોડું શેકાયે ઉપર છીણેલું કોપરું નાખવું. બધું શેકાઈ ગયે નીચે ઉતારી, તેમાં ડુંગળીના કટકા નાંખીને બધું ભેગું કરી વાટી નાખવું.

ત્યાર બાદ ઉપર કહેલાં બધાં શાક છોલીને સમારી વરાળથી બાફી લેવાં. બફાઈ જાય એટલે એમાં ક્રમ્પ્યુંક્ત વાટી રાખેલો મસાલો અને મીઠું નાખી ખદખદાવવું. બરાબર ખદખદી ગયે નીચે ઉતારી લેવું. આ કરી સ્વાદમાં સરસ અને ખાવામાં પૌષ્ટિક પણ છે.

(સંદેશ) —ઈન્દુમેન કે. ન્ટૂકટર

અજમાવવા જેવું

૧ હીંગને અગ્નિમાં નાખતા જ જો ભડકો થાય તો જાણવું કે તે ચોખ્ખો હીંગરસ છે.

૨ ઊના પાણીમાં કેરોસીન નાખી તેનાથી અરીસા, બારીબારણાં તથા કાચનાં ટેબલો ધોવાથી ચકચકિત થઇ જશે.

૩ લોઢાની ચીજો પરથી કાટ ઉતારવા માટે તે પર ચોખાનું ઓસામણ મિશ્રણ કલાક ચોપડી રાખી ધોઇ નાખવું છરી જેવી લોખડની વસ્તુને કાટ ચડ્યો હોય તો ડુંગળીનો રસ ચોપડવો.

૪ ચોમાસામાં દીવાની આજુબાજુ જીવડાં આવતાં હોય તો આખી ડુંગળી દીવાની આજુબાજુ દોરીથી બાંધી દેવી.

૫ વાસ મારતા ઘીમાં નાગરવેલનાં એકાદ બે પાન નાખી ગરમ કરી ગાળી લેવાથી વાસ જતી રહે છે.


શાકભાજીનું સમયપત્રક

માઘ માસમાં વાવી શકાય એવાં શાકભાજી: કાકડી, કોળું, ભીંડા, રીંગણ, ગુવાર, ચોળી, કારેલાં, તૂરિયાં.

સ્તનપાન

માનવ સંસ્કારમાં સ્તનપાનનું ખૂબ જ મહત્ત્વ છે, પરંતુ આજનો કેવળ અર્થ અને વ્યવહાર વચ્ચે જીવતો વર્ગ એમાંથી મુક્ત રહેવાનું પસંદ કરે છે. એક બીજો એવો વર્ગ પણ છે કે જે માને છે કે સ્તનપાનથી સ્ત્રીનો ઉરઃપ્રદેશ નબળો પડે છે અને પરિણામે સ્ત્રીનું માનેલું સૌન્દર્ય ઓછું થાય છે. પરંતુ આ માન્યતામાં રાચનારો વર્ગ ભૂલી જાય છે કે સ્તનપ્રદેશ એ માનવશરીરનો સ્વતંત્ર અવયવ નથી, પણ ઉત્પત્તિતંત્ર સાથે જ સંકળાએલું અંગ છે. આથી જાતીય અવયવોના રોગ કે નિરોગ સાથે જ એનો વિચાર કરવો જોઇએ.

સ્ત્રીના શરીરમાં સ્તનપ્રદેશનું મહત્ત્વ બાળકના દુગ્ધપાન સાથે જ સંકળાએલું છે. નવજાત શિશુને માતા પોતાના લોહી દ્વારા પોષે એનો અર્થ માત્ર 'પોષણ' આપવાનો નથી, પરંતુ આ સ્તનપાન દ્વારા એ પોતાના સંસ્કારનું પણ પાન કરાવે છે. આજે આ સ્તનપાનને અભાવે જે કોયડાઓ પાશ્ચાત્ય જગતમાં ઊભા થઇ રહ્યા છે તેનો ત્યાં માનસશાસ્ત્રીય રીતે વિચાર કરાઇ રહ્યો છે. માતૃપાન દ્વારા પ્રેમ, મમતા, કરુણાની લાગણીઓનો વિકાસ થાય છે. સ્તનપાન એ માત્ર ખોરાકની પ્રક્રિયા નથી પણ માનવસંસ્કારની પ્રક્રિયા છે.



ગયે વર્ષે આપણે જાણી ગયા તેમ ફૂલગોઠવણીની કલા જાપાનભરનું એક રાષ્ટ્રીય રસતત્ત્વ છે, અને એનું આખું શાસ્ત્ર છે. દરેક કન્યાને એ કલા પરંપરાગત વારસામાં મળે છે. ત્યાં મહેમાનને આવકાર અને વિદાય ફૂલની ભાષામાં અપાય છે; શોક અને હર્ષ ફૂલ દ્વારા વ્યક્ત થાય છે. આપણે ત્યાં વૈષ્ણવ મંદિરોમાં ઋતુઋતુની ભરાતી ફૂલમંડલીઓ સાભિપ્રાય હોય છે. શ્રી અરવિંદ આશ્રમમાં માતાજી સાધકની આવશ્યકતા પ્રીછીને ફૂલ દ્વારા તેને આશીર્વાદ ને પ્રેરણા આપે છે. આ બધાંનું ઝીણવટભર્યું જ્ઞાન આપણને ન હોય તોપણ, રૂપ અને રંગના આ નાનીસરખી પુષ્પસૃષ્ટિને આંગળાંની કરામત દ્વારા, રંગની ખૂબી કેળવીને, આપણા ઘરમાં ઉતારી તેને પ્રકૃતિના એ સ્મિતથી ભરી દઇ શકીએ. એમાં રંગબેરંગી ફૂલો ઉપરાંત પાન, ડાળી, સૂકાં ઘાસ વગેરે પણ કામે લગાડી શકાય. ફૂલોની એવી ગુચ્છરચનાના કેટલાક મૂળભૂત આકારો આ ઉપર આપ્યા છે: ૧ ઊભો અંડાકાર, ૨ આડો અંડાકાર, ૩ ગોળ, ૪ ત્રિકોણ, ૫ ધનુષાકાર, ૬ બીજચંદ્રાકાર, ૭ ઊભી અને ૮ તીરકસ રચના. પુષ્પગુચ્છના આકારની પસંદગીમાં ફૂલદાનના આકાર અને રંગ પણ લક્ષમાં લેવાં.



દેવમંદિરોમાં પૂરાતી સાથીની આ આકૃતિ પાતળા કાગળ પર ટ્રેસ કરી, કડક કાર્ડ પર ચોડી, નરેણીથી કાપવાથી ફ્રેમ રંગની રંગોળીની બોર્ડર પાડવાનું સરસ બીબું બનશે.

ધૂપ માટે વપરાતા ગૂગળનો ઔષધીય ઉપયોગ છેક પ્રાચીન કાળથી થતો આવ્યો છે. હાલ બજારમાં એની બે જાતો વેચાય છે: કણગૂગળ અને ભેંસાગૂગળ. કણગૂગળ લાલાશપડતો પીળા રંગનો અને નરમ હોય છે; ભેંસાગૂગળ લીલાશપડતો પીળો. એ ભેંસોને ખવડાવવાથી દૂધ વધતું હોઈ ભેંસાગૂગળ નામ પડયું લાગે છે.

ગૂગળ રસમાં તીખો, વિપાકમાં તીખો, ઉષ્ણવીર્ય. સુગન્ધી, હલકો, સૂક્ષ્મ (સૂક્ષ્મ એટલે શરીરના ઝીણામાં ઝીણા સ્રોતો સુધી પહોંચવાનો ગુણ), તીક્ષ્ણ, સ્નિગ્ધ, રસાયન, હૃદયને હિતકારી, મળને સરકાવનાર, ત્રણે દોષોનો નાશ કરનાર, ભાંગેલાને સાંધનાર, અગ્નિને પ્રદીપ્ત કરનાર, વ્રણ (ઘા) માટે હિતકારી, તથા કફરોગ, વાતરોગ, ઉધરસ, કૃમ, બરોળ, સોજા, હરસ, પ્રમેહ, મેદની વૃદ્ધિ, કોઢ, આમવાત, ગાંઠ, ગંડમાળા વગેરેનો નાશ કરનાર છે. નવો ગૂગળ પુષ્ટિકારક અને કામશક્તિ વધારનાર, તો જૂનો ગૂગળ શરીરને પાતળું કરનાર છે. જૂના ગૂગળમાં લેખન (ખોતરવા)નો ગુણ છે. વધી ગએલા મેદને ખોતરીને બહાર કાઢવામાં તે ઉપયોગી બની શરીરને પાતળું કરે છે.

વાયુનાશક

વાયુના રોગોમાં ગૂગળ અમૃતતુલ્ય કામ કરે છે. ગૂગળ સાથે અન્ય દ્રવ્યોના સંયોગથી બનતી 'યોગરાજ ગૂગળ' દવા જાણીતી છે. વાયુના વિવિધ વિકારોમાં તેમજ આમવાતમાં તે લાભકારક છે. કોઢ, હરસ, સંગ્રહણી, દમ, પ્રમેહ વગેરે રોગોમાં કયા અનુપાન સાથે યોગરાજનો ઉપયોગ કરવો તે 'શાર્ઙ્ગધરસંહિતા'માં જાણવા મળશે.

ત્રિફલા-ગૂગળ

ત્રિફલા-ગૂગળ એક અનન્ય ઔષધિ છે. ત્રિફલા ચૂર્ણ બાર તોલા, પીપરનું ચૂર્ણ ચાર તોલા અને શુદ્ધ ગૂગળ વીસ તોલા, એ ત્રણેને કૂટીને બરાબર મિશ્ર કરીને ગોળીઓ વાળવી. તે ભગન્દર, ગોળો, સોજા અને હરસને મટાડે છે. વળી શરીરની અંદરના કે બહારના કોઈ પણ પ્રકારના ઘાને મટાડી રૂઝ લાવવાનો ચમત્કારિક ગુણ એમાં છે. બોન ટી. બી. મટાડવાનો યશ પણ એણે મેળવ્યો છે. સાઈકલ પરથી પડી જવાથી છોકરાને વાગ્યું. જે. જે. હૉસ્પિટલ (મુંબાઈ)માં નવ મહિના પ્લાસ્ટરમાં રાખ્યા બાદ ઘેર લાવી પાટો ખોલતાં ખબર પડી કે કરોડ રજ્જુના બે મણકા સડી ગયા છે, શરીરમાં ત્રણ છિદ્રો પડી ગયાં છે, પરુ નીકળે છે. આ રીતે દશ વર્ષ સુધી ઉપચાર થતા રહ્યા. દરદ મટયું નહિ. ત્રિફળા-ગૂગળની ગોળીઓ સવાર-સાંજ બબ્બે આપવામાં આવી. દોઢ વર્ષના સેવન પછી એ પથારીવશ રહેનાર છોકરો પિતાની કંદોઈની દુકાને ભઠ્ઠી પર બે કારીગરોનું કામ કરતો થઈ ગયો. પરુની ઉત્પત્તિને અટકાવવાનો અદ્‌ભુત ગુણ ત્રિફલા-ગૂગળમાં છે. શરીરના કોઈ પણ ભાગમાંથી પરુ નીકળતું હોય એમાં ત્રિફલા-ગૂગળનું સેવન અવશ્ય ફાયદો કરશે.

દેવધૂપ

ગૂગળનો સંસ્કૃત પર્યાય છે દેવધૂપ. ધૂપ તરીકે પ્રાચીન કાળથી એ પ્રયોજાય છે. ક્ષય, દમ, ઉધરસ જેવા રોગોથી પીડાતા દર્દીના રહેઠાણમાં ગૂગળનો ધૂપ રાખવો જોઈએ. ચમેલીનાં પાન, મનશીલ, રાળ તથા ગૂગળ એ બધાંનું સમભાગે ચૂર્ણ કરી, બકરીના મૂત્રમાં લસોટી ગોળીઓ બનાવી લેવી. દમના દર્દીને, ચલમમાં આ ગોળી મૂકી એનો ધુમાડો પીવાથી ફાયદો થશે. આખું ઘર માંદું રહેતું હોય એમણે આ ગોળીઓનો ધૂપ થોડા દિવસ રોજ સવારસાંજ કરવો. વાતાવરણ વિકારરહિત થતાં રોગનાં કારણો દૂર થશે. **લાભશંકર ઠાકર**

શતરંજ

લેખક · સુરેશ મોદી

શતરંજની લેખમાળામાં એક બે બાબતો આપણે જોઇ નથી.


અગાઉ શતરંજમાં જ્યારે બે ઓછા વત્તા ધોરણના ખેલાડીઓ રમતા ત્યારે સારો ખેલાડી નબળા ખેલાડીને તેના ધોરણ પ્રમાણે પોતાનું પ્યાદું ઘોડો કે હાથી ને ક્યારેક તો વજીર આપીને પણ હરાવતો. આવી રમતોને Games at odds કહેવાતી. હવે શતરંજનું સૈદ્ધાંતિક જ્ઞાન વધતાં odds આપવાનું લગભગ બંધ થઇ ગયું છે. આજથી ૧૦૦ વર્ષ પહેલાંની એક રમત જોઇએ. તેમાં સફેદનો વજીર તરફનો હાથી પહેલેથી જ બહાર મૂકીને રમત શરૂ કરવામાં આવી હતી.

White–P. Morphy
Black– ?

1 P–K4, P–K4; 2 N–KB3, NQ3; 3 B–B4, N–B3; 4 N–N 5, P–Q4; 5 P×P, N×P; 6 N×BP?! K×N; 7 Q×B3ch, K–K3; 8 N–B3, N–Q5? 9 B×Nch; K–Q3; 10 Q–B7, B–K3? 11 B×B, N×B; 12 N–K4ch, K–Q4; 13 P–QP4ch, K×N; 14 Q×N, Q–Q5? 15 Q–N4ch, K–Q6; 16 Q–K2ch, K–B7; 17 P–Q3ch! K×B; 18 O-O mate!

સારા ખેલાડી નબળા ખેલાડી સામે પોતે બોર્ડ જોયા વિના પણ રમે છે. આને Blindfold chess કહેવાય છે. સામા ખેલાડીની ચાલ તેને કહેવામાં આવે છે; જેનો જવાબ તે બોર્ડ સામે જોયા વિના જ આપે છે. વળી, ક્યારેક એક ખેલાડી એક સાથે ઘણા ખેલાડીઓ સામે રમે છે આને Simultaneous display કહે છે. એક જ ખેલાડી એક સાથે ૨૦ કે વધુ ખેલાડી સામે રમ્યાનાં દૃષ્ટાંતો છે.

આથી પણ વધુ ચમત્કારિક તો છે Simultaneous Blindfold. જ્યાં એક જ ખેલાડી બોર્ડ જોયા વિના એક સાથે ઘણા ખેલાડી સાથે રમે છે. આમ રમવાવાળા ખેલાડીને બધા જ બોર્ડ ઉપરની પરિસ્થિતિ યાદ રાખવી પડે છે. જેવી તે બોર્ડ ઉપરની ચાલ તેને કહેવામાં આવે કે તુરત તેનો જવાબ આપવો પડે છે. આવી રીતે એક સાથે બાવન ખેલાડી સામે રમવાનો વિક્રમ છે. આવી રમતોમાં પણ તેમની રમતનું ધોરણ ઘણું ઊંચું હોય છે. આના દાખલા રૂપે અલેખાઇને રમેલ એક રમત જોઇએ.



r1bqr1k1/1p3ppp/2n5/3n2B1/3p4/PP1P1N2/PbBN1QPP/1K1RR3/

હવે અલેખાઇન રમે છે.

18..., N–Q4!!

આ ઘોડો તો અણરક્ષિત હતો. તેના ઊડતાંની સાથે કાળાનો વજીર જાય છે. આ ચાલ એ ભૂલ નથી કારણ કે જો સફેદ કાળો વજીર મારે તો 19 ... N–B6 mate થઇ જાય.

19 R×Rch, Q×R; 20 N–K4, Q×N!! 21 B–Q2, Q–K6; 22 R–K1?! (અહીં જો 22 Q×Q, P×Q; 23 B×P, N–B6 mate એક રસમય વિકલ્પ છે.)

સફેદની આ ચાલમાં એક જાળ છે. જો કાળો 22 ..., Q×Q રમે તો તે 23 R–K8થી મહાત થઈ જાય. પણ અલેખાઈન એ જાળમાં ફસાઇ જાય તેમ નથી, Simultaneous Blindfoldમાં પણ. 22 ..., B–B4!; 23 R×Q, P×R; 24 Q–B1, અને હવે કાળાએ તે ત્રણ ચાલમાં મહાત કરે છે તેવું સૂચન કરી દીધું.

24 ..., P×B; (N–B6 mateની ધમકી), 25 B–Q1, N/3–N5! અને હવે 26 ..., N–B6 mate રોકી શકાય તેમ નથી.

ટપાલ દ્વારા રમાએલી એક રમત પણ જોઇએ. ૧૯૬૨ની અખિલ ગુજરાત ટુર્નામેન્ટમાં ત્રીજા આવનાર શ્રી ચિતલે અને અમદાવાદમાં ૧૯૬૧માં રમાયેલ અખિલ ભારત વિદ્યાર્થી ટુર્નામેન્ટમાં બીજા આવનાર શ્રી વેણુગોપાલ વચ્ચેની આ રમત છે.

સફેદ : શ્રી એચ. ડી. ચિતલે (વડોદરા)
કાળા : શ્રી એન. વેણુગોપાલ (ગૌહતી)

શરૂઆતની પદ્ધતિ : ફ્રેંચ ડીફેન્સ (French Defence) 1 P–K4, P–K3;

આ ચાલ French Defenceની લાક્ષણિક ચાલ છે. તેના ગેરફાયદા: ૧ સફેદને મધ્યનો વધુ કાબૂ મેળવવા દે છે અને ૨ પ્યાદું QBને બહાર આવવાના રસ્તાને રોકે છે પણ તેના ફાયદા યે છે. ૧ જ્યાં કાળો 1 ..., PK4 રમે તેવી રમતોમાં સફેદ B–QB4થી કાળાના KB2 ઉપર સારો હુમલો લાવી શકે છે તે અહીં શક્ય નથી. ૨ આ ચાલ 2 ..., PQ4ની પૂર્વ તૈયારી રૂપે છે.

2 PQ4, PQ4; 3 N–QB3.

મહોરાને બહાર લાવતી આ એક સારી ચાલ છે. બીજા વિકલ્પો છે. 3 P × P અને 3 P–K5 પણ સૌથી વધુ લોકપ્રિય તો 3 N–QB3 જ છે.

3 ..., B–N5. આ ચાલથી સફેદનો ઘોડો અણરક્ષિત થયો. ને તેથી તેનું KPને મળતું રક્ષણ ખલાસ થયું. એટલે કાળો KPને મારી શકે.

4 P–K5. આ ચાલથી કાળાના મહોરાંને ખાસ તો KNને બહાર નીકળવું મુશ્કેલ પડશે.

4 ..., P–QB4! સફેદે 4 P–K5 ચાલીને પ્યાદાની ગૂંગળાવતી હારમાળા–નિમ્ઝોવિત્સના શબ્દોમાં Cramping Pawn Chain ઊભી કરી છે. કાળાએ તેને તોડવાની કોશિશ કરવી જોઇએ. આ તેની ઉત્તમ ચાલ છે.

5 P–QR3 કાળાના ઊંટની સ્થિતિ સફેદને હેરાન કરે છે. તે તેને ત્યાંથી ખસેડવા માગે છે.

5 ..., B–R4; અહીં સાધારણ રીતે 5 ..., B × Nch; 6 P × B રમાય છે. હવે સફેદ પાસે બે ઊંટ (કાળાના એક ઊંટને ઘોડાના બદલામાં) છે તે એક ફાયદો ગણાય. પણ તેની પ્યાદાની રચના ખરાબ થઈ. તેનું PR એકલું પડી ગયું. જ્યારે QB પંક્તિ ઉપર બે પ્યાદાં થઈ ગયાં અહીં બીજી આ ચાલ પણ રમાય. 5 ..., P × P; 6 P × B, P × N હવે જો સફેદ 7 P × Pથી પ્યાદું પાછું મેળવવા જાય તો 7 ..., Q–B2 પછી કાળાની પરિસ્થિતિ વધુ સારી બને છે.


6 P–QN4, P×QP; 7 Q–N4!

French Defenceમાં સફેદની આ ખાસ ચાલ છે.

7 ..., N–K2. નહિ તો કાળો 8 Q × NP પછી હાથી ગુમાવે.

8 P × B, P × N; 9 Q × NP, R–N1; 10 Q × RP, QN–B3; આ ચાલથી તે બે પ્યાદાં પર હુમલો કરે છે. K5 ઉપરના પ્યાદાને બચાવવું જ રહ્યું.

11 N–B3, Q × P; 12 B–KB4, Q–R5; 13 P–N3, B–Q2; 14 N–N5, O-O-O; 15 N × BP? N–N3!!



અહીં કાળો ઘોડાના બદલામાં હાથી જતો કરે છે. જો સફેદ તે ભોગ સ્વીકારે તો તરત જ હારે. આ દર્શાવતી એક રમતમાં લિપઝિગ-માં આંતરરાષ્ટ્રીય ટીમ-ટુર્નામેન્ટમાં શ્રી રમેશ શેઠે આઈસલેંડના શ્રી લારૂસ્સનને હરાવ્યા હતા. તે રમત આ પ્રમાણે આગળ વધી હતી.

16 N × R, Q–K5ch; 17 B–K3, R × N; 18 R–KN1, QN × P! 19 B–K2, B–R5; 20 K–B1, B × P; 21 B × P, B–Q6! 22 Q–R5, N–B6! 23 B × B? N–Q7 mate.

આ રમત Indian Expressમાં આપતાં ભારતના ભૂતપૂર્વ Champion શ્રી સપ્રેએ લખ્યું હતું કે કાળો હાથીનો ભોગ ન સ્વીકારતાં 16 N–Q6ch, K–N1; 17 B–QN5, Q × BP; 18 O–O રમી શકે. શ્રી ચિતલેએ આ વાંચ્યું હશે કે કેમ પણ તે તેમ જ ચાલ્યા. 16 N–Q6ch, K–N1; 17 B–QN5, Q × BP; 18 O–O? N–Q5!!

શ્રી વેણુગોપાલ આ રમત મને મોકલતાં લખે છે કે તેમણે ઉપર જણાવેલ રમતનો તથા શ્રી સપ્રેએ આપેલ ચાલનો ઊંડો અભ્યાસ કર્યો હતો. તેમના ખયાલ પ્રમાણે 18 O-O એ એક ભયંકર ભૂલ છે. ખરી ચાલ 18 B × N છે. 19 QR–QB1, N–B6ch; 20 K–R1. અહીં સફેદ 20 K–N2 ન રમી શકે, કારણ કે 20 ..., N–R5ch સફેદનો વજીર મરે છે.

20..., R–KR1; 21 R × Q, R × Q; 22 K–N2 N–Q5!; 23 B × B?

હવે કાળાએ ચાર ચાલમાં મહાત છે એમ જાહેર કર્યું તે કેવી રીતે તે જોઇએ.

23 ..., N × Bch; 24 P × N (અહીં જો સફેદ 24 K–N1 કે 24 K–R1 રમે તો 24..., N–B6 અને 25 ..., R × RP mate. એક ચાલ વહેલો મહાત થાય.) 24 ..., R–N1ch;

25 K–R1, N–B6; 26 ..., R × R mate રોકી શકાય તેમ નથી.

આ રમત ટપાલ દ્વારા રમાતી ટુર્નામેન્ટમાં રમાઇ હતી ને Correspondence Chess Ass. of Indiaના મુખપત્ર Indian Chess Bulletinમાં શ્રી વેણુગોપાલની નોંધ સાથે પ્રસિદ્ધ થઈ હતી. તે નોંધમાં 'કુમાર'ના વાચકો માટે મેં સુધારોવધારો કર્યો છે.

નવેમ્બરના કોયડા (નં. ૪)નો ઉકેલ

1 P–N8 (=Q,ch, K × Q;

(જો 1 ... K–B3: તો સફેદ તરત જ 2 Q–K6 mate કરે છે.)

2 K–K6 K–R1; (ફરજિયાત)

3 K–B7, P–K3 અથવા P–K4; 4 B–N7 mate.

એકલા ઊંટથી પણ મહાત થઇ શકે છે તે દર્શાવવા આ સુંદર નાનકડો કોયડો અનેક સુંદર કોયડાના રચયિતા ટ્રોઈટઝ્કીએ ૧૮૯૫-માં રચ્યો હતો.

આ કોયડો વાચકોને ધાર્યા પ્રમાણે સહેલો લાગ્યો છે, ને તેથી ઘણા સાચા ઉકેલ આવ્યા છે. ઉકેલ મોકલનારનાં નામ ને તેમણે મેળવેલ માર્કસ નીચે પ્રમાણે છે. (કુલ માર્કસ ૬)

ઈન્દ્રવદન મોદી, ભાવનગર; ભૂદરભાઈ ચાવડા, વિરમગામ; જાફરઅલી ખોજા, વિરમગામ; નીલકંઠ અંતાણી, રાજકોટ; ભૂપેન્દ્ર દોશી, મુંબાઇ; અશ્વિન દવે, માલવણ; સતીશ દલાલ, સુરત; મધુકર વોરા, અતુલ; નારણજી જોષી, રાણાવાવ ને અનિલ પારેખ, કલકત્તા. બધાને—૬ ગુણ.

સુરેશ દવે, અમદાવાદ; ડૉ. કે. એન. ગાંધી, રાધનપુર; કે. એમ. મૂળિયા, વિરમગામ, રામ જોશી, કુકડ; અશોક મહેતા, ભાવનગર; હરીશ દીવાન, મુંબાઈ; મહેન્દ્ર મહેતા, ભુજ; દીપક ભટ્ટ, ભાવનગર; અને ઝીણાભાઈ માંડલિયા, ભાવનગર એ બધાને—૫ ગુણ.

ધનસુખ ભટ્ટ, ભાવનગર—૦


ગઈ તારીખ ૨૮ નવેમ્બરથી ગુજરાત ક્લબ દ્વારા અખિલ અમદાવાદ શતરંજ હરીફાઈ યોજાએલી જેમાં ૪૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ ટુર્નામેન્ટ સ્વીસ પદ્ધતિથી ૧૦ રાઉન્ડમાં રમાઇ હતી. વિજેતાઓ હતા—

૧) શ્રી સુરેશ દવે—૯ પોઇન્ટ

૨) શ્રી પ્રફુલ્લ ભટ્ટ—૮ પોઈન્ટ. ૩) શ્રી છનુભાઇ વ્યાસ અને શ્રી શકુરખાન બન્નેના—૭ પોઇન્ટ. ઉપરાંત, બાર વર્ષની વયના દિલીપ ઠક્કરે પાંચ પોઇન્ટ મેળવ્યા હતા તે તેમની વય જોતાં સારા કહેવાય.

આ ટુર્નામેન્ટમાં જેટલા ખેલાડીઓએ ભાગ લીધો હતો તે દર્શાવે છે કે અમદાવાદ પણ ટૂંક સમયમાં મુંબઈ, મદ્રાસ અને હૈદ્રાબાદ જેવું શતરંજનું મથક થશે. આનો યશ ગુજરાત રાજ્ય શતરંજ એસોસીએશનના ઉત્સાહી કાર્યકરોને ફાળે જાય છે.

કોયડો નં. ૬ જાન્યુઆરી ૧૯૬૪



White to play & win

સ્થિતિ:k7/Pp6/1Pp5/2Pp4/3Pp3/4P3/5P2/6K1/

કોયડો: સફેદે રમીને જીતવાનું.

ઉકેલ મોકલવાની છેલ્લી તા. ૭-૨-'૬૪

ઉકેલ મોકલવાનું સરનામું:

સુરેશ એમ. મોદી. ૬/૯ કંદહારી કૉલોની
ચેમ્બુર, મુંબાઈ ૭૧ A.S.



ગાંધીજીનો મૃત્યુદિન

૧૯૪૮ના જાન્યુઆરીની તા. ૩૦મી-નો એ દિવસ હતો. ગાંધીજી એમના નિત્યક્રમ મુજબ ૩-૩૦ વાગે ઊઠ્યા. સાત દિવસના ઉપવાસની અશક્તિ હજુ તેઓને લાગતી હતી. પ્રેમાળ મિત્રોથી ઘેરાએલા હોવા છતાં દિલ્હીના ભભક-ભર્યા જીવનમાં તે સુખી ન હતા. તેઓ-ને શાંતિ ન હતી.

સવારની પ્રાર્થના પછી કૉંગ્રેસને વ્ય-વસ્થિત કરવા વિષે પોતાના વિચારો દર્શાવતો એક કાગળ તેમણે તૈયાર કર્યો. સાડા પાંચ વાગે નિત્યક્રમ મુજબ ગરમ પાણીમાં લીંબુ અને મધ મેળવી પીધાં. એક કલાક પછી ૧૬ ઔંસ નારંગીનો રસ લીધો. થોડી વાર પછી થોડી ઊંઘ લીધી.

તે દિવસે નિયમ મુજબ સવારમાં ફરવા જવાની તેઓની બહુ ઇચ્છા ન હતી, એટલે ખંડમાં જ થોડા આંટા માર્યા. કફ માટે ઘેર બનાવેલી ગોળીઓ લીધી. આજે કફ માટેની આ ગોળીઓ ખલાસ થઇ ગઇ હતી, એટલે પૌત્રી મનુએ એ બનાવવા માટે રોકાવા સારુ તેઓની સાથે જવાની ના પાડી. પોતા-ની રોજની ફરજ કોઇ પણ વ્યક્તિ ચૂકે તે તેઓને પસંદ પડતું નહોતું. તેઓએ મનુને કહ્યું, 'રાત્રે શું બનવાનું છે અથવા હું જીવવાનો છું કે નહિ તે કોણ જાણે છે? જો હું રાતના જીવતો હોઉં તો તું થોડી રાતના બનાવજે.'

આ પહેલાં ગાંધીજીએ કદી આટલી સહેલાઇથી-સાહજિકતાથી મૃત્યુની વાત કરી ન હતી. તેઓએ તો ૧૨૫ વર્ષ જીવ-વાની ઇચ્છા હમેશાં પ્રદર્શિત કરી હતી.

આ પછી ગાંધીજી રોજના માલિશ અને સ્નાન માટે ગયા. સ્નાન કર્યા પછી તેમને તાઝગી લાગતી હતી અને રોજના આનંદમાં તેઓ આવી ગયા હતા. ૯-૩૦ વાગે બંગાળી ભાષાનો રોજનો પાઠ કર્યા પછી બાફેલાં શાકભાજી, બ-કરીનું દૂધ, કચુંબર અને ફળ તેઓ જ-મ્યા. ભોજન કરતી વખતે સેક્રટરી સાથે તેઓએ વિવિધ રાજકીય વિષયોની ચર્ચા કરી.

૧૦-૩૦ વાગે તેઓએ થોડું બંગાળી સાહિત્ય વાંચ્યું અને થોડી વાર આરામ કર્યો. તે દિવસે તેઓએ કેટલાક મુસ્લિમ નેતાઓને બોલાવ્યા હતા; સેવાગ્રામ આશ્રમની તેઓની મુલાકાત વિષે ચર્ચા કરી. પણ મુસ્લિમ નેતાઓ સાથેની ચર્ચા દરમિયાન તેઓની મુલાકાત વિશે તેઓ બહુ અચોક્કસ હતા. એક વખત તેઓ બોલ્યા : 'કોણ જાણે છે હું જીવતો રહેવાનો છું કે નહિ. એ બધું પ્રભુના હાથમાં છે.'

બપોરે ૧-૩૦ વાગે પેટ ઉપર માટી-ના પડનો પૅક લીધો. ફેબ્રુઆરીની પહેલી તારીખે ગાંધીજી સેવાગ્રામની મુલાકાતે જવાના છે તેવા કેટલાંક અખબારોમાં છપાયેલા સમાચાર વિષે પૂછપરછ કરવા એક પત્રકાર તેઓની પાસે આવ્યા હતા. ગાંધીજીએ જણાવ્યું, 'હા, અખબારો એવું કહી શકે, પણ એ જનારો ગાંધી કોણ છે તે હું જાણતો નથી.'

મડ-પૅક પૂરો થયા પછી સિલોનના ભારત ખાતેના હાઇ કમિશનર અને એમની પુત્રી ડૉ. એમ. ડબલ્યુ. એચ. ડી. સિલ્વાને મળ્યા. મિસ ડી. સિલ્વા-એ ગાંધીજીના હસ્તાક્ષર માગ્યા, અને કદાચ આ તેમના છેલ્લા હસ્તાક્ષર હતા. આ પછી એક ફ્રેન્ચ ફોટોગ્રાફરને મળ્યા, જેઓએ ગાંધીજીને એક આલ્બમ ભેટ આપ્યું. અને છેલ્લે અમેરિકાના 'લાઈફ' મૅગેઝીનનાં ફોટોગ્રાફર માર્ગરેટ બર્ક-વ્હાઇટને તેઓ મળ્યા.

સરદાર પટેલ અને પંડિત નેહરુ વચ્ચે વિચારોના મતભેદ હતા એ વિષે ચર્ચા કરવા તેઓએ ગૃહપ્રધાન સરદાર પટેલને બોલાવ્યા હતા. ગાંધીજીએ એક વખત જણાવ્યું હતું કે પ્રધાનમંડળમાંથી સર-દાર પટેલ અથવા પં. નેહરુએ રાજીનામું આપવું જોઇએ. પણ આ જ દિવસે તે-ઓએ ચોક્કસ રીતે વિચાર્યું કે આ પગલું ઘાતકી બનશે. આ વિષે સરદાર પટેલ સાથે એક કલાક લાંબી મંત્રણા ચાલી. સરદાર પટેલને તેઓએ ખાતરી આપી હતી કે આજની સાંજની પ્રાર્થના પછી તેઓ પં. નેહરુ સાથે આ વિષે ચર્ચા કરશે. ચર્ચામાં તેઓ બન્ને એટલા ઊંડા ઊતરી ગયા હતા કે સમયનો તેઓને

મહેક....

બાલાભાઈ ખૂબ ભલા, ભોળા માણસ છે. છાપ પાડે એવી કોઈ પ્રતિભા નહિ. વ્યાવ-હારિક બાબતોમાં બહુ સમજ ન પડે.

મિલમાંની પહેલી પાળીની નોકરી પૂરી કરી ઘરે આવે, નાહીધોઈ આરામખુરશીમાં લંબાવે. આવે વખતે ક્યારેક હું તેમની પાસે જતો, ત્યારે તેઓ તેમના જેવી જ સીધી સાદી થોડી વાત કરે.

આષાઢની શરૂઆતના દિવસો હતા. પહેલી જ વાર વર્ષા ઝરમર વરસી હતી. ધરતી મહે-કતી હતી. હું બાલાભાઈ પાસે જઇ સામેની ખુરશીમાં ગોઠવાયો.

'કેમ ભાઈ, વાંચીને કંટાળ્યા કે?'

મેં ડોક હલાવી હા કહી. એટલામાં તેમનો ચૌદેક વર્ષની ઉમ્મરનો પુત્ર ભરત ત્યાં આવી પહોંચ્યો. તેના હાથમાં એક અંગ્રેજી માસિક હતું. 'જુઓ બાપુ!' બાલાભાઇને તેમાંનું એક ચિત્ર બતાવતાં તેણે કહ્યું.

'સુંદર છે!' બોલીને માસિક તેમણે મારી તરફ ફેરવ્યું.

'ખરેખર સુંદર છે!' હું ચિત્ર જોઇ બોલ્યો.

'આ ચિત્ર આપણે રાખી લઇએ તો બાપુ?' ચિત્રથી મુગ્ધ થતો ભરત ધૂનમાં જ બબડ્યો.

બાલાભાઈના મોં પર સહેજ, ન સમજાય એવા ભાવ બદલાયા. 'ના.' તેમણે કહ્યું.

'એમાં શું બાપુ! આવડા મોટા માસિક-માંથી લાઇબ્રેરિયનને ક્યાં ખબર પડવાની હતી!?

સહેજ વાર તેની સામે જોઇ ધીમું હસીને બાલાભાઇ બોલ્યા : 'ના ભાઇ, તેને તો ખબર નહિ પડે પણ આપણે જ્યારે જ્યારે તેને જોઇશું ત્યારે ત્યારે આપણને તો ખબર પડશે જ ને?'

હું તો જોઇ જ રહ્યો. અમારા પ્રોફેસરની જેમ બાલાભાઇએ કોઇ મોટું ભાષણ નહોતું આપ્યું તો પણ તેની અસર સચોટ હતી.

બહાર નીકળ્યો ત્યારે ધરતીની મહેક મારા દિલને પુલકિત કરી રહી હતી.

યુવકમંડળની બેઠકમાં નક્કી થયું કે મંડળ-નો વાર્ષિકોત્સવ મુકુંદભાઇના પ્રમુખપદે યોજવો અને તેઓ સૂચવે તેમને મુખ્ય મહે-માન તરીકે બોલાવવા.

મુકુન્દભાઇ શેઠ ગામમાં પ્રતિષ્ઠિત વ્યક્તિ. તાલુકા, જિલ્લા અને રાજ્યની સરકારમાં પણ તેમનું નામ ધાર્યું કામ કઢાવી લેતું. વરસાદ

ખયાલ રહ્યો નહિ અને પ્રાર્થનાસભામાં ગાંધીજી મોડા પડ્યા.

બિરલા હાઉસમાં પ્રાર્થનાસ્થાન તરફ જતાં રસ્તામાં તેઓને એક સાથીએ જણાવ્યું કે ગુજરાતમાંથી આવેલા બે કાર્યકર તેઓને મળવા માગે છે. ગાંધીજીએ જવાબમાં જણાવ્યું: 'પ્રાર્થના પછી તેઓને આવવાનું કહો. જો હું જીવતો હોઇશ તો તેઓને મળીશ.'

જાન્યુઆરીની ૩૦મીનો એ દિવસ આવી રીતે પસાર થયો હતો. ઉપરના દરેક પ્રસંગે ગાંધીજી જે બોલ્યા છે તે બતાવે છે કે તેઓ મૃત્યુ નજીક છે એમ જાણી ગયા હતા અને તેનાથી તેઓ ડરતા ન હતા. પ્રાર્થનામાં આવતી વ્યક્તિઓની તપાસ રાખવાની વ્યવસ્થા સરદાર પટેલ તરફથી કરવામાં આવતી હતી, પણ ગાંધીજીએ તેનો ઇન્કાર કરતાં જણાવ્યું હતું કે પ્રભુ સિવાય મારું રક્ષણ કોઈ કરી શકશે નહિ.

ગાંધીજી પ્રાર્થનાસ્થાન તરફ જવા નીકળ્યા. તે મનુબેન ગાંધી અને આભા ગાંધીના ખભે હાથ મૂકીને એ પ્રાર્થના મેદાન તરફ જતાં હતાં. ચાલતાં ચાલતાં તેઓ એ બન્ને સાથે તે દિવસે બપોરના તેઓને ગાજરનું જે કચુંબર આપવામાં આવ્યું હતું તેને વિષે ઠઠ્ઠામશ્કરી કરતા હતા. ગાંધીજીએ કહ્યું, 'તો તમે મને ઢોરનો ખોરાક આપો છો નહિ ને?'

'ના, ના, બાપુજી એ તો ઘોડાનો ખોરાક મનાય છે!' તેમાંની એકે કહ્યું.

'સારું. જે વસ્તુઓ સામે બીજા નજર પણ ના નાખે એ વસ્તુઓ મને બહુ ગમે છે.' ગાંધીજીએ હસીને જણાવ્યું.

અને પ્રાર્થના મેદાન પર પહોંચતાં જ આ વાતચીત અટકી પડી. પ્રાર્થનાના મંચ પર પહોંચવા માટે રસ્તો કરવા મેદનીના બે વિભાગ પડી ગયા. ગાંધીજીએ બન્ને પૌત્રીઓના ખભા પરથી હાથ લઇ લીધા અને મેદનીના નમસ્કાર ઝીલવા લાગ્યા.

ત્યાં ગાંધીજીની જમણી બાજુએથી એક અજાણી વ્યક્તિએ આવીને તેઓને અશિષ્ટ રીતે નમસ્કાર કર્યા. ગાંધીજીના એક અનુચરે તે વ્યક્તિના હાથ પકડીને તેને હડસેલવા પ્રયત્ન કર્યો પણ તે હઠ્યો નહિ. આ પછી જાણે ગાંધીજીને પ્રણામ કરતો હોય તેવી રીતે એ વ્યક્તિએ ગાંધીજી સામે પોતાના હાથ જોડ્યા અને એકાએક ત્રણ ગોળીઓ છોડી!

એ વ્યક્તિ ગાંધીજીની એટલી નજીક હતી કે કોઇ કાંઇ કરે તે પહેલાં ગાંધીજી ઢળી પડ્યા. પહેલી ને બીજી ગોળી ગાંધીજીના પાતળા શરીરની જમણી બાજુથી પસાર થઇ ગઇ; ત્રીજી ગોળી એમના શરીરમાં રહી ગઇ. પહેલી ગોળીથી તેમના પગને ઇજા થઇ હતી, છતાં બીજી અને ત્રીજી ગોળી વાગી ત્યારે પણ તે ઊભા હતા. પણ પછી તુરત જ 'રામ! રામ!' બોલતાં તેઓ ઢળી પડ્યા! આ રીતે ૧૬ વર્ષ પહેલાં એક કમનસીબ



દિવસે એક હિંદુની ગોળીથી ગાંધીજીનો આત્મા, ભારતની સ્વતંત્રતાનો ઘડવૈયો પરલોકમાં સિધાવી ગયો.

એ દિવસે રાતના પં. નેહરુએ દર્દભર્યા અવાજે જણાવ્યું હતું, 'આપણા જીવનમાંથી પ્રકાશ ચાલ્યો ગયો છે અને અંધારું ફેલાઇ ગયું છે. આપણા બાપુ, આપણા રાષ્ટ્રપિતા આપણી વચ્ચે નથી... પ્રકાશ ચાલ્યો ગયો છે, પણ એ પ્રકાશ સામાન્ય પ્રકાશ ન હતો. આ દેશને એણે ઘણાં વર્ષો પ્રકાશિત રાખ્યો છે અને બીજાં હજારો વર્ષો સુધી તેને પ્રકાશિત રાખશે. દુનિયા પણ એ જોશે. આ પ્રકાશમાંથી ઉદ્ભવતું શાશ્વત માનવીનું શાશ્વત સત્ય આપણને ખોટે માર્ગેથી સાચા માર્ગે લઈ જવાનો રસ્તો ચીંધશે.' —અરૂણ ગાંધી

('ઍશિયા' મેગેઝીનમાંથી ટૂંકાવીને સાભાર)

અને ઊકળાટ

પડવાની તૈયારી હતી. એ વેળા હું એમને ત્યાં પહોંચ્યો.

મને જોઇ તેઓ ખૂબ ખુશ થયા. કહે, 'આવો, આવો! તમે તો કોઇ દહાડો આવતા પણ નથી?' આટલી પ્રસ્તાવના પછી તેમણે પૂછ્યું, 'કહો શું કામ છે?'

મેં તેમને વાત કરી. ઔપચારિક આનાકાની પછી તેમણે પ્રમુખપદ સ્વીકારવા સંમતિ આપી. મુખ્ય મહેમાન તરીકે પણ એક પ્રધાનશ્રીને લઇ આવવાનું પોતે માથે લીધું. તેમની ઠાવકાઇથી એવું થાય કે હમેશાં તેમને મળતા રહીએ.

એટલામાં તેમનો નોકર ચા લઇને આવ્યો. ટ્રેમાં સુંદર ટી સેટ હતો. મારી નજર તેના પર ઠરી ગઇ. 'આવો સુંદર ટી સેટ ક્યાંથી ખરીદ્યો મુરબ્બી?'

તેઓ અત્યંત ખુશ થયા. મારી સામે જોઇ હસતા હસતા બોલ્યા: 'મને ખબર છે કે તમે કલારસિક જીવ છો. એની ખરીદી સરસ રીતે થઇ. આજે બજારમાં તો આ ચીજ મળતી જ નથી. આ ઉનાળામાં અમે મસૂરી હતાં ત્યારે વચ્ચે બે દિવસ માટે એક રમ્ય સ્થળે ગયાં હતાં. ત્યાં ડાક બંગલામાં આ ટી સેટ હતો!' તેમણે હસીને ચાનો એક ઘૂંટડો લીધો ને પછી બોલ્યા, 'આપણી સુલુ કલાની ભારે પારખુ છે. મને કહે: પપ્પા, આ ટી સેટ ગમે તે રીતે પણ અહીંથી લઇ જઇએ. ખરેખર સુંદર છે.'

મેં કહ્યું, 'સુંદર તો છે જ; પણ એ લઇ કેમ જવાય? કોઇ જાણે તો કેવું લાગે?'

પણ તે તો ગજબની હોશિયાર છે. એક રીત તેણે શોધી કાઢી. ડેડ સ્ટૉક રજિસ્ટરમાં તેની કિંમત હતી પાંચ રૂપિયા અને આઠ આના. ખરીદીની સાલ હતી ૧૯૩૮. મને કહે: 'પપ્પા, હવે તો આપણે લઇ જઈશું ને? કહી દઇશું કે ફૂટી ગયો. કિંમત લઇ લો!'

'શું તેની બુદ્ધિ! મારી આ દીકરી ભવિષ્યમાં પ્રધાનપદું શોભાવે એવી છે' કહી તેમણે હસીને ચાનો પ્યાલો મોંએ માંડ્યો અને બધી ચા ગટગટાવી ગયા.

ત્યાંથી હું બહાર નીકળ્યો ત્યારે વરસાદનું નાનું ઝાપટું પડી ચૂક્યું હતું; અને તે પછીનો ઊકળાટ મને બેચેન બનાવી મૂકતો હતો.

દિવ્યકાન્ત ઓઝા



અશ્રુકણી

રે જાગ સ્વપ્નભ્રમથી, બન બંધનોથી
તું મુક્ત, નિર્ભય, કદી નહિ તારી છાયા
–માયાસમી જ–ગભરાવી શકે તને જ;
તું જાણ નિત્ય બસ 'સોઽહમ્' હું છું તે જ!

—ગીતા પરીખ

(સ્વામી વિવેકાનંદના 'ધ સૉન્ગ ઑવ ફ્રી'નો અનુવાદ)

સ્વ. સરદાર કે. એમ. પણિક્કર

ભારતના રાજકરણમાં વિચક્ષણ મુત્સદ્દીગીરી સાથે પ્રખર વિદ્વત્તાના વિનિયોગવાળા બહુ ઓછા મહાનુભાવો આવ્યા છે. સરદાર કે. એમ. પણિક્કર એમાંના એક હતા. ગઇ ૧૦મી ડિસેમ્બરે મ્હૈસુર યુનિવર્સિટીના એક સમારંભ દરમિયાન જ હૃદયરોગનો એકાએક હુમલો થઇ આવતાં એમનું દુઃખદ અવસાન થઇ ગયું. આજની પેઢીમાંથી, કદાચ બહુ વર્ષે પૂરી શકાય એવી એક મોટી ખોટ દેશને પડી.

જૂના ત્રાવણકોર રાજ્યમાં ઍલેપ્પીના એક અગ્રગણ્ય પરિવારમાં ઇ. ૧૮૯૫ની ૩જી જૂને એમનો જન્મ થયો. કેવલમ્ માધવ પણિક્કર એ એમનું પૂરું નામ. મદ્રાસની ક્રિશ્ચિયન કૉલેજનું ભણતર પૂરું કરી ઈંગ્લંડ ગયા ને ઑક્સફર્ડની ક્રાઇસ્ટ ચર્ચ કૉલેજમાંથી સ્નાતક થયા. ત્યાં ઇતિહાસના વિષયમાં ઑનર્સ મેળવનાર તેઓ પહેલા હિન્દી હતા. ઐતિહાસિક સંશોધન માટે તેમને ડિકસન્ સ્કૉલરશિપ પણ મળી. 'ગ્રેટર ઇન્ડિયા' નામે એમણે એક અભ્યસનીય પુસ્તક લખી અભ્યાસકાળમાં જ નામના મેળવી હતી. પછી મિડલ ટેમ્પલના બૅરિસ્ટર-ઍટ-લૉ થયા. દિલ્હી યુનિવર્સિટીની ડી. લિટ.ની અને અલીગઢ યુનિવર્સિટીની એલએલ. ડી.ની ઉપાધિઓ પણ એમણે મેળવી હતી.

અભ્યાસની આવી ઉજ્જ્વળ કારકિર્દી પછી હિન્દ સરકારની સનદી નોકરી એમને માટે જરા યે મુશ્કેલ ન હોવા છતાં તેમણે કારકિર્દીનો આરંભ અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં ઇતિહાસ અને રાજકરણના પ્રાધ્યાપક તરીકે કર્યો. ભારતના આજના ઉપરાષ્ટ્રપતિ ડૉ. ઝાકિર-હુસેન એ વખતે એમના એક વિદ્યાર્થી હતા. ૧૯૨૨માં યુનિ.માંથી છૂટા થઈ તેઓ મદ્રાસના અખબાર 'સ્વરાજ્ય'ના પહેલા તંત્રી તરીકે જોડાયા. (હમણાં આ અખબાર રાજાજીનું મુખપત્ર છે.) એ પછી કેટલાક શીખ મિત્રોની સાથે મળી દિલ્હીથી 'હિંદુસ્તાન ટાઇમ્સ' શરૂ કરી એનું તંત્રીપદ સંભાળ્યું. એમની વિદ્વત્તા અને બુદ્ધિપ્રતિભાને પિછાણી બ્રિટિશ સરકારે ૧૯૨૫ થી ૧૯૨૭ સુધી લંડનમાં એમને આઈ. સી. એસ.ના પરીક્ષક પણ નીમેલા.



દરમિયાન રાજકરણ તરફ તેઓ ખેંચાઇ રહ્યા હતા. ૧૯૨૭માં એમણે 'ઇંડિયન સ્ટેટ્સ ઍન્ડ ગવર્નમેન્ટ ઑવ ઇંડિયા' નામે એક અભ્યાસપૂર્ણ ગ્રંથ લખ્યો. એમાંથી એમની શક્તિને પિછાણી દેશી રજવાડાંઓએ નરેન્દ્ર મંડળ (ચેમ્બર ઑવ પ્રિન્સિસ)-ના ચાન્સેલરના મંત્રી તરીકે એમને નીમ્યા હતા. આ પદેથી એમણે ગોળમેજી પરિષદોમાં પણ ભાગ લીધો. પતિયાળના પરરાષ્ટ્રમંત્રી તરીકે પણ એમણે ઉમદા કામગીરી દાખવી જે બદલ એમને 'સરદાર'ના ખિતાબથી નવાજવામાં આવેલા. ૧૯૪૪માં બિકાનેર

કેસોવરી

જગતનાં પશુપક્ષી-૬૬



એક કાળે ઑસ્ટ્રેલિયામાં લગભગ બારેક ફૂટ ઊંચાં ઊડી નહિ શકનારાં 'મોઆ' નામનાં પક્ષી થતાં હતાં, હવે તો તે તદ્દન નાશ પામ્યાં છે. એને પગલે ઊડી નહિ શકનારાં આફ્રિકા ને દક્ષિણ-પશ્ચિમ એશિયાનાં શાહમૃગ, ન્યૂ ઝીલૅન્ડનાં કિવી, દ. અમેરિકાનાં રીહા અને ઑસ્ટ્રેલિયાનાં એમુ તથા કેસોવરી આ માર્ગે જ છે.

કેસોવરી ઉત્તર ઑસ્ટ્રેલિયા અને બિસ્માર્ક દ્વીપ સમૂહમાં થાય છે. એની કહેવાતી પાંખોનાં પીછાં ઊડવા માટે નહિ પણ ચાલતી વખતે પડખાંમાં ભરાતાં ઝાડીઝાંખરાં ખસેડવાના કામમાં આવે એવાં શિશોળિયાં જેવાં હોય છે; એટલે કેસોવરી ઊડી નથી શકતાં પણ મોટા ત્રણ આંગળાંવાળા શક્તિશાળી એના પગના જોરે એ ઘણું સારું ચાલી શકે છે. ઝાડી-ઝાંખરા વચ્ચે યે તે કલાકના ત્રીસ માઇલ ખુશીથી કાપી શકે. એ પાણીમાં ઘણું સરસ તરી શકે છે ને દરિયાકાંઠે આવી ચડે તો મોજ ખાતર તરવા જરૂર પડે. તરતી વેળા એનું માથું ને ગરદન પાણી બહાર રહે છે. સ્વભાવે એ શરમાળ હોઇ ખુલ્લા પ્રદેશમાં નથી રહેતાં.

લગભગ પાંચ ફૂટની એની ઊંચાઇ. ભૂરી ઝાંયવાળાં કાળાં ચળકતાં એનાં પીછાં જાડાં ને દેખાવમાં ઢીલાંઢફ લાગે. ગરદન પર પીછાં નથી હોતાં. માથું ને ગરદન જાંબલી ઝાંયવાળાં ભૂરાં-લાલ. માથા પર શિંગડાં જેવો સખત મુકુટ. જંગલમાં નીચી ડાળખીઓથી એ માદાનું રક્ષણ કરે છે.

કેસોવરી સંવનનકાળ સિવાય મોટે ભાગે પાંચ સાતના ટોળામાં રહે છે. એનાં ઇંડાં મોટાં, ખરબચડી, ઘણી સખત પોપડીવાળાં ને લીલા રંગનાં હોય છે.

રાજ્યના વડાપ્રધાન બનેલા. દેશના ભાગલા વખતે સરહદ નજીકના એ રાજ્યમાં આવી પડેલા હિજરતીઓને થાળે પાડવામાં ત્યારે એમણે ચાતુરીભર્યું કામ કરેલું. ૧૯૪૨માં પૅસિફિક રીલેશન્સ કૉન્ફરન્સમાં ને ૧૯૪૫માં કૉમનવેલ્થ રીલેશન્સ કૉન્ફરન્સમાં એમણે પ્રતિનિધિત્વ કરેલું. ૧૯૪૭માં સંયુક્ત રાષ્ટ્રો ('યુનો')ની જનરલ ઍસેમ્બ્લીની બેઠકમાં પણ એમને ભારતના એક પ્રતિનિધિ તરીકે મોકલેલા.

સ્વાતંત્ર્ય પછી એમને ચીનમાં ભારતના એલચી તરીકે મોકલવામાં આવ્યા. ત્યારની ચ્યાંગ કાઇ શેકની રાષ્ટ્રવાદી સરકાર તથા તે પછીની સામ્યવાદી સરકાર બંનેમાં તેમણે એ પદ ભોગવ્યું. તિબેટ પર ચીનના સાર્વભૌમત્વના સ્વીકાર માટે તથા લાલ ચીનનો સ્વીકાર કરતી વખતે આપણી સરહદો વિષે ચોખવટ નહિ કરવા વિષે ઘણા એમને થાપ ખાઇ ગએલા ગણે છે, પણ એમાં અંગત રીતે તેઓ જવાબદાર ન હતા. ૧૯૪૮ થી ૧૯૫૨ દરમિયાનના ચીનની એ બંને સરકારના પોતાના અનુભવો એમણે 'ઇન ટુ ચાઇનાઝ'માં રસિક રીતે વર્ણવ્યા છે.

ચીન પછી ઇજિપ્તમાં એમણે એલચીપદે કામ કર્યું. એ વખતે લેબૅનન, સીરિયા અને લીબિયા માટેના હિન્દી મિનિસ્ટર તરીકે પણ કામગીરી બજાવેલી. ૧૯૫૪–'૫૬માં સ્થપાએલી 'રાજ્ય પુનર્રચના સમિતિ'માં એમની નિમણૂક થઈ અને ફરી ૧૯૫૬ થી '૫૯ ફ્રાંસમાં એલચી તરીકે રહ્યા. આ ઉપરાંત, લંડનની રૉયલ ઇંડિયા સોસાએટીના ઉપપ્રમુખ તરીકે, કેરળની 'અકાદમી ઑવ લેટર્સ'ના પ્રમુખ તરીકે તથા 'યુનેસ્કો'ની સલાહકાર સમિતિના અધ્યક્ષ તરીકે પૂર્વપશ્ચિમની સાંસ્કૃતિક બાબતો અંગે મૂલ્યવાન કામગીરીઓ એમણે અદા કરેલી.

ફ્રાંસથી આવી તેઓ જમ્મુ અને કાશ્મીર યુનિ.ના ઉપકુલપતિ બન્યા ને ત્યાંથી છેલ્લે મ્હૈસૂર યુનિ૦ના ઉપકુલપતિપદે આવ્યા હતા. આ પદેથી બેંગલોરમાં એક સભામાં પ્રમુખસ્થાને હતા ત્યાં એમના પર એકાએક હૃદયરોગનો હુમલો થતાં એમને હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા ને ત્યાં એમનું અવસાન થયું.

રાજદ્વારી ક્ષેત્રની જવાબદારીઓ વચ્ચે પણ એમનો સાહિત્યકાર જીવ જંપ્યો નહોતો. ગમે ત્યાં હોય તો યે રોજ સવારના બે કલાક તેઓ અચૂક લેખનકાર્ય કરતા જ. એમાં ક્યારેક છાપાં માટે કોઇ લેખ હોય કે પોતાના કોઇ અભ્યાસપૂર્ણ પુસ્તકનું લખાણ ચાલતું હોય. એમને માટે કોઇ વિષય મુશ્કેલ નહોતો. કોચીનનો પ્રાચીન ઇતિહાસ હોય કે કથકલી નૃત્યની અટપટી મુદ્રાઓની સમજાવટ હોય, રાજકારણ-વિષયક લેખ હોય કે નવલકથા હોય, એમને એ બધાંમાં એકસરખી સચોટ ફાવટ હતી. એક વાર મદ્રાસના ભદ્ર સમાજ પર કટાક્ષ કરતી એક હાસ્યનાટિકા 'પાંકી પરિણયમ્' લખી, ખાનગીમાં એની વહેંચણી કરી એમણે સારી સનસનાટી ફેલાવેલી. અંગ્રેજી ઉપરાંત માતૃભાષા મલયાલમમાં પણ એમણે ઘણી કૃતિઓ સરજી છે. તેઓ કવિ પણ હતા.

આજીવન અભ્યાસી, કુશળ વહીવટકર્તા, મુત્સદ્દી રાજપુરુષ અને આગવી દૃષ્ટિવાળા શિક્ષણશાસ્ત્રી પણિક્કરની વેધક તેજસ્વી આંખો, કોઇ ફ્રેંચ મુત્સદ્દી કે ફિલસૂફ જેવી હનુ પરની દાઢીના ગુચ્છાવાળું એમનું પ્રભાવશાળી વ્યક્તિત્વ, તથા બુદ્ધિયુક્ત વાક્ચાતુરી સૌને પોતાપ્રત્યે આકર્ષી રાખતાં. ભાગ્યે જ કોઇ વિષય હશે જેના પર એમને પોતાનાં મંતવ્યો દર્શાવવાનાં ન હોય. એમણે લખેલાં સંખ્યાબંધ પુસ્તકોમાંથી ઇંડિયન સ્ટેટ્સ ઍન્ડ ગવર્નમેન્ટ ઑવ ઇંડિયા, ધ પોર્ચુગીઝ ઇન મલબાર, ફેડરલ ઇંડિયા (કર્નલ સર કૈલાસ હક્સર સાથે મળીને લખેલું), ધ ડચ ઇન મલબાર, કાસ્ટ ઍન્ડ ડેમૉક્રસી, ધ ન્યૂ એમ્પાયર, ઇંડિયા ઍન્ડ ધી ઇંડિયન ઓશન, એ સર્વે ઑવ ઇંડિયન હિસ્ટરી, ધી ઇંડિયન રેવોલ્યુશન, એશિયા ઍન્ડ વેસ્ટર્ન ડૉમિનન્સ, ઇન ટુ ચાઇનાઝ, ધ જીઓગ્રાફિકલ ફૅક્ટર્સ ઇન ઇંડિયન હિસ્ટરી, હિન્દુ સોસાએટી ઍટ ક્રૉસ રોડ્ઝ, ઇંડિયા ઍન્ડ ચાઇના, વગેરે એમના અનેક ગ્રંથો વિખ્યાત છે. આ ઉપરાંત, ઇંગ્લંડનાં જગવિખ્યાત પત્રો 'ધ ટાઇમ્સ' અને 'માંચેસ્ટર ગાર્ડિયન'માં પણ તે લખતા. મલયાલમ ભાષામાં કાવ્યો, નાટકો ને નવલકથાઓ પણ એમણે લખી છે. કાલિદાસના 'કુમારસંભવમ્'નું મલયાલમ ભાષાંતર પણ એમણે કરેલું. એમની લેખનશક્તિ પિછાની જવાહરલાલજીએ એમને પંડિત મોતીલાલ નેહરુનું જીવનચરિત્ર લખવાનું કામ સોંપ્યું હતું.

સાહિત્યકાર, પત્રકાર ને રાજદ્વારી પુરુષતરીકેની કારકિર્દીમાં વિવિધતા છતાં એમાં સમતોલન જાળવી એમણે લોકચાહના મેળવેલી. આવા બહુશ્રુત પુરુષના જવાથી દેશે મહામૂલું રત્ન ગુમાવ્યું છે. (સંકલિત)

પગનાં તળિયાં

ગામડાંઓમાં આંબોઇ ખસી ગઇ છે, પેચુટી ખસી ગઈ છે એવા વિચારથી થતી એક પ્રકારની ચિકિત્સા-કલા જોવા મળે છે. મારી બાજુમાં એક બહેન રહેતાં. ૩૫ વર્ષની આસપાસ ઉંમર હતી. એમને ઝાડા થતા, ક્યારેક મોળ આવે, ઊલટી પણ થાય, પેટમાં સતત થોડું થોડું દુખ્યા કરે, ક્યારેક વીંટ આવે ને પાયખાને જવું પડે. મરડાની દવા કરી, પણ ન મટયું. ઝાડા-અજીર્ણની દવા કરી પણ ન મટયું. બાઇ તો કંટાળી ગઇ. બાજુમાં જ એક ડોશીમા રહે. માજીએ કહ્યું કે એને તો પેચુટી ખસી ગઇ છે. એમણે પેટ ચોળ્યું અને છેલ્લે એક એવા પ્રકારની ખેંચતાણ કરી, કે બાઇનું પેટ હળવું ફૂલ બની ગયું. એ પછી તરત જ ઝાડા પણ બંધ થઇ ગયા.

ભાવનગરમાં મારા એક મુરબ્બી વડીલ વૈદ્ય શ્રી જુગતરામભાઇ રહે છે. એમણે થોડા દિવસ પહેલાં કરેલા એક પ્રયોગની વિગત આ પ્રકારની છે: એક દરદીને ગળાની આસપાસ નાનીમોટી કેટલીક ગાંઠો હતી. આયુર્વેદમાં ગાંઠોને અપરત કહેવામાં આવે છે. અદ્યતન વિજ્ઞાને તો એને સ્થાનિક ગ્રંથિબીજ ગણી છે, પણ આયુર્વેદના પ્રાચીન આચાર્યોએ આ ગ્રંથિનું મૂળ પગની પિંડીમાં નક્કી કર્યું છે. આ ગાંઠોને દૂર કરવા માટે પગની પિંડીમાં કાપ મૂકીને એ દૂષિત પેશી ત્યાંથી કાઢી નાખવામાં આવે તો ગળા ઉપરની ગાંઠો આપોઆપ બેસી જાય છે. મૂળને પોષણ મળતું અટકે અને જેમ ઝાડ સુકાઈ જાય, આજુબાજુનાં ડાળી-ડાંળખાં જેમ કરમાઇ જાય તેવી આ વાત છે.

જૂના જમાનામાં સ્ત્રીઓ નાનાંમોટાં ઘરેણાં પહેરતી: પગનાં કાંબી-કડલાં, પગનાં આંગળાંની કડી, અઠાસ; તેમજ નાક-કાન વીંધીને એમાં પણ નાનાંમોટાં ચાંદીનાં કે સોનાનાં ઘરેણાંનો ઉપયોગ થતો. એ ઘરેણાં કેવળ શોભાનાં જ નહોતાં; એની પાછળ સ્ત્રીઓનાં વિશિષ્ટ અંગોને એક પ્રકારનું બળ મળે તેવી દૃષ્ટિ—ભાવના હતી. થોડા દિવસ પહેલાં જ વાંચ્યું હતું કે, લખનઉ પાસે કોઇ ફકીર કાન વીંધીને દમ મટાડે છે. મારા એક વડીલના પુત્રનો કાન વીંધીને એની વધરાવળ મટાડી દેવાયાનો હું સાક્ષી છું.

કેટલીક વખત આપણે સાંભળીએ છીએ કે પગે ઘી ઘસવામાં આવ્યું અને માથાના દુખાવાની ફરિયાદ હળવી થઇ ગઇ. પગને ગરમ પાણીમાં બોળવામાં આવે અને તાવની અસર ઓછી થઇ જાય. પગે ઘી અને મીઠું ઘસવામાં આવે અને તાવ ઊતરી જાય. આમ પગનો મગજ કે તાવ સાથે સંબંધ સ્વીકારાયો છે. પગે ગરમી લાગે અને તેને કારણે નાક વાટે પાણી ઝરવા માંડે છે, તો ક્યારેક પગની ગરમીને કારણે આંખમાં ગરમી દેખાય, પાણી ઝરે ને ઝાંખપ લાગે.

મોટી ઉંમરનાં સ્ત્રી-પુરુષોની એક ફરિયાદ હોય છે કે એમના પગની પાનીઓ ખૂબ જ કળે છે, બળે છે; કોઈક વખત પગનાં તળિયાં-

માં બળતરા થતી હોવાની ફરિયાદ કરે છે; અને પેશાબની છૂટ થતાં જ આવી બળતરા શાંત થઇ જાય છે એમ અનુભવ કહે છે.

મારાં પત્નીનો એક અનુભવ છે કે પેટમાં ભાર લાગે, ગૅસ થાય, શરીર ને કમર જકડાઇ જતાં લાગે ત્યારે એ છોકરાં પાસે પગનાં આંગળાં ખેંચાવે કે તરત જ એક પ્રકારની હળવાશ અનુભવે.

મારા એક મિત્ર પોલીસખાતામાં નોકરી કરે છે. તેના કહેવા મુજબ ગુનેગારને ગુના કબૂલાવવા માટે પગના તળિયે ચોક્કસ ભાગમાં પાતળી નેતરની સોટીનો માર મારવાથી ગુનેગાર રાંક બની જાય છે અને તરત જ એ સાચી વાત કહેવા તૈયાર થઈ જાય છે.

પગ એ તો માનવીનું બીજું મગજ છે. જ્ઞાનતંતુઓની સૌથી વધારે જીવંત જાગ્રત અને ચેતનવંતી રચના પગમાં જોવા મળી છે. અને આથી જ પગમાં સહેજ પણ ગલગલિયાં થાય, સહેજ પણ આઘાત થાય તો તરત જ માનવના સમગ્ર શરીર પર એની અસર થતી જોવા મળે છે. માનવીનો સમગ્ર જીવન-વ્યવહાર જ્ઞાનતંતુઓ દ્વારા જ ચાલે છે અને એનું પૂરક પ્રેરક સ્થાન શરીરના બે છેડા – માથું અને પગ છે. પગને કાવ્યશાસ્ત્રમાં ઉત્તમોત્તમ ઉપમાઓ આપવામાં આવી છે: ચરણકમળ, પાદપંકજ, પાદામ્બુજ, પાદારવિંદ આ બધાં નામનું સાર્થક્ય એમાં રહેલાં અનેક મુલાધાર ચક્રોમાં રહેલી શક્તિને આધારે છે. પગ માનવના આરોગ્યની ઉત્તમ જીવનદોરી છે. એના દ્વારા અનેક રોગો પેદા થાય છે, શરીરમાં પ્રસરે છે ને દરદને એક વિકૃત જગાએ પહોંચાડે છે. ડૉ. જે. એમ. લેની કહે છે કે, રોગવિજ્ઞાનમાં સૌથી ઘૃણાજનક રોગ રક્તપિત્ત પગ દ્વારા માનવ શરીરમાં દાખલ થાય છે અને પ્રસરે છે. પગનું આ રોગજન્ય સ્થિતિ પેદા કરનારું દર્શન છે.

પગ આયુર્વેદમાં મર્મસ્થાનની દૃષ્ટિએ વિચારમાં આવે છે. મગજ, આંખ, કાન, હૃદય, ફેફસાં પાચનતંત્ર, મૂત્રપિંડ, અંતઃસ્રાવી ગ્રંથિઓ ને જીવનમાં ઉપયોગી બનનાર અનેક નાનામોટા અવયવો ઉપર પગનો આ પ્રભાવ સ્વીકારાયો છે. પરંતુ આજની સંસ્કૃતિમાં ભાગ્યે જ પગનો વિચાર કરવામાં આવ્યો છે. આજે આપણી બહેનો ઊંચી એડીના બૂટ પહેરે છે. આપણે ભૂલી જઇએ છીએ કે આ પગની એડી ઊંચી રહેવાથી સ્ત્રીના પ્રજનન અવયવો ઉપર માઠી અસર થાય છે. સાદી ચંપલ પહેરીને ચાલી જુઓ, અને પછી ઊંચી એડીવાળા બૂટ પહેરીને ચાલો તો જણાશે કે એથી પેટ-પેઢુમાંના અવયવો પર એક પ્રકારનું દબાણ વધે છે, અને એની સીધી અસર મૂત્રાશય, મૂત્રપિંડ, ફલગ્રંથિ, ગર્ભાશય અને મૂત્રમાર્ગ પર થાય છે. લાગણીના ધક્કામાં જીવનારાં આજનાં લોકો આવા પ્રશ્નોનો સ્વસ્થ રીતે વિચાર નથી કરતાં, પણ એનો અર્થ એ નથી, કે એની કોઈ જ અસર નથી.

—'ચિકિત્સક'

(સ્ત્રીજીવન)

હિન્દુલગ્નનો ધાર્મિકવિધિ

હિન્દુસમાજમાં લગ્ન એક બહુ અગત્યનો ધાર્મિક સંસ્કાર ગણાય છે. બ્રાહ્મણોમાંની ઉચ્ચ ગણાતી જ્ઞાતિઓમાં જે ધાર્મિકવિધિ લગ્ન અંગે કરવાનો હોય છે તે સંક્ષેપમાં જોઇએ.

ખરી રીતે તો આ વિધિમાં મોટે ભાગે કન્યાના પિતા અને વર એ બેને જ વેદમંત્રો ઉચ્ચારવાના હોય છે. માત્ર વિવાહ-હોમના મંત્રો મોટે ભાગે લગ્નવિધિ કરાવનાર પુરોહિતને બોલવાના હોય છે. પણ હાલ તો બધું બોલવાનું પુરોહિત જ કરે છે; અને એ પુરોહિતોમાંના પણ નેવું ટકા મંત્રોના અર્થ સમજતા નથી હોતા, એટલે ઉતાવળથી ગાડું ગબડાવ્યે જાય છે.

મૂળ ગૃહ્યસૂત્ર નામના વેદના અંગ ઉપરથી આ સર્વે વિધિ થાય છે. આચાર અને લૌકિક રિવાજ તથા ક્રિયાઓનો આ લેખમાં ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

મધુપર્ક: લગ્નવિધિ શરૂ થયા અગાઉ વર અને કન્યા તેમજ કન્યાદાન દેનાર માતપિતા (અગર બીજું કોઈ વડીલ) સ્નાન કરે છે અને લગ્નવિધિને સ્થળે આવીને બેસે છે. કન્યાદાન દેનાર વરને મધુપર્કથી આવકાર દેતાં કહે છે: 'મધુપર્કથી સ્નાતક વરની હું પૂજા કરીશ.'

બ્રહ્મચારીના બે વર્ગ છે: ૧) નૈષ્ઠિક બ્રહ્મચારી–એટલે કે ગુરુને ત્યાં અભ્યાસ પૂરો કરી હમેશ ગુરુને ઘેર રહે અને બ્રહ્મચર્ય જ પાળે તે; ૨) ઉપકુર્વાણ બ્રહ્મચારી–વેદાદિનો અભ્યાસ પૂરો કરી, ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવા પોતાને ઘેર પાછો આવે તે. એ ઉપકુર્વાણ બ્રહ્મચારી પોતાને ઘેર જવા નીકળ્યા પહેલાં ગુરુને ઘેર સ્નાન વગેરેના ક્રિયા કરે ત્યારે તે સ્નાતક કહેવાય. એવા સ્નાતક વરને જ કન્યાદાન દેવાય એવો આર્યોનો નિયમ હતો. અર્થાત્ વિદ્યાભ્યાસ પૂરો કર્યા પછી જ તે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરી શકે. આ ઉપરથી જણાય છે કે બાળલગ્નો થાય નહિ, અને અભ્યાસ કરતો વિદ્યાર્થી અગર અભણ હોય એવાને કન્યાદાન દઇ શકાય નહિ.

મધુપર્કના વિધિમાં તે જમાનામાં જેમ બીજા માનનીય અતિથિની પૂજા કરવાનો રિવાજ હતો તેમ, સ્નાતકના પગ ધોવા, ચાંલ્લો કરવો, પુષ્પ અને પૂજાની બીજી સામગ્રીથી તેની પૂજા કરે છે; અને પછી મધુપર્ક (એટલે એક પળી ઘી, બે પળી દહીં અને અર્ધી પળી મધનું મિશ્રણ) તેને આપે છે. પછી તે 'ગૌ ગૌ ગૌ' (વર માટે ગાય આણો) એમ મોટેથી બોલે છે; પરંતુ વર કહે છે આ નિર્દોષ ઉપયોગી પ્રાણીને મારશો નહિ, એને છોડી મકો, એને ઘાસ આપો. (પૂર્વ કાળમાં ગાયનું માંસ મધુપર્કમાં આપવાનો ચાલ હશે પણ પાછળના આચારને લઇને ગાયને ન મારવાની વિનતિ તે કરે છે.)

કન્યાદાન: પછી કન્યા આવીને વરની જમણી બાજુએ બેસે છે. વરકન્યા બન્ને પૂર્વાભિમુખ બેસે છે. કન્યાદાન દેનાર પિતાની જમણી બાજુએ માતા બેસે છે, જે બન્ને ઉત્તરાભિમુખ બેસે છે. પિતા વર તથા કન્યાની પૂજા કરે છે અને બ્રાહ્મણોના આશીર્વાદ દેવાય છે. કન્યાનો પિતા કન્યાદાનનું નિવેદન કરે છે. કન્યાને વસ્ત્રાભૂષણથી શણગારેલી હોય છે અને તેને અમુક ભેટ આપવામાં આવે છે. બે જોડ કપડાં અને પગરખાં વરને પણ આપવાનાં હોય છે. પિતા 'હવે કન્યા મારી નથી' એમ કહી કન્યાનો જમણો હાથ વરના જમણા હાથમાં મૂકે છે. તે બે હાથની વચ્ચે દર્ભની એક સળી મૂકે છે. વરની માતા આ દાનને અનુમોદન આપે છે. પિતા કહે છે આ દાનનું પુણ્ય મને થાય. માતા કહે છે: 'મયાપિદત્તા' આ પછી દર્ભની સળી લઇ લેવામાં આવે છે.

પછી અનામિકા આંગળીથી કન્યાના જમણા ખભાને અડકી વર કહે છે: 'આ કન્યાને કોણ આપે છે, કોને આપે છે? કામ આપે છે, કામને આપે છે, કામ આપનાર છે, કામ પ્રતિગ્રહણ કરનાર છે. કામ, આ સહુ તારું છે.' આ વાક્યનું તાત્પર્ય એ છે કે આ બધું પ્રેમનું સામ્રાજ્ય છે, પ્રેમ આપનાર છે, લેનાર છે; આ સર્વ પ્રેમનો મહિમા છે.

કૌતુકગૃહ: કન્યાદાનનો વિધિ પૂરો થયા પછી વર-કન્યા ઘરમાં જ્યાં ગણપતિ તથા લગ્નમંડપ વગેરેનું ભીંત ઉપર આલેખન કરેલું હોય છે ત્યાં જાય છે. (આ સ્થળને હાલ 'કોબું' કહેવામાં આવે છે.) ત્યાં વરકન્યા એકબીજાને મીંઢળ બાંધે છે અને અન્યોન્ય આંખમાં કાજળ આંજે છે, તથા વર કન્યાને આરસી આપે છે. પછી કન્યાનો ઘૂમટો વર ઉઘાડી દે છે અને તેને હારડો (ટોપરાં, ડાંગર, ખારેક વગેરેનો બનાવેલો) પહેરાવે છે. વરને માથે મુકુટ મૂકવામાં આવે છે. પછી વર-કન્યા પાછાં વિવાહ–હોમ વિધિ માટે ચૅારીમાં આવે છે.

વિવાહહોમ: ત્યાં વરને ઊંચા આસન ઉપર બેસાડવામાં આવે છે અને તેની સાથે કન્યા વરની જમણી બાજુએ બેસે છે. પાસે વેદિમાં અગ્નિ પ્રદીપ્ત કરવામાં આવે છે. તેમાં ઘી નાખતા જઇ હોમની ક્રિયા કરવામાં આવે છે. કન્યાના પિતા અથવા ભાઇ કન્યાના માથા પર થોડું ઘી નાખે છે અને કહે છે: 'સાસરામાં રાજ્ય કરનારી થજે, સસરા પર રાજ્ય કરનારી થજે, સાસુ પર રાજ્ય કરનારી થજે, નણંદ પર રાજ્ય કરનારી થજે, જેઠ તથા દિયર પર રાજ્ય કરનારી થજે.' તે પછી વર કન્યાનો હાથ પકડી કહે છે: 'હું તારો સ્વીકાર કરું છું જેથી તું મને તારો પતિ માની મારી સાથે રહે. તને દેવોએ મને આપી છે જેથી હું ગૃહસ્થ બનું.' વળી વર કહે છે: 'જેમ "સામ" શબ્દમાં "સા અને મ" એકબીજા સાથે જોડાએલા અને એકબીજાના આધારભૂત અક્ષરો છે. તેમ આપણે બન્ને એકબીજા સાથે જોડાએલાં અને એકબીજાનાં આધારભૂત છીએ.'

પછી વરકન્યા અગ્નિની આસપાસ ચાર વખત પ્રદક્ષિણા કરે છે. પ્રદક્ષિણા શરૂ થાય ત્યાં એક પથરો મૂકવામાં આવે છે તેના પર કન્યા પગનો અંગૂઠો મૂકે છે, ને એ રીતે ફેરો શરૂ કરવામાં આવે છે. વર કહે છે: 'આ પથ્થર જેવી તું સ્થિર થજે.' વર આ દરેક વખતે કન્યા પાસે અગ્નિમાં આહુતિ મુકાવે છે અને કહે છે: 'આ સ્ત્રી પ્રાર્થના કરે છે કે હું વરના કુટુંબમાં કલ્યાણકારી થાઉં ને મારા પતિ દીર્ઘાયુષી થાય.'


સપ્તપદી: આ મહત્ત્વની વિધિમાં ચોખાની સાત નાની ઢગલી થોડેથોડે છેટે કરવામાં આવે છે. વર કન્યાનો હાથ ઝાલી દરેક પર તેના પગ મુકાવે છે અને કહે છે: 'પહેલું પગલું ભર અને મારા જલપાનની ભાગિયણ બન; બીજું પગલું ભર અને મારા અનાજ તથા ખોરાકની ભાગિયણ બન; ત્રીજું પગલું ભર અને મારાં ધન તથા માલમિલકતની ભાગિયણ બન; ચોથું પગલું ભર અને મારા આરોગ્યની ભાગિયણ બન. પાંચમું પગલુ ભર અને મારાં ઢોરઢાંખરની ભાગિયણ બન; છઠ્ઠું પગલું ભર અને દરેક ઋતુમાં મારી સોબતી બન; સાતમું પગલું ભર અને મારી સખી બન.' આ સાથે લગ્નવિધિ પૂરો થાય છે.

આ વિધિનો વિચાર કરતાં જણાશે કે આર્ય લોકોએ લગ્નને કેવો ઉન્નત અને પવિત્ર સંસ્કાર ગણ્યો હતો. 'આ સર્વ પ્રેમનું સામ્રાજ્ય છે' વગેરે બોલનાર વર બાળક કે કિશોર તો ન જ હોય. કન્યાનું સાસરામાં કેવું ઉચ્ચ સ્થાન આપવામાં આવ્યું છે! સાસરા પક્ષની તે દાસી નથી પણ તેમાં તેનું પ્રતિષ્ઠિત સ્થાન છે. વરની તે 'સખી' છે, રાંધનારી અને કેવળ પ્રજા ઉત્પન્ન કરનારી નથી.

આ વિધિ હાલ તો પરણનારાં, કન્યાદાન દેનારાં અને પુરોહિતો પણ સમજ્યા વિના ચલાવ્યે જાય છે, પરન્તુ એ જીવનનો અતિ ગંભીર પ્રસંગ છે. આ બધો વિધિ સંસ્કૃતમાં હોવાથી કોઇ સમજતું નથી, તો પછી એ ગુજરાતીમાં કરવામાં આવે એ વધારે ઈષ્ટ નથી? મધુપર્કના વિધિમાં વરની પૂજા—પાદપ્રક્ષાલન વગેરે—નો વિધિ છોડી દેવો જોઈએ. એ વિધિ વરના પિતાને અપમાનજનક લાગે છે.

કન્યાદાનનો વિધિ પણ આ જમાનામાં અસ્થાને છે. કન્યા કોઈ દાન આપવાનો પદાર્થ કે પ્રાણી હોય એવો ભાવ દર્શાવે છે તેથી તે રદ કરવાની જરૂર છે. કન્યા સાથે લગ્ન કરવામાં વર કન્યાના પિતા પર મોટો ઉપકાર કરે છે એવી લઘુગ્રન્થિ દૂર થવી જોઈએ. આજના જમાનામાં યુવક-યુવતી પોતે જાતે જ પોતાને કરવાનો વિધિ કરે એ જરૂરનું છે. પરંતુ હિંદુ લગ્ન કાયદા પ્રમાણે 'કન્યાદાન', 'વિવાહ-હોમ' વગેરે આવશ્યક ગણવામાં આવ્યા છે એટલે એ કાયદામાં ફેરફાર ન થાય ત્યાં સુધી એ બધું કરવાની જરૂર રહે છે. —ગ. ગો. મુ.

સ્વરછાપ



માણસના કાનને કેટલાક અવાજ એકસરખા લાગે છે. હકીકતે દરેક માણસના અવાજની અમુક ચોક્કસ ખાસિયત હોય છે. માણસ એ અવાજ તદ્દન ધીમેથી ઉચ્ચારે યા મોટેથી બૂમ પાડીને બોલે, પણ એની ખાસિયત બદલાતી નથી. અમુક સ્વર એ ગમે તે ભાષામાં ઉચ્ચારે તોયે એની એકસરખી જ અસર રહે છે. અવાજની આ અસર કે ખાસિયત પકડી પાડવા અમેરિકાની બેલ ટેલિફોન લૅબોરેટરીએ સ્પેક્ટ્રોગ્રામ નામનું એક વીજાણુ સાધન બનાવ્યું છે. કાન ન પકડી શકે એવા અવાજને પણ પકડી પાડીને તે એની એક પ્રત્યક્ષ સ્વરછાપ ઉપજાવે છે!

વ્યક્તિગત ખાસિયતને પકડી પાડતી આ સ્વરછાપ, માણસની ફિંગરપ્રિન્ટ (આંગળાં-છાપ) પેઠે દરેકની નિરનિરાળી જ હોઇ, એની સહાયથી માણસને ચોક્કસપણે ઓળખી પણ શકાય. એટલે ગુનાશોધનને ક્ષેત્રે પણ આ નવી શોધ કામ લાગી શકશે.

ઉપર્યુક્ત પ્રયોગશાળાના મિ. લૉરેન્સ કર્સ્ટાએ પંદર પુરુષો અને દસ સ્ત્રીઓ પાસે નાનાંનાનાં વિવિધ વાક્યો તથા ઓળખ માટેના પાયાના અમુક શબ્દોનું ઉચ્ચારણ કરાવી એની ૨૫૦૦૦ સ્વરછાપ લીધી હતી. આ બધી સ્વરછાપને પછી સેળભેળ કરી પેલા પાયાના શબ્દોના છાપને આધારે તેની તારવણી કરાવી. પેલી પચ્ચીસે વ્યક્તિના અવાજની છાપ અલગ પાડવાના આ પ્રયોગમાં ૯૭ ટકા સફળતા મળી. તારવણી કરનારાને જો આ કામની ખાસ તાલીમ આપી હોય તો પરિણામ આથી પણ વધુ ચોક્કસ આવી શકે.

મોંમાં કાંકરા ભરી બોલવાથી, દાંત પડી ગએલા બોખા મોંએ બોલવાથી કે કાકડા કપાવી નાખ્યા પછીના માણસના ઉચ્ચારણમાં જોકે થોડો ફેર પડે, પણ સ્વરછાપ લેવામાં એ બાધક નથી નીવડતો.


આ સાથે એક જ અંગ્રેજી શબ્દ YOUના ઉચ્ચારણની ત્રણ જુદી-જુદી વ્યક્તિઓની સ્વરછાપ આપી છે તેના પરથી તેની આગવી લાક્ષણિકતા જોઈ શકાશે. આ ક્ષેત્રે હવે વર્ગીકરણના ચોક્કસ નિયમો ને તારવણી માટેની તાલીમ આપવાની રહે છે. એક દિવસ એમ પણ કહેવાશે કે કાન કરતાં આંખ અવાજને વધુ સારી રીતે ઓળખી શકે છે! (ટૉપિક)

વૉટરવેલ્ડર: પાણીથી વળી ધાતુ સંધાય? હા. એ વસ્તુ પણ શક્ય છે. પાણી એ સક્રિય વાયુઓ હાઇડ્રોજન અને ઑક્સિજનનું બનેલું છે. અને આ વૉટરવેલ્ડર મૂળે તો ઑક્સિ-હાઇડ્રોજન જેનરેટર જેવું છે જે હાઇડ્રોજન અને ઑક્સિજન પેદા કરી યોગ્ય પ્રમાણમાં તેનું આપોઆપ મિશ્રણ કરીને ઊંચા ઉષ્ણતામાનની જ્યોત પેદા કરે છે.



ચિત્રકાર · કનૈયાલાલ યાદવ **સફરજન વેચનારાં**

ચિત્રને સમજાવતાં કલાકાર કહે છે : 'સબળ સંયોજનવાળા અને જાડી રેખાઓથી બંધાએલા આ ચિત્રની રંગરચના સુમધુર લાગે છે. ચિત્રમાં એક એક આકાર સાદગી પામી રચનામાં એકરૂપ થાય છે, ને આડી ઊભી કે વળાંકવાળી રેખાઓ પણ એક પ્રકારની ભાત રચે છે. ચિત્રમાં વપરાએલો લાલ રંગ ખરે જ વિષયસૂચક છે જે પ્રાણ સમાન છે. ચિત્રમાં આકારવિહીન જગ્યા પણ પોતાનું રંગોજ્જવલ વ્યક્તિત્વ પ્રગટ કરે છે.' (ગુજરાત રાજ્યના સૌજન્યથી)



શોભનમંડિત પ્રાચીન મૂર્તિ

ધાર્મિક મૂર્તિઓ પ્રતિ લોકલક્ષ આકર્ષવાના ઉદ્દેશથી તથા ભક્તિના ઉમળકાથી માણસે સર્વ દેશોમાં સર્વ કાળે કરેલો કલાનો અભિષેક મુગ્ધકર અને અદ્‌ભુત રહ્યો છે. એક પ્રાચીન ધાતુમૂર્તિ પરનો આ અભિષેક એની પ્રતીતિ કરાવે છે. પદ્મપાંખડી મંડિત કમલાસન, તકિયા તથા તેની પાછળની પીઠની હૃદ્ય કલારચના, મુખમંડળ પાછળનું સુશોભિત આભાચક્ર, તેની બંને બાજુના ચામરધારી નાગદેવતાના લલિત દેહવિન્યાસ, એ સર્વની ટોચે કારીગરીની પણ ટોચરૂપ સમૃદ્ધ શોભનમંડિત છત્ર—બધાં જ પ્રશંસાના ઉદ્‌ગાર કઢાવે એવાં છે.

◖. ફાઇબર ઑપ્ટિક્સ: તસવીર-કલાના ક્ષેત્રે આ નવું પ્રયાણ છે. ખૂણાનાં વળાંકમાં તસવીરો લેવી એ સામાન્ય રીતે પ્રકાશ અને દૃષ્ટિના નિયમોથી વિરુદ્ધ લાગે પણ વિજ્ઞાનીઓ હવે નળમાં જેમ પાણી પસાર થાય છે તે રીતે કાચ કે વળી શકે તેવા પ્લાસ્ટિકના હોઝને માર્ગે પ્રકાશ મોકલી શકે છે. આ હોઝના એક છેડાને કૅમેરા સાથે લગાડી બીજો છેડો જે વસ્તુની તસવીર લેવાની હોય તે તરફ નોંધી તસવીર લઇ શકાશે હોઝને ગમે તેમ અને ગમે તે દિશામાં વાળી શકાય છે, છતાં તેમાં થઇને પ્રકાશના પ્રસરણને વાંધો આવતો નથી.

◖ બ્રિટનમાં બ્રિસ્ટલ ખાતેની એક પેઢીએ એક મિનિટમાં ૧૦ ઇંચ ૧૦ ઈંચની ૨૦૦૦ કાગળની થેલી બનાવે તેવું યંત્ર બનાવ્યું છે. ઉપરાંત તેના ઉપર એકીસાથે ચાર રંગમાં છાપકામ પણ તે સાથે જ થઈ શકે છે. તેમાં થેલીને કાણાં પાડવાનાં, ગુંદર લગાવવાનાં અને અક્ષરો ઉપસાવવાનાં સાધનો ગોઠવવાની પણ સગવડો છે.

◖ ચેકની સહીઓ ચકાસવા હવે ટેલિવિઝનનો ઉપયોગ થાય છે. કૅશિયર ચેકના પૈસા આપતાં પહેલાં જ્યાં સહીઓની ફાઈલ રાખવામાં આવતી હોય ત્યાં ફોન કરે એટલે ત્યાંનો કારકુન સહીવાળુ કાર્ડ 'ટ્રાન્સમિટીંગ કૅબિનેટ'માં ગોઠવી દે છે, અને માત્ર ૨૦ સેકન્ડમાં જ કૅશિયર પોતાના ટેબલ પરના એક પડદામાં એ સહી જોઇને ચેક પરની સહીને એની સાથે સરખાવી લે છે.

◖. અમેરિકાના એક વિજ્ઞાની જણાવે છે કે સ્મૃતિ અને જ્ઞાનની ગ્રહણશક્તિનો આધાર માનવીના મગજના કોષોમાં રહેલા 'રિબોન્યુક્લીક ઍસિડ' (આર. એન. એ.) નામના તત્ત્વના પ્રમાણ ઉપર છે. માનસશાસ્ત્રી ડૉ. મૅકકોનેલ આ પ્રક્રિયાને ટેપ રેકૉર્ડિંગ સાથે સરખાવે છે. ટેપ-રેકૉર્ડિંગની પટ્ટીમાં જેટલી વધુ ખાલી જગ્યા હોય તેટલી વધુ નોંધ એમાં થઇ શકે. એવી જ રીતે આર એન.એ.નું પ્રમાણ જેમ વધુ એમ વ્યક્તિ વધારે યાદ રાખી શકે અને શીખી શકે.







ભારતની ત્રણ નવી ટપાલટિકિટો

આ માસની ૪થી તારીખે બહાર પડેલી પહેલી બે ટિકિટોમાં પ્રથમ ઓરિસ્સાનાલોકનેતા સ્વ. પં. ગોપબંધુદાસને સ્મરણાંકિત કરતી ને બીજી ભારતમાં મળેલા ૨૫મા પ્રાચ્યવિદ્યા વિશ્વસંમેલન નિમિત્તની છે. (મોકલનાર: કુ. રેણુકા ને કુ. હેમાંગિની – વિલેપારલે) ત્રીજી ટિકિટ દક્ષિણના સંત-સંગીતજ્ઞ પુરંદરદાસની ૪૦૦મી સંવત્સરી (૧૪ જાન્યુઆરી) નિમિત્તની છે.

આ માસ (જાન્યુઆરી) ઇતિહાસમાં • વ્યક્તિવિશેષ • પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : દીનબંધુ દામિયાં

ઓગણીસમી સદીની મધ્યમાં યુરોપમાં રગતપીતનો ભયંકર ચેપ ફેલાયો. પતના કમનસીબ રોગીઓ માટે



હવાઈટાપુઓમાં મોલોકઈ બેટ ઉપર એક દોજખ સમી વસાહત ઊભી કરાઈ. વરસે દાડે એકાદ વહાણ આવીને ત્યાં થોડી ચીજો ફગાવી જતું ને બળિયાઓ એ બથાવી પાડતા. બાકી બધા ઉપર આભ ને નીચે ધરતીને આશરે સડીસડીને મરી જતા.

એમની વચ્ચે સ્વેચ્છાએ જઈ વસનાર દીનબંધુ ફાધર દામિયાંના જીવનમાં ઇશ્વરને અર્પિત થએલા જીવનની ઠંડી તાકાતની, સેવાના ક્ષેત્રમાં એમણે કરેલા સમર્પણની પાછળ કઠોર અને નિર્વ્યાજ વીરત્વની પ્રતીતિ થાય છે.

મૂળ નામ જૉસેફ દૅાઇસ્તર. ઈ. ૧૮૪૦ની ૩જી જાન્યુઆરીએ બેલ્જિયમના એક ખેડૂતને ઘેર એનો જન્મ થયો. બચપણમાં માતાએ કહેલી સંતજીવનની કથાઓની એમના પર ઘણી ઊંડી છાપ પડી હતી. મોટીબહેન પોલિન સાધ્વી બની હતી. એથી નાનો ઑગસ્ત પણ સાધુ થવા માટે પારી(સ)માં ભણતો હતો. પિતાની ઇચ્છા નાના જૉસેફને ધંધામાં નાખવાની હતી. ઈ. સ. ૧૮૫૯માં જૉસેફે પિતા સાથે ભાઈ ઑગસ્ત (હવે ફાધર પાફિલ)ને મળવા ગયો. અને વિદાય વેળા જૉસેફે પિતાને પોતાનો નિર્ણય કહી દીધો કે, 'હું પણ હવે અહીં મઠમાં જ રહીશ.'

મઠમાં ધર્માભ્યાસ ને પ્રભુચિંતન કરતાં-કરતાં કોઇ અજાણ ભોમમાં દુખિયાંઓનો વિસામો થવાની એના અંતરમાં એષણાઓ જાગી. સંઘના સર્વોપરીને વિનતિપત્ર લખીને રજા મેળવી. ઇ. ૧૮૬૩ની ૧લી નવેમ્બરે એ યુવાન સાધુએ બેલ્જિયમ છોડયું.

હવાઇ ટાપુઓમાં દસેક વર્ષ કામ કર્યું. બાજુના જ મોલોકઈ ટાપુ પર રગતપીતિયાંઓની વસાહત હતી. પણ પાદરીઓને ત્યાં જવાની મનાઈ થઈ. શરીરનાં રોગીઓના આત્માને પણ હડધૂત કરતાં દામિયાંનું હૃદય કંપી ઊઠયું. કંઈ પણ સામગ્રી લીધા વિના તેઓ પેલા ઋગણોની સેવા કરવા એકલા જ ચાલી નીકળ્યા.

સ્વજનોએ પણ જેમને તજી દીધેલાં એ મૃત્યુને કાંઠે વસતાં રોગીઓ પોતાની વચ્ચે સ્વેચ્છાએ આવેલા દામિયાંનો સ્વીકાર કરતાં પણ અચકાતાં. એક વૃક્ષ તળે એ રહેતા. રાતે તેઓ પણ નીચે જમીન પર પડી રહેતા.

વહેલી સવારથી મોડી રાત સુધી તેઓ એમનાં સડેલાં અંગ સાફ કરી પાટાપીંડી કરતા; મરતા રોગી પાસે પ્રભુનું નામ લેતા; મરેલાને માટે જાતે કબર ખોદી એમને પોઢાડતા. એક વાર તોફાનમાં એમનાં ઝૂંપડાં ઊડી જતાં હોનોલુલુ જઈ લાકડાનાં મકાનો બંધાવી દેવા માટે પ્રયત્ન કર્યો. ટાપુ બહાર આવી પતનો ચેપ ફેલાવાની શક્યતા ઊભી કરવા બદ્દલ એમને સખત ધમકીઓ અપાઈ, છતાં એમને પાટિયાં પણ અપાયાં. જાતમહેનત કરી એમણે ત્રણસો ઝૂંપડાં બંધાવ્યાં. બગીચા પણ રચ્યા. માનવ શબ માટે કફનો બનાવ્યાં. પણ સૌથી વિશેષ તો એમણે ત્યાંના રોગીઓના આંતરજીવનને સુધારવાનું કર્યું. એ માણસોમાં એમણે ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા ઉતારી.

ઈ. ૧૮૮૫માં એક રવિવારે હર વખતની પેઠે 'પ્યારા ભાઇઓ'ના સંબોધનને બદ્દલે 'વી લૅપર્સ...—આપણે રગતપીતિયાં' કહી એમણે પોતાને પણ ચેપ લાગ્યાની જાહેરાત કરી.

ધીરે ધીરે ડાબો કાન સૂજી ગયો, ભમ્મરના વાળ ખરી ગયા. શરીર પર ચાંદાં પડવા માંડ્યાં. અને એ વખતે એમનું કાર્ય ઉપાડી લે તેવો એક સેવાભાવી સાધુ ઈરા ડટન ત્યાં આવી રહ્યો. પાછળથી એ બ્રધર જૉસેફ નામે ખ્યાત થએલો.

રોગ વધતો ચાલ્યો. પણ બાકી રહેલી થોડીશી જિંદગીમાં જાણે ઘણું કામ કરી લેવાની અધિરતા દામિયાંમાં પ્રકટી હતી. આખરે તદ્દન અશક્ત થઇ પથારીવશ થયા ને એ વર્ષ-૧૮૮૯ની ૧૫મી એપ્રિલે એમનું અવસાન થયું. મોલોકઇના જે વૃક્ષ તળે એમણે પ્રથમ આશરો લીધેલો ત્યાં જ દફનાવાની એમની ઇચ્છા અનુયાયીઓએ પૂરી કરી. પણ ઈ. ૧૯૩૬ની ૨૭મી જાન્યુઆરીએ એમના શબને ધામધુમથી સ્વદેશ લઇ જવાયું.

પ્રસંગવિશેષ : ચાર્લ્સ પહેલાનો શિરચ્છેદ, ૩૦મી જાન્યુઆરી, ઇ. સ. ૧૬૪૯

ઈ. ૧૬૨૫માં ચાર્લ્સ પહેલો ઇંગ્લંડની ગાદીએ આવ્યો. ઇલિઝાબેથના મરણ પછી સૌથી નજીકના વારસ તરીકે ઈંગ્લંડની ગાદી મેળવનાર સ્કૉટલૅન્ડના જેમ્સ પહેલાનો એ પુત્ર. પિતાની પેઠે એ પણ રાજાના દૈવી હક્કની ખુમારી રાખતો ને પરિણામે પાર્લામેન્ટ સાથે વારંવાર ઝઘડા થતા. ૧૬૨૮માં પાર્લામેન્ટે 'પિટીશન ઑવ રાઇટ'નો ખરડો રજૂ કરી રાજાના નિરંકુશ વ્યવહાર પર મર્યાદા મૂકવા ચાહી ને એથી ચિડાઈ ચાર્લ્સે એને બરખાસ્ત કરી દઈ પંડે રાજ ચલાવવા માંડયું. થોડાં જ વરસમાં નાણાંની ભીડ પડતાં એને પાર્લામેન્ટ બોલાવવી પડી. પણ નવી પાર્લામેન્ટ ને પ્રજા એની આપખુદીથી કોપિત થએલી હોઇ રાજા સામે લડવા તૈયાર થઇ ગઇ. ૧૬૪૨માં આંતરવિગ્રહ જાગ્યો. ઑલિવર ક્રૉમવેલ જેવા સમર્થ નેતા તથા તેના 'વજ્રકાય' સૈન્ય વડે પ્રજા જીતી. ઉમરાવોની સભાની ઉપરવટ જઇ આમની સભાએ ચાર્લ્સ પર મુકદ્દમો ચલાવ્યો ને તેને જુલમગાર, દેશદ્રોહી ને ખૂની ઠેરવી ઇ. ૧૬૪૯ની ૩૦મી જાન્યુઆરીએ એનો શિરચ્છેદ કર્યો. ચૂંટણીથી રચાએલી સભા ન્યાયની અદાલત બની જઈ રાજા પર કામ ચલાવી એને મારી નાખે એ એક દંગ કરી મૂકે એવી ઘટના હતી.



કષ્ટે આવે કર વિષે, તે ઝટ નવ વપરાય;
કષ્ટે વીંટી રહેરીએ, તે કષ્ટે જ કઢાય.

—દલપતરામ

ખલીફા હજરત અલી સાહેબ એક વખત રાત્રે રાજ્યનો હિસાબ તપાસતા હતા, ત્યાં કોઈ બે મિત્રો એમને મળવા આવ્યા. અલી સાહેબે ચાલુ દીવો બુઝાવી બીજો દીવો સળગાવી વાતો શરૂ કરી. એ પ્રત્યે આશ્ચર્ય બતાવતા મિત્રોને તેમણે કહ્યું, 'તમે આવ્યા ત્યારે હું રાજ્યનું કામ કરતો હતો, ને હવે આપણે અંગત કામ માટે મળ્યા છીએ. એથી હવે રાજ્યનું તેલ બાળું તો હું અપ્રામાણિક ગણાઉં.

અનેકાર્થી શબ્દ: ફૂલ = પુષ્પ; આનંદ કે ઉમંગ; મુસ્લિમોમાં મરણ પછી ત્રીજે દિવસે રખાતી ઊઠમણાની ક્રિયા; બળદની ખૂંધ; પતરાજી કે ગર્વ; એક પ્રકારનો માત્રામેળ છંદ; ત્રાંબા ને કલાઇના મિશ્રણથી થતી એક ધાતુ; આંખમાં બાઝતું છારીનું ટપકું-ફૂલું; ઔષધિને ગરમીની આંચ આપી ફુલાવીને પાડવામાં આવતા પાસા—જેમકે નવસારનાં ફૂલ; દારૂ કે શરાબ; સોપારીનો કાતરેલો ભૂકો; પુષ્પ આકારનાં, કાન નાક પગ વગેરેનાં ઘરેણાં; તલવારની મૂઠનો એક ભાગ; નાનું બચ્ચું; પ્રવાહી પદાર્થને સૂકવી જમાવેલાં પતરાં કે વરખ; બાર માંહેનું એક પ્રમેય; મૃત દેહનાં બળેલાં હાડકાંના અવશેષ; રવાઇનો ચાર પાંખિયાંવાળો છેડો; સત્ત્વ કે સાર; સ્ત્રીને આવતો માસિક અટકાવ; માછલું; શ્વેત કોઢ.

ગણિત ગમ્મત

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
૯	૮	૭	૬	૫	૪	૩	૨	૧
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
૯	૮	૭	૬	૫	૪	૩	૨	૧
							વત્તા	૨
૨	૨	૨	૨	૨	૨	૨	૨	૨

કહેવતનો અર્થ: 'ઓઠું જોઇને વરો કરીએ, ઓઠાં જોઇને નહિ'—લગભગ મળતા છતાં જુદા જ અર્થવાળા બે શબ્દોના આધારે રચાએલી વ્યવહારબોધની આ કહેવતમાં ઓઠું= ઓથ, આશરો; અને ઓઠાં =બીજાનો દાખલો, અનુકરણ. ઘણે સ્થળે જમણવાર હોય એવી તકનો આશરો લઇને વરો કરીએ તો ઓછું ખર્ચ થાય; પણ ફૂલણજી બનીને મોટા માણસને પગલે ચાલીએ તો ઊંડા ખાડામાં ઊતરી જઇએ; એવો જીવનની સામાન્ય નીતિરીતિ માટેનો એમાં પ્રબોધ છે.



અમેરિકાની કાર્નેલ યુનિવર્સિટીના વિજ્ઞાનીઓએ શોધ્યું છે કે પ્રકાશના પડદા જેવો દેખાતો ઉત્તર ધ્રુવ-પ્રકાશ (ઓરોરા બોરિલિસ) એ હકીકતે લાખો અલ્પજીવી કિરણોનો કે આયોનમય હવાના સ્તંભોનો સમૂહ છે.

ઈ. ૧૯૦૩માં યાંત્રિક શક્તિથી સૌ પ્રથમ ઊડનારા રાઈટ ભાઇઓથી યે એક મહિના પહેલાં ન્યૂઝીલૅન્ડના એક ખેડૂતે એ રીતે ઊડવામાં સફળતા મેળવી હતી એની ઘણાને ખબર નહિ હોય. જ્યૉર્જ બોલ્ટ નામે એ માણસે વાંસના બનાવેલા પોતાના હવાઇ જહાજમાં સફળ ઉડ્ડયન કર્યું હતું. બીજી વારના પ્રયત્નમાં એનું વિમાન તૂટી પડતાં એ માર્યો ગયો. હમણાં ભંગારમાંથી મળી આવેલા એક ઍંજિન પર નોંધ છે કે, 'આ ઍંજિને જ્યૉર્જ બોલ્ટના સફળ ઉડ્ડયનમાં બળ પૂર્યું છે. તા. ૧૫-૧૧-૧૯૦૩'.

ખોટી વાત

રોમ બળતું હતું ત્યારે નીરો સારંગી વગાડતો હોવાની કહેવત જૂઠી છે; કારણ સારંગી ત્યારે શોધાઈ પણ ન હતી!

ફોટોગ્રાફીનું કામ કરનારને એકાદ ડ્રૉપરની ખાસ જરૂર રહે છે. સાથેના ચિત્રમાં બતાવ્યા સુજબ બૂચમાં સામસામે છેડે ખાંચા પાડી દેતાં એવું ડ્રૉપર બની શકે. એવા બૂચવાળી કોઈપણ શીશીમાંથી પ્રવાહી ટીપે-ટીપે જ નીકળશે.



અથાણું

મોટા માણસોની હળવી વાતો

કવિ 'હાફિઝ' જાલંધરી એક મુશાયરામાં પોતાની ગઝલ શરૂ કરતા હતા. તેમણે કવિ ચિરાઘહસન 'હસરત'ને સંબોધતાં કહ્યું, 'જરા ધ્યાનથી સાંભળો, મેં એક શેર કહ્યો છે તે.'

લાગલા (હાફિઝ શરૂ કરે તે પહેલાં) જ હસરત બોલ્યા: 'હા, હા, કહો; મારી તો ઉમર જ મિસરા (કવિતાની કડી)ને દાદ દેવામાં ને જનાઝાઓને ખભો દેવામાં નીકળી ગઈ!'

નવી કહેવતો

થાણે ચડયો તે ચોર.
ગાંધીને નામે આંધી.
છૂપું નાણું કાં દાનમાં ને કાં ફંડમાં.
બહેરાને ગાળ કોણ કાઢે?
સુધરાઇનો બાંકડો, જે આવે તે બેસે.
ભીંતની કિંમત જાહેરખબરવાળાને.
ઉઘાડમથા પણ પાઘડી લે-દે.
રૂમની પાઘડી માથે ન પહેરાય.
કમાણી કરતાં કર વધારે.
'છોટમ'

સમાચાર

દખ્ખણના એક ન્યાયાધીશે એક ગુનેગારને એટલા માટે ફાંસીની સજા કરી છે કે તેને જિંદગીભર એ સજા યાદ રહે!

વ્યાખ્યા

'સરાસરી' શબ્દનો અર્થ કંઈક આવો થઈ શકે: જો એક માણસ પોતાનો એક પગ ધગધગતી તવી પર અને બીજો પગ બરફની પાટ પર રાખે તો "એ 'સરાસરી' સમધારણ આરામની સ્થિતિમાં છે" એમ કહી શકાય.

પોલીસ ચોકીમાં લાવવામાં આવેલા એક ઇસમે પોતાને શા માટે ત્યાં બોલાવવામાં આવ્યો છે એ પૂછતાં તેને ફોજદારે કહ્યું કે 'તમને પીવા માટે અહીં લાવવામાં આવ્યા છે.'

'ઓહ! તો તો સારું. વારુ, તો આપણે હવે ચાલુ કરી દઇએ.' ઈસમે કહ્યું.

'તમારી સાઈકલને પંકચર શાથી પડયું?'
'દવાની શીશી પર પૈડું ફરી વળતાં.'
'તે તમે એ બાટલી ન જોઇ?'
'કયાંથી જુએ? એ તો એ માણસના ખિસ્સામાં હતી.'

પ્રવાસી: ગામથી આટલું દૂર સ્ટેશન શા માટે બાંધ્યું હશે

સ્ટેશન માસ્તર: કેમ વળી? એટલું રેલવેના પાટાની નજીક રહે ને?